અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૨ ઓક્ટોબર ૨૦૨૫, રવિવાર | વર્ષ : ૧૭ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦

વિક્રમ સંવત ૨૦૮૧, આસો વદ ૬ | અંક : ૧૦૩ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### વડાપ્રધાન મોદીની ખેડૂતો માટે દિવાળી ભેટ

## વડાપ્રધાને ખેડૂતો માટે રૂ. ૪૨૦૦૦ કરોડની બે મોટી કૃષિ યોજના શરૂ કરી

### વડાપ્રધાન મોદીએ રૂ. ૨૪,૦૦૦ કરોડની પ્રધાનમંત્રી ધન ધન્ય કૃષિ યોજના અને રૂ. ૧૧,૪૪૦ કરોડની કઠોળ ઉત્પાદકતા મિશનનો પ્રારંભ કર્યો છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

દિવાળી પહેલા વડાપ્રધાન નરેન્દ્રમોદીએ ખેડૂતોને મોટી ભેટ આપી છે. વડાપ્રધાન મોદીએ ખેડૂતોને મોટી ભેટ આપતાં દિલ્હીના પુસા સ્થિત ભારતીય કૃષિ સંશોધન સંસ્થામાંથી કૃષિ ક્ષેત્રે રૂ. ૪૨,૦૦૦ કરોડની યોજનાઓ શરૂ કરી છે. તેમણે રૂ. ૨૪,૦૦૦ કરોડની પ્રધાનમંત્રી ધન ધન્ય કૃષિ યોજના અને રૂ. ૧૧,૪૪૦ કરોડની કઠોળ ઉત્પાદકતા મિશનનો પ્રારંભ કર્યો છે. કૃષિ, પશુપાલન, મત્સ્ય અને ફૂડ પ્રોસેસિંગ સેક્ટર માટે રૂ. ૫૪૫૦ કરોડ તેમજ અન્ય યોજનાઓ પાછળ રૂ. ૮૧૫ કરોડ ફાળવ્યા છે. કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ પણ આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. વડાપ્રધાન મોદીએ આજે વડાપ્રધાન ધન ધન્ય કૃષિ યોજનાનો પ્રારંભ કર્યો છે. આ યોજના ૩૬ સરકારી યોજનાઓને એકીકૃત કરે છે. ત્રણ પરિમાણોના આધારે આ યોજના માટે ૧૦૦ જિલ્લાઓની પસંદગી કરવામાં આવી છે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ કૃષિ ઉત્પાદકતા વધારવા, પાક વૈવિધ્યકરણને પ્રોત્સાહન આપવા અને ટકાઉ કૃષિ પદ્ધતિઓ સમાવિષ્ટ છે. આ યોજના ઓછી ઉપજ ધરાવતા વિસ્તારોને લાભ આપશે. દિલ્હીના પુસા સ્થિત ભારતીય કૃષિ સંશોધન સંસ્થામાંથી ખેડૂતો માટે એક સાથે બે યોજનાઓ શરૂ કરતા પીએમ મોદીએ કહ્યું કે આ બે યોજનાઓ ભારતના ખેડૂતોનું ભાગ્ય બદલવા માટે કામ કરશે. સરકાર આ યોજનાઓ પર ૩૫



હજાર કરોડ રૂપિયાથી વધુ ખર્ચ કરશે. ખેડૂતોના મહત્વ પર પ્રકાશ પાડતા પીએમ મોદીએ કહ્યું, કૃષિ અને ખેડૂતો હંમેશા આપણી વિકાસ યાત્રાનો એક ભાગ રહ્યા છે. બદલાતા સમય સાથે કૃષિ અને ખેડૂતોને સરકારી સહાય મળતી રહે તે ખૂબ જ મહત્વપૂર્ણ છે. પરંતુ કમનસીબે, અગાઉની સરકારે કૃષિ અને ખેડૂતોને તેમના હાલ પર છોડી દીધા હતાં. પરિણામે, ભારતની કૃષિ વ્યવસ્થા સતત નબળી પડી હતી. ૨૧મી સદીના ભારત માટે ઝડપી વિકાસ પ્રાપ્ત કરવા માટે તેની કૃષિ વ્યવસ્થામાં સુધારો કરવો જરૂરી હતો, અને આ ૨૦૧૪ પછી તેનો વિકાસ શરૂ થયો.

પીએમ મોદીએ વધુમાં કહ્યું, બીજથી લઈને બજાર સુધી અસંખ્ય સુધારા કરવામાં આવ્યા છે. પરિણામે, ભારત આજે દૂધ ઉત્પાદનમાં પ્રથમ ક્રમે છે. ભારત વિશ્વનો બીજો સૌથી મોટો માછલી ઉત્પાદક દેશ છે. ભારતમાં મધનું ઉત્પાદન ૨૦૧૪ની સરખામણીમાં બમણું થયું છે. દેશમાં છ ખાતર ફેક્ટરીઓ બનાવવામાં આવી છે. ૨૫ કરોડથી વધુ સોઈલ હેલ્થ કાર્ડ જાહેર કરવામાં આવ્યા છે. ૧૦ કરોડ હેક્ટર સુધી સૂક્ષ્મ સિંચાઈ સુવિધાઓ પૂરી પાડવામાં આવી છે. ખેડૂતો માટે પીએમ પાક વીમા યોજના હેઠળ આશરે ૨ લાખ કરોડ રૂપિયાના દાવા મંજૂર કર્યા છે. છેલ્લા ૧૧ વર્ષમાં ૧૦,૦૦૦ થી વધુ ખેડૂત ઉત્પાદક સંગઠનો (FPO) બનાવવામાં આવ્યા છે.

પીએમ મોદીએ કઠોળ સ્વ-નિર્ભરતા મિશન પણ શરૂ કર્યું છે. આ અંગે જણાવ્યું હતું કે, કઠોળ આત્મ નિર્ભરતા મિશન ફક્ત કઠોળ ઉત્પાદન વધારવાનું મિશન નથી, પરંતુ આપણી ભાવિ પેઢીઓને સશક્ત બનાવવાનું અભિયાન છે. છેલ્લા ૧૧ વર્ષથી સરકારે ખેડૂતોને સશક્ત બનાવવા કૃષિમાં રોકાણ વધારવાનો પ્રયાસ કર્યો છે. ખેડૂતોને સુધારેલા બિયારણો, સંગ્રહ સુવિધાઓ અને તેમના ઉત્પાદનની ખાતરીપૂર્વક ખરીદીનો સીધો લાભ મળશે.

### કોહલી-શર્માના રેકોર્ડ તોડ્યા

## શુભમન ગિલે ટેસ્ટમાં ૧૦મી સદી ફટકારી ઈતિહાસ સર્જ્યો

### ગિલ ટેસ્ટમાં કેપ્ટન તરીકે ૧૨ ઈનિંગ્સમાં સૌથી વધુ ૫૦થી વધુ સ્કોર બનાવનારો ત્રીજો ભારતીય કેપ્ટન બન્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

વેસ્ટ ઈન્ડિઝ સામે ચાલી રહેલી દિલ્હી ટેસ્ટ મેચના બીજા દિવસે ટીમ ઈન્ડિયાના કેપ્ટન શુભમન ગિલે સદી ફટકારી રેકોર્ડ સર્જ્યો છે. ગિલ ટેસ્ટમાં કેપ્ટન તરીકે ૧૨ ઈનિંગ્સમાં સૌથી વધુ ૫૦થી વધુ સ્કોર બનાવનારો ત્રીજો ભારતીય કેપ્ટન બન્યો છે. ગિલની આ સદી સાથે વિરાટ કોહલીનો રેકોર્ડ તૂટ્યો છે. કોહલીએ કેપ્ટન તરીકે ૧૨ ઈનિંગ્સમાં કુલ પાંચ વખત ૫૦થી વધુ રન બનાવ્યા હતા. જ્યારે ગિલે છ વખત કેપ્ટન તરીકે ૫૦થી વધુ રન બનાવવાની સિદ્ધિ હાંસલ કરી છે. ભારતના પ્રથમ દાવમાં ૧૩૦મી ઓવરના પાંચમા બોલ પર ગિલે ત્રણ રન ફટકારી પોતાની ૧૦મી ટેસ્ટ સદી પૂર્ણ કરી હતી. શુભમને ૧૩ ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી ૧૭૬ બોલમાં પોતાની આ સદી ફટકારી હતી. આ સાથે



કેપ્ટન તરીકે ૧૨ ઈનિંગ્સમાં ૫૦થી વધુ રન ફટકારનારો ત્રીજો ભારતીય ખેલાડી પણ બન્યો છે. ગિલ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશીપમાં ભારત તરફથી સૌથી વધુ રન ફટકારનારો બેટર પણ છે. તેણે સૌથી વધુ ૧૦ સદી ફટકારી છે. વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશીપમાં શુભમન ગિલ ૧૦ સદી સાથે ટોચનો ભારતીય ખેલાડી છે. રોહિત શર્મા નવ સદી સાથે બીજા ક્રમે, તો યશસ્વી જયસ્વાલ ૭ સદી સાથે ત્રીજા ક્રમે છે. તદુપરાંત ગિલ કેપ્ટન તરીકે આ વર્ષે પાંચ ટેસ્ટમાં સદી ફટકારવામાં પણ સફળ રહ્યો છે. ગિલે એક વર્ષમાં કેપ્ટન તરીકે સૌથી વધુ ટેસ્ટ સદી કરવામાં વિરાટ કોહલીની બરાબરી કરી છે. વિરાટ કોહલીએ ૨૦૧૮માં ટેસ્ટ મેચમાં પાંચ સદી ફટકારી હતી. ૨૦૧૭માં પણ કોહલીએ પાંચ, ૨૦૧૬માં ચાર સદી ફટકારી ટીમ ઈન્ડિયાનો એક વર્ષમાં સૌથી વધુ ટેસ્ટ સદી ફટકારનારો ખેલાડી રહ્યો હતો. ગિલે કેપ્ટન તરીકે સૌથી ઝડપી પાંચ ટેસ્ટ સદી ફટકારી ડોન બ્રેડમેનનો રેકોર્ડ પણ તોડ્યો છે. ડોન બ્રેડમેન કેપ્ટન તરીકે સૌથી ઝડપી પાંચ ટેસ્ટ સદી ૧૩ ઈનિંગમાં ફટકારી હતી. જ્યારે શુભમને ૧૨ ઈનિંગ્સમાં જ પાંચથી વધુ ટેસ્ટ સદી ફટકારી છે. વૈશ્વિક સ્તરની આ યાદીમાં પણ ગિલ ત્રીજો કેપ્ટન બન્યો છે. એલેસ્ટેયર કુકે નવ ઈનિંગમાં પાંચ સદી, સુનીલ ગાવસ્કરે ૧૦ ઈનિંગમાં અને શુભમન ગિલે ૧૨ ઈનિંગમાં પાંચ સદી ફટકારી છે.

## સુપરસ્ટાર પવન સિંહ બિહાર વિધાનસભા ચૂંટણી નહીં લડે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

પ્રખ્યાત ભોજપુરી ગાયક અને સુપરસ્ટાર પવન સિંહે જાહેરાત કરી છે કે તેઓ આગામી બિહાર વિધાનસભા ચૂંટણી નહીં લડે. તેમણે સ્પષ્ટતા કરી કે તેમનો ચૂંટણી લડવાનો કોઈ ઈરાદો નથી અને તેઓ ફક્ત પાર્ટીના સાચા સૈનિક રહેવા માંગે છે. તેમણે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ દ્વારા આ જાહેરાત કરી. પવન સિંહે પોતાની પોસ્ટમાં લખ્યું છે કે ભારતીય જનતા પાર્ટી (ભાજપ) માં જોડાવાનો તેમનો ઈરાદો ચૂંટણી લડવાનો નહોતો. તેમણે કહ્યું, "હું, પવન સિંહ, મારા ભોજપુરી સમુદાયને કહેવા માંગુ છું કે હું બિહાર વિધાનસભા ચૂંટણી લડવા માટે પાર્ટીમાં જોડાયો નથી, અને હું વિધાનસભા ચૂંટણી પણ લડવા માંગતો નથી." આ પોસ્ટ તેમના ચૂંટણી ન લડવા અંગેની અટકળોનો અંત લાવે છે. તાજેતરમાં, પવન સિંહની ભાજપના વરિષ્ઠ નેતાઓ સાથેની અનેક મુલાકાતો અંગેના અહેવાલો સામે આવ્યા છે, જે સૂચવે છે કે તેઓ આ વખતે ચૂંટણી લડી શકે છે. જો કે, હવે સ્પષ્ટ થઈ ગયું છે કે તેમનું ધ્યાન મુખ્યત્વે ભોજપુરી સિનેમા અને સંગીત પર રહેશે. આનાથી તેમના ચાહકોમાં રાહતની લાગણી ફેલાઈ છે.

### કેપ્ટન ગિલ ૧૨૯ રને અણનમ, જયસ્વાલના ૧૭૫ રન

## દિલ્હી ટેસ્ટમાં ભારતે ૫૧૮ રન પર દાવ કર્યો ડિકલેર

**ભારતીય ટીમ ટેસ્ટ શ્રેણીમાં ૧-૦ થી આગળ છે**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

ભારતીય કેપ્ટન શુભમન ગિલે ઈનિંગ્સ ડિકલેર કરી છે.૧૩૫મી ઓવરના બીજા બોલ પર ધ્રુવ જુરેલ (૪૪ રન) રોસ્ટન ચેઝ દ્વારા બોલ્ડ થયો. જુરેલના આઉટ થતાં જ કેપ્ટન ગિલે ઈનિંગ્સ ડિકલેરેશનનો સંકેત આપ્યો. ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે ટેસ્ટ શ્રેણીની બીજી મેચ દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમ ખાતે રમાઈ રહી છે. આજે (૧૧ ઓક્ટોબર) મેચનો બીજો દિવસ છે. ભારતીય ટીમે ૫ વિકેટે ૫૧૮ રન બનાવીને પોતાનો પહેલો દાવ ડિકલેર કર્યો હતો. શુભમન ગિલે અણનમ ૧૨૯રન બનાવ્યા હતા, જ્યારે યશસ્વીએ ૧૭૫ રન બનાવ્યા હતા. શુભમન ગિલના નેતૃત્વમાં ભારતીય ટીમે અમદાવાદમાં રમાયેલી શ્રેણીની પહેલી ટેસ્ટમાં વેસ્ટ ઈન્ડિઝને એક ઈનિંગ્સ અને ૧૪૦ રનથી હરાવ્યું. આમ, ભારતીય ટીમ ટેસ્ટ શ્રેણીમાં ૧-૦થી આગળ છે. મેચનો પહેલો દિવસ સંપૂર્ણપણે ભારતીય ટીમના પક્ષમાં હતો. ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધા પછી, યશસ્વી જયસ્વાલ અને કેએલ રાહુલે ટીમને મજબૂત શરૂઆત આપી, જેમાં ૫૮ રનની ઓપનિંગ ભાગીદારી થઈ. રાહુલ આખરે ૩૮ રન બનાવીને આઉટ થયો. ત્યારબાદ યશસ્વી અને સાઈ સુદર્શન વચ્ચે બીજી વિકેટ માટે ૧૯૩ રનની ભાગીદારી થઈ. યશસ્વીએ ૧૪૫ બોલમાં પોતાની સદી પૂરી કરી, જે ટેસ્ટ ક્રિકેટમાં તેની સાતમી સદી હતી.

## પાકિસ્તાનમાં પોલીસ ટ્રેનિંગ સ્કૂલ પર મોટો આતંકી હુમલો

### પોલીસના જણાવ્યા અનુસાર, પ્રતિબંધિત સંગઠન TTPના આતંકવાદીઓએ પોલીસ ટ્રેનિંગ સ્કૂલમાં ઘૂસીને મોટો હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વાં પ્રાંતના ડેરા ઈસ્માઈલ ખાન ખાતે પાકિસ્તાની સુરક્ષા દળોએ આતંકવાદી સંગઠન તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન (TTP) ના એક મોટા આત્મઘાતી હુમલાના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો હતો. આ અથડામણમાં સુરક્ષા દળોએ છ આતંકવાદીઓને ઠાર માર્યા હતા, પરંતુ સાથે જ ત્રણ પોલીસકર્મીઓએ જીવ ગુમાવ્યા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, પ્રતિબંધિત સંગઠન TTPના આતંકવાદીઓએ



પોલીસ ટ્રેનિંગ સ્કૂલમાં ઘૂસીને મોટો હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, પોલીસે જવાબી કાર્યવાહી કરીને આ હુમલાના પ્રયાસને સફળ થવા દીધો ન હતો અને આતંકવાદીઓને ઠાર માર્યા હતા. ડેરા ઈસ્માઈલ ખાનના ડીપીઓના નેતૃત્વમાં પોલીસે આ ઓપરેશન પાર પાડ્યું હતું. પાકિસ્તાનમાં તાજેતરના સમયમાં TTPના હુમલાઓ સતત વધતા જઈ રહ્યા છે. બીજી તરફ, અફઘાન તાલિબાન સાથેના સંબંધોમાં આવેલી કડવાશ પણ પાકિસ્તાન માટે મુશ્કેલી ઊભી કરી રહી છે.અન્ય એક ઘટનામાં શુક્રવારે પાકિસ્તાનના પંજાબ પ્રાંતના ચનાબ નગરમાં અહમદી સમુદાયની બેત-ઉલ-મહદી મસ્જિદ પર જુમ્માની નમાઝ પછી આતંકી હુમલો થયો હતો. આ હુમલામાં મસ્જિદના અનેક સ્વયંસેવકો ઘાયલ થયા હતા અને એક હુમલાખોર માર્યો ગયો હતો. આ ઘટના પાકિસ્તાનમાં અહમદી મુસ્લિમ સમુદાય પર વધી રહેલા લક્ષિત હુમલાઓનું તાજેતરનું ઉદાહરણ છે. સ્થાનિક પોલીસે તપાસ શરૂ કરી છે, જ્યારે સમુદાયે સરકાર પાસે દોષિતોની ઝડપી ધરપકડ અને કડક કાર્યવાહીની માંગ કરી છે.

## ટ્રમ્પના ટેરિફથી ક્રિપ્ટો માર્કેટ કડડભૂસ, બિટકોઇન-ઈથેરિયમ ધરાશાયી થયા

। મુંબઈ, તા.૧૧ ।

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ચીન પર વધારાનો ૧૦૦ ટકા ટેરિફ લાદવાની જાહેરાતથી ક્રિપ્ટો માર્કેટ કડડભૂસ થયું છે. અમેરિકા અને ચીન વચ્ચે ટ્રેડ વોર શરુ થવાની ભીતિ સાથે ક્રિપ્ટો માર્કેટમાં રોકાણકારોએ એક કલાકમાં જ છ અબજ ડૉલર (રૂ. ૫૦હજાર કરોડ) ગુમાવ્યા છે. ટ્રમ્પની ટેરિફ જાહેરાત બાદ ટોચની ક્રિપ્ટો કરન્સી બિટકોઈન ગઈકાલે શુક્રવારે સાંજે ૫.૨૦ વાગ્યે ૮.૪ ટકા તૂટી ૧૦૪૭૮૨ ડૉલર થયો હતો.જ્યારે ઈથેરિયમ ૫.૮ ટકા તૂટ્યો હતો.

## પાંચ મોટા ખેલાડીઓને રિલીઝ કરવાની તૈયારી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

IPL ૨૦૨૬ માટે તમામ ટીમોએ તૈયારીઓ શરૂ કરી દીધી છે. પાંચ વખતની ચેમ્પિયન ચેન્નાઈ સુપર કિંગ્સનું ગયા વર્ષે નિરાશાજનક પ્રદર્શન રહ્યું હતું અને આ વખતે ટીમ નવી યોજનાઓ સાથે જોવા મળી શકે છે.

એક અહેવાલમાં જણાવાયું છે કે ચેન્નાઈ સુપર કિંગ્સ ૨૦૨૬ મીની ઓક્શન પહેલાં તેના પાંચ મોટા ખેલાડીઓને રિલીઝ કરવાની તૈયારી કરી રહી છે. ચાહકો આ યાદી જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા છે. સીએસકેના ટ્રાન્સફર બિઝનેસે ખળભળાટ મચાવ્યો છે. જો કે, ફ્રેન્ચાઈઝે ઝડપથી મામલો પોતાના હાથમાં લીધો અને સોશિયલ મીડિયાનો ઉપયોગ કર્યો.

ક્રિકબઝના અહેવાલ મુજબ, રુતુરાજ ગાયકવાડની આગેવાની હેઠળની ટીમ સેમ કરન, દીપક હુડા, વિજય શંકર, રાહુલ ત્રિપાઠી અને ડેવોન કોનવે જેવા ખેલાડીઓને રિલીઝ કરવા માંગે છે.

## કોંગ્રેસ નેતાએ રાહુલ ગાંધી માટે કરી નોબલ પુરસ્કારની માંગણી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

વેનેઝુએલાના વિપક્ષી નેતા મારિયા કોરીના મચાડોને આ વર્ષેનો નોબેલ શાંતિ પુરસ્કાર મળ્યા બાદ કોંગ્રેસ પ્રવક્તા સુરેન્દ્ર રાજપૂતે તેમની સરખામણી કોંગ્રેસ નેતા અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી સાથે કરી નાખી છે. રાજપૂતે સંકેત આપ્યો કે જે રીતે મચાડોને તેમના દેશમાં લોકશાહી અધિકારો માટે સંઘર્ષ કરવા માટે આ સન્માન મળ્યું છે બરાબર એ જ રીતે રાહુલ ગાંધી પણ ભારતમાં બંધારણ બચાવવાની લડાઈ લડી રહ્યા છે. રાજપૂતે એક્સ પર મચાડો અને રાહુલ ગાંધીની એક તસવીર શેર કરતા લખ્યું કે આ વખતે નોબેલ શાંતિ પુરસ્કાર વેનેઝુએલાના વિપક્ષના નેતાને બંધારણની રક્ષા માટે મળ્યું છે. ભારતના વિપક્ષના નેતા રાહુલ ગાંધી દેશના બંધારણને બચાવવાની લડાઈનું નેતૃત્વ કરી રહ્યા છે. નોર્વેજિયન નોબેલ સમિતિએ મચાડોને તાનાશાહીથી લોકતંત્રમાં શાંતિપૂર્ણ બદલાવ અને લોકતાંત્રિક અધિકારો પ્રત્યે અતૂટ પ્રતિબદ્ધતા માટે આ સન્માનથી નવાજ્યા છે.



## ન્યુઝ બોક્ષ

### લિટલ ફ્લાવર સ્કૂલના પરિસરમાં જ વિદ્યાર્થીઓ વચ્ચે ગંભીર મારામારી થઈ

। (એજન્સી) વડોદરા, તા.૧૧ ।

વડોદરા શહેરમાં શિક્ષણ જગતને શર્મસાર કરતી એક ઘટના સામે આવી છે, જ્યાં લિટલ ફ્લાવર સ્કૂલના પરિસરમાં જ વિદ્યાર્થીઓ વચ્ચે ગંભીર મારામારી થઈ હતી. આ બબાલમાં શાળાના ધોરણ ૯ અને ધોરણ ૧૧ના વિદ્યાર્થીઓ સામસામે આવી ગયા હતા. સામાન્ય રીતે શાળામાં શિસ્તનું વાતાવરણ હોય છે, ત્યારે આ પ્રકારની મારામારી થતાં વાલીઓ અને અન્ય વિદ્યાર્થીઓમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે. આ મારામારી પાછળનું કારણ માત્ર ગાળો બોલવા જેવી સામાન્ય બાબત હોવાનું પ્રાથમિક તબક્કે જાણવા મળ્યું છે, જે યુવાનોમાં વધતી આક્રમકતા દર્શાવે છે. આ મારામારીની ઘટનામાં એક ધોરણ ૧૧ની વિદ્યાર્થિનીને પણ ઈજાઓ પહોંચી હોવાના અહેવાલ છે. જ્યારે આ ઘટનાનો ભોગ બનેલા અન્ય એક ધોરણ ૧૧ના વિદ્યાર્થીએ ગંભીર આક્ષેપ કર્યો છે. તેના પરિજનોના કહેવા મુજબ, ધોરણ ૯ના ૧૦ જેટલા વિદ્યાર્થીઓએ એકસાથે મળીને તેના પર હુમલો કર્યો હતો અને માર માર્યો હતો. શાળાના કમ્પાઉન્ડમાં આટલી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ વચ્ચે મારામારી થવી એ શાળા સંચાલકોની સુરક્ષા અને શિસ્ત જાળવણી સામે ગંભીર સવાલો ઊભા કરે છે.

### સાવલીમાં નકલી પોલીસ બની તોડ કરનાર ચાર આરોપી ઝડપાયા

। (એજન્સી) વડોદરા, તા.૧૧ ।

વડોદરા જિલ્લાના સાવલી તાલુકામાં નકલી પોલીસ બનીને તોડ (ખંડણી) કર્યાના એક ગંભીર મામલાનો ભેદ ઉકેલાઈ ગયો છે. મંજૂસર પોલીસની ટીમોએ સઘન તપાસના અંતે આ ગુનામાં સંડોવાયેલા ચાર આરોપીઓની ધરપકડ કરી છે.પોલીસે સીસીટીવી ફૂટેજ અને બાતમીદારોની મદદથી આ સમગ્ર કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો. પોલીસે ઝડપેલા આરોપીઓમાં વિશ્વ ઓડ, મેહુલ શેખ, ઈર્શાદ શેખ અને પવન ઓડનો સમાવેશ થાય છે. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે આ આરોપીઓએ સૌપ્રથમ રેકી કરી હતી અને ત્યારબાદ ડેરીના એક ટેમ્પાને રોકીને પોતે પોલીસ હોવાની ઓળખ આપી હતી અને તોડ કર્યો હતો. પોલીસે તેમની પાસેથી ૧ લાખ ૬૧ હજારની રિકવરી પણ કરી છે.જોકે, આરોપીઓનો અત્યાર સુધી કોઈ ક્રાઇમ રેકોર્ડ નથી, તેમ છતાં તેઓ નકલી પોલીસ બનીને આ પ્રકારના ગુના આચરતા હતા.

### વઢવાણ GIDCમાં ખાદ્ય તેલની ફેક્ટરીઓ પર દરોડા

। (એજન્સી) વઢવાણ, તા.૧૧ ।

તહેવારોની સિઝન વચ્ચે સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ GIDC (ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન) વિસ્તારમાં આજે પુરવઠા અધિકારી અને ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની ટીમો દ્વારા ખાદ્ય તેલની ફેક્ટરીઓ પર સર્વવ્યાપી દરોડા પાડવામાં આવ્યા હતા. આ દરોડાની કાર્યવાહીને પગલે સમગ્ર GIDC વિસ્તારના તેલ માફિયાઓ અને ખાદ્ય વસ્તુઓ બનાવતા ઉદ્યોગોમાં ભારે ફફડાટ ફેલાયો છે. લોકોના આરોગ્ય સાથે ચેડાં કરવામાં આવતા હોવાની શંકાના આધારે આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. તપાસ ટીમોએ વઢવાણ GIDCમાં આવેલી ગાયત્રી મિલ સહિતની અનેક મિલો પર કાર્યવાહીના આદેશ આપ્યા હતા. દરોડા દરમિયાન, ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા ફેક્ટરીઓમાં તૈયાર થતા ખાદ્ય તેલના નમૂનાઓ લેવામાં આવ્યા છે, જેને વધુ ચકાસણી માટે લેબોરેટરીમાં મોકલવામાં આવશે.

# ગુજરાતમાંથી ચોમાસાએ સત્તાવાર રીતે વિદાય લીધી, હવામાન વિભાગે કરી જાહેરાત

## આ વર્ષના ચોમાસામાં સુજલામ-સુફલામ અને સૌની યોજના દ્વારા ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર- કચ્છને પાણીનું વિતરણ કર્યું છે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।

રાજ્યમાંથી ચોમાસાએ સત્તાવાર રીતે વિદાય લીધી છે. હવામાન વિભાગ દ્વારા આ જાહેરાત કરવામાં આવી છે. હવામાન વિભાગ મુજબ ગુજરાતમાંથી ચોમાસું સંપૂર્ણપણે વિદાય લઈ ચુક્યું છે. આગામી સાત દિવસ રાજ્યનું વાતાવરણ સુકું રહેશે. ચોમાસાની સિઝન રાજ્યમાં સરેરાશ ૧૧૮.૧૨ ટકા જેટલો વરસાદ ખાબકી ચૂક્યો છે.

ગુજરાતમાં આ વર્ષે સરેરાશ ૧૧૮.૧૨ ટકા વરસાદ વરસ્યો છે. જ્યારે કચ્છ ઝોનમાં સૌથી વધુ ૧૪૮.૧૪ ટકા વરસાદ વરસ્યો છે. જ્યારે ઉત્તર ગુજરાતમાં ૧૨૧.૫૧ ટકા, મધ્ય ગુજરાતમાં ૧૧૭.૦૯ ટકા સરેરાશ વરસાદ ખાબક્યો છે. આ તરફ સૌરાષ્ટ્રમાં ૧૦૮.૬૦ ટકા અને દક્ષિણ ગુજરાતમાં ચોમાસાની સિઝનનો સરેરાશ ૧૨૩.૨૬ ટકા વરસાદ ખાબકી ચૂક્યો છે.

ગુજરાતમાં ૧૬ તાલુકા એવા છે જ્યાં ૧૦થી ૨૦ ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે. જ્યારે ૧૩૭ તાલુકા એવા છે જ્યાં ૨૦થી ૪૦ ઈંચ વરસાદ ખાબક્યો છે. ૯૮ તાલુકામાં ૪૦ ઈંચથી વધુ વરસાદ ખાબક્યો છે. આગામી ૩ દિવસમાં ગુજરાતના કેટલાક ભાગો અને મહારાષ્ટ્રના કેટલાક ભાગોમાંથી દક્ષિણપશ્ચિમ ચોમાસાની વિદાય થશે. ચોમાસાની વિદાય વચ્ચે પણ રાજ્યના કેટલાક જિલ્લાઓમાં વરસાદી ઝાપટા પડી શકે છે. રાજ્યમાં છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે.

આ વર્ષના ચોમાસામાં સુજલામ-સુફલામ અને સૌની યોજના દ્વારા ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છને પાણીનું વિતરણ કર્યુ છે. સુજલામ સુફલામ યોજનામાં 98 MCM (3431 MCFT) પાણી પૂરું પાડવામાં આવ્યું છે અને ૮૭૭ તળાવો ભરવામાં આવ્યા છે. સૌની યોજનામાં ૧૧૪ MCM (3992 MCFT) પાણી પૂરું પાડવામાં આવ્યું છે અને ૩૬ તળાવો, ૩૨૫ ચેકડેમ અને ૩૧ ડેમ ભરવામાં આવી રહ્યા છે તથા ૧૬૨ તળાવો, ૧૧૦૪ ચેકડેમ અને ૩૦ ડેમ ભરવામાં આવ્યા છે. સિંચાઈ વિભાગની જરૂરિયાતો અનુસાર તળાવો, ચેકડેમ, બંધો વગેરે ભરવા માટે પૂરતું પાણી સરદાર સરોવર ડેમ માંથી વિતરણ કરવામાં આવે છે. ચાલુ વર્ષે નર્મદા બંધનાં ઓવરફ્લોના સમય દરમિયાન પુષ્પાવતી, રૂપેણ, બનાસ, સરસ્વતી, સાબરમતી, વાત્રક, કુણ, કરાડ, દેવ અને હેરણ જેવી ૧૦ નદીઓમાં નર્મદાનું પાણી વહેવડાવી જીવંત કરવામાં આવેલું છે. ચાલુ ચોમાસાનાં સમયમાં નર્મદા યોજનાના રીવર બેડ પાવર હાઉસ તથા કેનાલ હેડ પાવર હાઉસમાં કુલ ૩૦૨ કરોડ યુનિટ વીજળી ઉત્પન્ન થયેલ છે. તેમજ અત્યાર સુધીમાં મહત્તમ ૧૦૫ કરોડ યુનિટ માસિક વિજળીનું ઉત્પાદન સપ્ટેમ્બર ૨૦૨૪ મા થયુ છે. અત્યાર સુધીમાં કુલ ૬,૮૧૦ કરોડ યુનિટ વીજળી ઉત્પન્ન થઈ છે.

### રાણીપમાં યુવકની હત્યા કેસમાં ખુલાસો

## પૈસાની લેતી દેતીમાં મિત્રોએ જ મિત્રને જન્મદિવસે મોતની ભેટ આપી!

**આ ઘટના અંગે DCP ઝોન-૨ ભરત રાઠોડે જણાવ્યું હતું કે, નરેશ ઠાકોરની રાણીપ અંધ કલ્યાણ કેન્દ્ર પાસે હત્યા થઈ હતી. મૃતકનો જન્મ દિવસ હતો.**

। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।

અમદાવાદના રાણીપમાં જાહેરમાં છરીના ઘા મારીને હત્યાને અંજામ આપવાના કેસમાં મોટો ખુલાસો થયો છે. એક મિત્રએ પૈસાની લેતી દેતીમાં જ પોતાના ખાસ મિત્રની હત્યા કરી નાંખી છે. મિત્રના જન્મ દિવસે મિત્રએ મોતની ભેટ આપી છે. પોલીસે હત્યારાઓ સામે ગુનો નોંધી તેમને ઝડપી પાડવા માટે વધુ તપાસ હાથ ધરી છે. મૃતકના પરિવારે આરોપીઓને કડક સજા થાય તેવી માગ કરી છે.પ્રાપ્ત વિગતો પ્રમાણે અમદાવાદના રાણીપ વિસ્તારમાં મિત્રોએ જ તેમના ખાસ મિત્ર નરેશ ઠાકોરની જાહેરમાં ઘાતકી હત્યા કરી નાંખી છે. મૃતક નરેશના પરિવારજનોએ કરેલા આક્ષેપ પ્રમાણે હત્યારા મિત્રોએ નરેશને તેના જન્મ દિવસે કેક કાપવાના બહાને બોલાવ્યો હતો. આ મિત્રતાની આડમાં જૂની અદાવતનો બદલો લેવાનું કાવતરૂ ઘડવામાં આવ્યું હતું. મૃતકના પરિવારે કહ્યું હતું કે, નરેશને બોલાવ્યા બાદ પૈસાની લેતી દેતી મુદ્દે માથાકૂટ થઈ હતી અને મામલો ઉગ્ર બનતાં તેની હત્યા કરી દેવાઈ હતી. પોલીસે સમગ્ર ઘટનાને લઈને તપાસ હાથ ધરી છે.

પોલીસના જણાવ્યા પ્રમાણે મૃતક નરેશ ઠાકોરને એક વર્ષ પહેલા પણ આરોપી મિત્રો સાથે બોલાચાલી થઈ હતી. જેથી જુની અદાવતનો બદલો લેવા માટે નરેશના જન્મ દિવસે તેના મિત્રોએ જાળ બિછાવી હતી. પોલીસે પરિવારજનોના નિવેદન પ્રમાણે ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે. આરોપી પ્રેમ ઠાકોર, સુમિત, રિતિક સાગર અને રિતિક ઠાકોર સામે પોલીસે હત્યાનો ગુનો નોંધી તેમની શોધખોળ શરૂ કરી છે. આ ઘટના અંગે DCP ઝોન-૨ ભરત રાઠોડે જણાવ્યું હતું કે, નરેશ ઠાકોરની રાણીપ અંધ કલ્યાણ કેન્દ્ર પાસે હત્યા થઈ હતી. મૃતકનો જન્મ દિવસ હતો. દિલિપ, સુજલ અને રવિ મૃતકના મિત્ર હતાં. દિલિપ અને અભિષેક વચ્ચે બોલાચાલી થઈ હતી. ત્યાર બાદ રિતિક, પિન્ટુ અને સુમિતને મૃતક નરેશ ઠાકોરે બોલાવ્યા હતાં. ત્યાર બાદ પ્રેમ ઠાકોર સાથે મૃતકને બોલાચાલી થઈ હતી. જેની અદાવતમાં પ્રેમ ઠાકોરે મૃતક નરેશને છરી મારી દીધી હતી. રિતિક અને પ્રેમ ઠાકોર સામે લૂંટના ગુના નોંધાયા છે. મૃતક સાથે આરોપીઓને ૧૦ હજારની લેતી દેતી મામલે બોલાચાલી થઈ હતી. પોલીસે આ ઘટનામાં ગુનો નોંધીને આરોપીઓને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે

### ઔદ્યોગિક શહેરમાં ઠગ દંપતીનો પર્દાફાશ

## અંકલેશ્વરમાં એક ઠગ દંપતીએ લોભામણી લાલચ આપી છેતરપિંડી આચરી

। (એજન્સી) અંકલેશ્વર, તા.૧૧ ।

ઔદ્યોગિક શહેર અંકલેશ્વરમાં એક ઠગ દંપતીએ લોભામણી લાલચ આપીને આશરે ૪૦ જેટલા લોકો સાથે લાખો રૂપિયાની છેતરપિંડી આચરી હોવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. પ્રાથમિક માહિતી મુજબ, જુલાઈ ૨૦૨૪ થી અત્યાર સુધીમાં આ દંપતીએ અનેક લોકોને વિવિધ યોજનાઓની લાલચ આપીને તેમના નામે બેંકોમાંથી લોન કઢાવી લીધી હતી. આ કૌભાંડનો ભાંડો ત્યારે ફૂટ્યો જ્યારે લોનના હપ્તા ભરપાઈ થવાનું બંધ થયું અને લોન લેનારા નિર્દોષ લોકોના નામે બેંકોની નોટિસ આવવાની શરૂ થઈ. આ મામલે પોલીસ ફરિયાદ થતાં, પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા અને ઠગ દંપતી પૈકી પતિ ભરત પટેલની ધરપકડ કરી છે. પત્નીને ઝડપી પાડવાના પ્રયાસો ચાલુ છે. પોલીસની પ્રાથમિક તપાસમાં ખુલાસો થયો છે કે આ દંપતીએ અત્યાર સુધીમાં આશરે ૧૭ લાખની છેતરપિંડી આચરી છે. સૌથી આશ્ચર્યજનક બાબત એ છે કે લોનના આ પૈસાનો ઉપયોગ આ દંપતી વૈભવી લાઈફ સ્ટાઈલ જીવવા માટે કરતું હોવાનો ખુલાસો થયો છે.પોલીસે આરોપી ભરત પટેલની ધરપકડ કરી વધુ પૂછપરછ અને તપાસ હાથ ધરી છે, જેમાં ઠગાઈનો આંકડો અને ભોગ બનનારા લોકોની સંખ્યા વધવાની શક્યતા છે. પોલીસે લોકોને આવી લોભામણી લાલચોથી દૂર રહેવા અને કોઈપણ દસ્તાવેજો પર સહી કરતા પહેલા સાવચેતી રાખવા અપીલ કરી છે.

### દિવાળીના તહેવારમાં ST બસો હાઉસફુલ! ૧.૭૪ લાખથી વધુ ટિકિટનું એડવાન્સ બુકિંગ

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૧ ।

તહેવાર સમયે એસટી બસમાં મુસાફરોનો ઘસારો જોવા મળતો હોય છે, ત્યારે અલગ-અલગ શહેરમાં વસતા લોકો પોતાના વતને જવા માટે એડવાન્સમાં જ બુકિંગ કરતા હોય છે. તેવામાં દિવાળીના તહેવારને લઈને ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ (GSRTC)માં મુસાફરીએ એડવાન્સમાં બુકિંગ કર્યું હોવાનું સામે આવ્યુ છે. જેમાં ૧૭ થી ૨૬ ઓક્ટોબરના સમયગાળા માટે કુલ ૧.૭૪ લાખ ટિકિટ અગાઉથી બુક કરવામાં આવી છે. મળતી માહિતી મુજબ, ૭ ઓક્ટોબરના રોજ, એક જ દિવસમાં ૬૮,૦૫૧ ટિકિટ બુક થઈ છે. જેનાથી કોર્પોરેશનને ૧.૯૩ કરોડ રૂપિયાની એડવાન્સ આવક થઈ હતી.

### બેદરકારી દાખવવામાં આવી હોવાના આક્ષેપ

## નબળી કામગીરીને પગલે બે માળની બિલ્ડિંગ નમી ગઈની ફરિયાદ ઉઠી

**સાતેક ફૂટ જેટલો ખાડો બે મહિનાથી ખુલ્લો હોય ત્યારે કોણે અને ક્યારે તથા શા માટે પરવાનગી આપી તે તપાસની માગણી થઈ છે**

। (એજન્સી) સુરત, તા.૧૧ ।

પાલિકાના લિંબાયત ઝોનની એક સોસાયટીમાં ચોમાસા દરમિયાન જ એક પ્લોટ માલિકે બાંધકામ માટે ખાડો ખોદ્યો છે જેના કારણે બાજુની બિલ્ડીંગ નમી ગઈ છે. આ કિસ્સામાં ઝોન દ્વારા બેદરકારી દાખવવામાં આવી હોવાના આક્ષેપ કરવામાં આવી રહ્યાં છે. વરસાદ પડતો હોય ત્યારે સાતેક ફૂટ જેટલો ખાડો બે મહિનાથી ખુલ્લો હોય ત્યારે કોણે અને ક્યારે તથા શા માટે પરવાનગી આપી તે તપાસની માગણી થઈ છે.

સુરત પાલિકાના લિંબાયત ઝોનમાં મદીના મસ્જિદ પાછળ શાસ્ત્રી ચોક સોસાયટી આવી છે. જેમાં લિબાયત જુની પોલીસ ચોકી આપી છે તેની બાજુમાં છેલ્લા બે મહિના કરતા વધુ સમયથી એક પ્લોટ માલિકે સાતેક ફુટ ઉંડો ખાડો ખોદ્યો છે. આ ખાડાના કારણે બાજુમાં ગ્રાઉન્ડ ફ્લોર તથા બે માળની બિલ્ડીંગ બેથી અઢી ઈંચ જેટલી નમી ગઈ છે તેવી ફરિયાદ થઈ છે. કોંગ્રેસના પૂર્વ કોર્પોરેટરે ઝોનના અધિકારીઓ સામે ગંભીર આક્ષેપ કર્યો છે અને કહ્યું છે આ ગેરકાયદેસર બાંધકામ ના ખાડા ના કારણે સ્થળ પર કોઈ અઘટિત ઘટના ઘટે તો એના માટે જવાબદાર માલિક, કોન્ટ્રાક્ટર અને ઝોનલ ઓફિસર જવાબદાર રહેશે. હજી પણ વરસાદ પડી રહ્યો છે ત્યારે આ ખાડો ખોદવા માટે પાલિકા દ્વારા મંજુરી ક્યા અને કેવી રીતે આપવામા આવી તે તપાસનો વિષય છે. પાલિકાના અધિકારીઓની બેદરકારીના કારણે નમી પડેલ મિલકત ના સામાન્ય પરિવાર ઘર વિહોણા બની શકે છે તેવો ભય વ્યક્ત કર્યો છે.

### માત્ર બે દિવસમાં ઉકેલાયો હત્યાનો ભેદ

## સુરતમાં નજીવી બાબતે ખેલાયો ખુની ખેલ!

**આ ગંભીર ગુનાનો ભેદ ઉકેલવા માટે સુરત ક્રાઈમ બ્રાન્ચે તાત્કાલિક ધોરણે અલગ-અલગ ટીમોની રચના કરી હતી અને યુદ્ધના ધોરણે તપાસ હાથ ધરી હતી**

। (એજન્સી) સુરત, તા.૧૧ ।

શહેરના વેસુ વિસ્તારમાં બે દિવસ પહેલા થયેલી એક યુવકની હત્યાનો ભેદ આખરે સુરત ક્રાઈમ બ્રાન્ચે ઉકેલી કાઢ્યો છે અને હત્યાના આરોપીની ધરપકડ કરી છે. ૯ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ વેસુના સુમન આવાસમાં આ ચકચારી ઘટના બની હતી, જેમાં બાબુ પટેલ નામના યુવકની હત્યા થઈ હતી. આ ગંભીર ગુનાનો ભેદ ઉકેલવા માટે સુરત ક્રાઈમ બ્રાન્ચે તાત્કાલિક ધોરણે અલગ-અલગ ટીમોની રચના કરી હતી અને યુદ્ધના ધોરણે તપાસ હાથ ધરી હતી. ક્રાઈમ બ્રાન્ચે આ કેસમાં ટેક્નિકલ સર્વેલન્સ, વિશ્વસનીય બાતમીદારો અને ઘટના સ્થળ તેમજ આસપાસના વિસ્તારોના CCTV ફૂટેજના ઝીણવટભર્યા વિશ્લેષણનો આધાર લીધો હતો. ત્યારે પોલીસની મહેનત રંગ લાવી અને હત્યારાની ઓળખ થયા બાદ તેઓને પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને અતુલ જનબહાદુર નામના ઈસમની ધરપકડ કરી છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, આરોપી અતુલ જનબહાદુર છેલ્લા પાંચ વર્ષથી સુરતમાં પાંડેસરા વિસ્તારના શાંતા નગરમાં રહેતો હતો. પોલીસે જ્યારે તેની ધરપકડ કરી ત્યારે તેના કબજામાંથી એક ચપ્પુ પણ મળી આવ્યું હતું, જેને તે પોતાની પાસે રાખતો હતો. હત્યા પાછળનું ચોંકાવનારું કારણ પણ હવે સ્પષ્ટ થયું છે. પોલીસ પૂછપરછમાં આરોપીએ જણાવ્યું કે, મૃતક બાબુ પટેલ સાથે અગાઉ બોલાચાલી થઈ હતી. આ બોલાચાલીની અદાવત રાખીને જ અતુલ જનબહાદુરે બાબુ પટેલની હત્યા કરી હોવાનું સામે આવ્યું છે. એટલે કે, એક નજીવી બોલાચાલીએ આ ગંભીર હત્યાના ગુનાને જન્મ આપ્યો હતો. સુરત ક્રાઈમ બ્રાન્ચે માત્ર બે દિવસમાં આ હત્યાના ગુનાનો ભેદ ઉકેલીને આરોપીને પકડી પાડતા પોલીસની કાર્યક્ષમતાની સરાહના થઈ રહી છે. હાલમાં પોલીસે આરોપી અતુલ જનબહાદુર વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે, તેવી માહિતી સુરત ક્રાઈમ બ્રાન્ચના ડીસીપી ભાવેશ રોઝીયાએ આપી છે.

## વિશેષ

### બાગાયતી પાકોમાં પ્રાકૃતિક કૃષિથી બાવળાના દેવાભાઈ મેળવે છે છથી આઠ ગણો નફો

# વિકાસ સપ્તાહ - સાફલ્યગાથા - અમદાવાદ જિલ્લો, રાજ્ય સરકારની કૃષિલક્ષી યોજનાઓથી અમદાવાદ જિલ્લાના ખેડૂતો સમૃદ્ધિના પંથે

। (માહિતી) અમદાવાદ ।

રાજ્યમાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ દિન-પ્રતિદિન વધી રહ્યો છે. વધુ ને વધુ ખેડૂતો આજે ફળ પાકો, શાકભાજી પાકો અને સામાન્ય પાકોમાં પ્રાકૃતિક કૃષિ થકી સારા પરિણામો મેળવી રહ્યા છે. રાજ્ય સરકારની વિવિધ સહાય યોજનાઓ થકી આજે ખેડૂતો સમૃદ્ધિના શિખરો સર કરી રહ્યા છે. અમદાવાદ જિલ્લાના બાવળા તાલુકાના દેવધોલેરા ગામના દેવાભાઈ ભીખાભાઈ કોળીપટેલ આવા જ એક ખેડૂત છે. હાલમાં સંપૂર્ણપણે પ્રાકૃતિક ખેતી કરી રહેલા દેવાભાઈની પરંપરાગત ખેતીમાંથી પ્રાકૃતિક કૃષિની સફર પ્રેરણાદાયી છે. દેવાભાઈ અગાઉ કપાસ અને ઘઉંની ખેતી કરતા હતા. સરકારી વિભાગો અને અન્ય ખેડૂતો પાસેથી પ્રેરણા મેળવીને, તેમણે પોતાની ૧.૧૩ હેક્ટર જમીનમાંથી ૧.૦૦ હેક્ટરમાં શાકભાજીના પાકોની સંપૂર્ણ પ્રાકૃતિક ખેતી શરૂ કરી હતી.





**પ્રાકૃતિક ખેતીથી દેવાભાઈની સમૃદ્ધિ ●**

રસાયણમુક્ત ઉત્પાદન: દેવાભાઈ હવે રીંગણ, ગુવાર અને ભીંડા જેવા શાકભાજી પાકોની ખેતી જીવામૃત અને બીજામૃતનો જ ઉપયોગ કરીને સંપૂર્ણપણે રસાયણમુક્ત પદ્ધતિથી કરે છે. ● ખર્ચમાં ઘટાડો, નફામાં વધારો: પ્રાકૃતિક ખેતીને કારણે તેમનો ખેતી ખર્ચ ઘટ્યો છે અને પરિણામે નફો વધ્યો છે. ● વર્ષ ૨૦૨૨-૨૩માં દેવાભાઈએ ₹7,000/- અંદાજીત ખેતી ખર્ચ સામે ₹60,000/- જેટલી આવક મેળવી હતી. આવકમાંથી ખર્ચ બાદ કરતાં ₹53,000/- નફો મેળવ્યો હતો. ● વર્ષ ૨૦૨૩-૨૪માં દેવાભાઈએ ₹8,500/- અંદાજીત ખેતી ખર્ચ સામે ₹65,000/- આવક મેળવી હતી. જેથી આવકમાંથી ખર્ચ બાદ ₹56,500/- જેટલો નફો મેળવ્યો હતો. ● એ જ રીતે, વર્ષ 2024-25માં ₹10,000/- અંદાજીત ખેતી ખર્ચ સામે દેવાભાઈએ ₹70,000/- આવક મેળવી હતી. આવકમાંથી ખર્ચા બાદ કરતાં ₹60,000/- જેટલો નફો મેળવ્યો હતો. આમ છેલ્લા ત્રણ વર્ષમાં બાગાયતી પાકોમાં પ્રાકૃતિક કૃષિ થકી દેવાભાઈએ છથી આઠ ગણો નફો મેળવ્યો છે. સરકારી યોજનાના લાભ થકી પ્રાકૃતિક કૃષિ કરતા સફળ ખેડૂત બન્યા દેવાભાઈ ●

દેવાભાઈએ બાગાયત ખાતા દ્વારા "શાકભાજી પાકોમાં પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન" તેમજ "ખેતર પરના ગ્રેડિંગ, શોર્ટિંગ, પેકિંગ એકમ ઉભા કરવા" માટેની યોજનાઓમાં સહાય મેળવી છે. ●

દેવાભાઈ તેમની શાકભાજીની પેદાશોનું સ્થળ પર જ શોર્ટિંગ, ગ્રેડિંગ અને પેકિંગ કરીને નજીકમાં બાવળા શહેર ખાતે વેચાણ કરે છે. પરંપરાગત ખેતીમાંથી પ્રાકૃતિક ખેતી તરફનું તેમનું પરિવર્તન તેમને આર્થિક અને સામાજિક રીતે સદ્ધર બનાવવામાં સફળ રહ્યું છે. તેમની આ સાફલ્યગાથા વિકાસ સપ્તાહના માધ્યમથી અન્ય ખેડૂતો માટે પ્રેરણારૂપ છે કે દવા/ખાતર વગર પણ ખેતીમાં મોટો નફો મેળવી શકાય છે. દેવાભાઈ તેમની શાકભાજીની પેદાશોનું સ્થળ પર જ શોર્ટિંગ, ગ્રેડિંગ અને પેકિંગ કરીને નજીકમાં બાવળા શહેર ખાતે વેચાણ કરે છે. પરંપરાગત ખેતીમાંથી પ્રાકૃતિક ખેતી તરફનું તેમનું પરિવર્તન તેમને આર્થિક અને સામાજિક રીતે સદ્ધર બનાવવામાં સફળ રહ્યું છે. તેમની આ સાફલ્યગાથા વિકાસ સપ્તાહના માધ્યમથી અન્ય ખેડૂતો માટે પ્રેરણારૂપ છે કે દવા/ખાતર વગર પણ ખેતીમાં મોટો નફો મેળવી શકાય છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## ક્રિકેટના મેદાનમાં લડાઈ બાદ પૃથ્વી શોએ મુશીર ખાનની માફી માગી

। (એજન્સી) મુંબઈ, તા.૧૧ ।

રણજી ટ્રોફી ૨૦૨૫ - ૨૬ ની શરૂઆત પહેલા મહારાષ્ટ્ર અને મુંબઈ વચ્ચે ત્રણ દિવસીય પ્રેક્ટિસ મેચ રમાઈ હતી. મહારાષ્ટ્રના ઓપનર પૃથ્વી શૉનો તેની જુની મુંબઈ ટીમના ખેલાડી મુશીર ખાન સાથે મેદાન પર ઝઘડ્યો હતો.જોકે, હવે આ વિવાદનો અંત આવી ગયો છે. રિપોર્ટ પ્રમાણે પૃથ્વી શો મુશીર સાથે મળ્યા અને માફી માંગી. ત્યારે ત્રીજા દિવસે મહારાષ્ટ્રની ઈનિંગ ચાલી રહી હતી, તો વિકેટ પડ્યા પછી પૃથ્વી શૉ ખુદ મુશીરની પાસે ગયો હતો. પૃથ્વીએ મુશીરને ગળે લગાવીને કહ્યું તુ મારો નાના ભાઈ જેવો છે. આ વિવાદ ત્યારે થયો, જ્યારે પૃથ્વી શૉ ૧૮૧ રનોની શાનદાર ઈનિંગ રમ્યા બાદ મુશીર ખાન દ્વારા આઉટ થયો હતો. ઈરફાન ઉમૈરે તેને કેચ આઉટ કર્યો હતો. મહારાષ્ટ્રની ઈનિંગ દરમિયાન વિકેટ પડ્યા પછી પૃથ્વી શો વ્યક્તિગત રીતે મુશીર પાસે ગયો. પૃથ્વીએ મુશીરને ગળે લગાવ્યો અને કહ્યું કે તે નાના ભાઈ જેવો છે. વિકેટ લીધા પછી, મુશીરે તેનો આભાર માન્યો, જેથી પૃથ્વી ગુસ્સે થયો. વીડિયો ફૂટેજમાં શોએ તેનું બેટ ઊંચું કરીને મુશીર તરફ આગળ વધતો જોવા મળ્યો હતો. ત્યારબાદ અમ્પાયરે પરિસ્થિતિ શાંત કરવા માટે દરમિયાનગીરી કરી. રિપોર્ટ પ્રમાણે, મુંબઈના ખેલાડીઓની સતત સ્લેજિંગથી પૃથ્વી શૉ નારાજ હતો. તેથી ગુસ્સામાં આવી તેણે બેટ ઉંચુ કરીને મુશીરનો કોલર પકડવાની કોશિષ કરી હતી. પૃથ્વી શો આ સિઝનમાં મહારાષ્ટ્ર માટે રમી રહ્યો છે.

## હિમાચલ ભાજપ પ્રમુખ રાજીવ બિંદલના મોટા ભાઈની દુષ્કર્મના કેસમાં ધરપકડ

। (એજન્સી) શીમલા, તા.૧૧ ।

હિમાચલ પ્રદેશ ભાજપના પ્રમુખ રાજીવ બિંદલના મોટા ભાઈ રામ કુમાર બિંદલ (૭૮)ની સોલન પોલીસે દુષ્કર્મના ગંભીર આરોપો હેઠળ ધરપકડ કરી છે. આ ચોંકાવનારી ઘટનામાં સોલન પોલીસે આરોપી સામે IPCની કલમ ૬૪ અને ૬૮ હેઠળ કેસ નોંધ્યો છે. આરોપી રામ કુમાર બિંદલ સોલનના સર્ક્યુલર રોડ પર રહે છે. અહેવાલો અનુસાર, પીડિતાએ આઠમી ઓક્ટોબરના રોજ સોલન મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પીડિતાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે તે લાંબા સમયથી બીમારીથી પીડાઈ રહી છે અને સાતમી ઓક્ટોબરના રોજ સોલનના જૂના બસ સ્ટેન્ડ નજીક એક ડોક્ટર પાસે સારવાર માટે ગઈ હતી. આ દરમિયાન ત્યાં હાજર રામ કુમાર બિંદલે પોતાને ડૉક્ટર તરીકે ઓળખાવ્યા હતા અને તેની તપાસ કરવાના બહાને મહિલા પર દુષ્કર્મ આચર્યું હતું. પીડિત મહિલા વિરોધ કરીને તરત જ પોલીસ સ્ટેશન ભાગી જવામાં સફળ રહી હતી અને ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મળ્યા બાદ પોલીસે તાત્કાલિક કાર્યવાહી શરૂ કરી હતી. પીડિતાનું નિવેદન કોર્ટમાં નોંધવામાં આવ્યું છે. એસપી સોલન ગૌરવ સિંહે માહિતી આપી હતી કે ટેકનિકલ પુરાવાઓનું પણ વિશ્લેષણ કરવામાં આવ્યું છે. પોલીસે આરોપી રામ કુમાર બિંદલની ધરપકડ કરી છે. તેમને કોર્ટમાં રજૂ કરવામાં આવશે અને આ મામલે વધુ તપાસ ચાલી

### સંપત્તિ જોઈને અધિકારીઓ પણ ચોંકી ગયા

# લોકાયુક્તની ટીમે એક નિવૃત્ત PWDના ઇજનેરની પ્રોપર્ટીમાં રેડ કરી હતી

### ભોપાલના મન્નીપુરમ કોલોનીમાં એક ઘરમાંથી ૮.૭૯ લાખ રોકડા, ૫૦ લાખના દાગીના અને ૫૬ લાખની FD મળી આવી

। (એજન્સી) ભોપાલ, તા.૧૧ ।

ભોપાલમાંથી ભ્રષ્ટાચારનો એક મોટો મામલો સામે આવ્યો છે. મધ્યપ્રદેશ લોકાયુક્તે એક નિવૃત્ત PWD (જાહેર બાંધકામ વિભાગ)ના મુખ્ય ઈજનેર જી.પી. મહેરાની ચાર પ્રોપર્ટી પર દરોડા પાડ્યા હતા. દરોડા દરમિયાન, એક ફાર્મહાઉસમાંથી મોટી માત્રામાં ગેરકાયદેસર રોકડ, મિલકત, સોનું અને ચાંદી, લક્ઝરી કાર અને ૧૭ ટન મધનો સ્ટોક મળી આવ્યો હતો. ભોપાલના મન્નીપુરમ કોલોનીમાં એક ઘરમાંથી ૮.૭૯ લાખ રોકડા, ૫૦ લાખના દાગીના અને ૫૬ લાખની ફિક્સ્ડ ડિપોઝિટ (FD) મળી આવી હતી. ઓપલ રીજન્સીના એક એપાર્ટમેન્ટમાંથી ૨૬ લાખ રોકડા, ૨.૬ કિલોગ્રામ સોનું (લગભગ ૩.૦૫ કરોડનું મૂલ્ય) અને ૫.૫ કિલોગ્રામ ચાંદી મળી આવી હતી. નર્મદાપુરમ જિલ્લાના સૈની ગામમાં એક ફાર્મહાઉસમાં આ રેડ દરમિયાન ચોંકાવનારા દ્રશ્યો સામે આવ્યા હતા. આ જગ્યાએથી લોકાયુક્ત ટીમને ૧૭ ટન મધ, બાંધકામ હેઠળના ૩૨ કોટેજ, ૭ પૂર્ણ થયેલા કોટેજ, ૯ ટ્રેક્ટર, લક્ઝરી વાહનો (ફોર્ડ એન્ડેવર, સ્કોડા સ્લેવિયા, કિયા સોનેટ અને મારુતિ સિયાઝ), માછલી ઉછેર માટેનું એક ખાનગી તળાવ, એક ગૌશાળા અને એક મંદિર મળી આવ્યું હતું. લોકાયુક્ત ટીમે ગોવિંદપુરા ઔદ્યોગિક વિસ્તારમાં કેટી ઈન્ડસ્ટ્રીઝ પર પણ દરોડા પાડ્યા હતા, જે મહેરાનું કમર્શિયલ ફ્રંટ જણાવવામાં આવી રહ્યું છે. ત્યાંથી ૧.૨૫ લાખ રોકડા, કાચો માલ અને કંપનીના દસ્તાવેજો મળી આવ્યા હતા. અત્યાર સુધીમાં જપ્ત કરાયેલી વસ્તુઓમાં ૩૬.૦૪ લાખ રોકડા, ૨.૬૪૯ કિલો સોનું, ૫.૫૨૩ કિલો ચાંદી, ફિક્સ ડિપોઝિટ, વીમા પોલિસી, શેરના અનેક દસ્તાવેજો, લક્ઝરી કાર અને રિયલ એસ્ટેટ મળી આવી છે. લોકાયુક્તના જણાવ્યા અનુસાર, સંપત્તિની ગણતરી હજુ પણ ચાલુ છે અને આ આંકડો અબજોમાં પહોંચી શકે છે.

### સુપ્રીમ કોર્ટે અરજી ફગાવી

# કફ સિરપથી થયેલા બાળકોના મોતની CBI તપાસ નહીં થાય

। નવી દિલ્હી, તા.૧૧ ।

સુપ્રીમ કોર્ટે આજે શુક્રવારે (૧૦મી ઑક્ટોબર) મધ્ય પ્રદેશ અને રાજસ્થાનમાં કફ સિરપ પીવાથી બાળકોના થયેલા કથિત મૃત્યુના મામલે સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI) તપાસની માંગ કરતી જાહેર હિતની અરજી (PIL)ને ફગાવી દીધી છે. કોર્ટે સ્પષ્ટતા કરી કે હાલની રાજ્ય ડ્રગ્સ સેફ્ટી સિસ્ટમ્સ આવા કેસોનો સામનો કરવા માટે પૂરતી છે. મુખ્ય ન્યાયાધીશ (CJI) બી.આર. ગવઈ, ન્યાયાધીશ ઉજ્જ્વલ ભૂયાન અને ન્યાયાધીશ કે વિનોદ ચંદ્રનની બેન્ચે આ પીઆઈએલ પર સુનાવણી હાથ ધરી હતી. આ પીઆઈએલ એડવોકેટ વિશાલ તિવારી દ્વારા દાખલ કરવામાં આવી હતી, જેમાં સીબીઆઈ તપાસ ઉપરાંત ફાર્માસ્યુટિકલ ઉત્પાદનોના વેચાણ અને ગુણવત્તા પર રાષ્ટ્રવ્યાપી કડક દેખરેખ રાખવાની માંગ કરવામાં આવી હતી. બેન્ચે શરૂઆતમાં અરજી પર નોટિસ જાહેર કરવાનું વિચાર્યું હતું, પરંતુ સોલિસિટર જનરલ તુષાર મહેતાએ ઉઠાવેલા વાંધાઓ સાંભળ્યા બાદ અરજીને ફગાવી દેવાનો નિર્ણય લીધો હતો. સોલિસિટર જનરલે કોર્ટમાં દલીલ કરી હતી કે, અરજદારે કોઈ નક્કર આધાર વિના, ફક્ત મીડિયા રિપોર્ટ્સના આધારે કેસ દાખલ કર્યો છે. તમિલનાડુ અને મધ્ય પ્રદેશે આ મામલે ગંભીર વલણ અપનાવ્યું છે, જેને ઓછું આંકી શકાય નહીં. અરજદાર દ્વારા અગાઉ પણ ૮-૧૦ જાહેર હિતની અરજીઓ દાખલ કરવામાં આવી હોવાનું ધ્યાનમાં લીધા બાદ બેન્ચે આ અરજીને રદ કરી દીધી હતી. આ ગંભીર ઘટના બાદ પશ્ચિમ બંગાળમાં પણ તકેદારીના પગલાં લેવામાં આવ્યા છે. પશ્ચિમ બંગાળ કેમિસ્ટ્સ એન્ડ ડ્રગિસ્ટ્સ એસોસિયેશન (BCDA) એ રાજ્યમાં કોલ્ડ્રિફ કફ સિરપના વેચાણ અને ખરીદીને તાત્કાલિક ધોરણે રોકવાનો નિર્દેશ આપ્યો છે. આ સૂચના ગુરુવારે તમામ છૂટક અને જથ્થાબંધ દવા વિક્રેતાઓને જાહેર કરવામાં આવી હતી. આ સમગ્ર વિવાદ મધ્ય પ્રદેશ અને રાજસ્થાનમાં કથિત રીતે કોલ્ડ્રિફ સિરપના સેવનથી બાળકોના થયેલા મૃત્યુ સાથે જોડાયેલો છે.



પ્રકાશિત થયેલી આ તસવીરમાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી નવી દિલ્હીના પુસા કેમ્પસ ખાતે 'પ્રધાનમંત્રી ધન ધાન્ય કૃષિ યોજના (PM-DDKY)' અને 'કઠોળમાં આત્મનિર્ભરતા માટેનું મિશન' નામની બે મુખ્ય કૃષિ યોજનાઓના લોન્ચ દરમિયાન સભાને સંબોધિત કરી રહ્યા છે.

### IPS પૂરન આત્મહત્યા કેસમાં મોટી કાર્યવાહી

# DGP શત્રુજીત સહિત ૧૪ અધિકારી સામે કેસ દાખલ



। (એજન્સી) ચંદીગઢ, તા.૧૧ ।

હરિયાણાના સિનિયર IPS અધિકારી વાય. પૂરન કુમારની આત્મહત્યાના બે દિવસ બાદ ચંદીગઢ પોલીસે ગુરુવારે રાત્રે મોડેથી મોટી કાર્યવાહી કરી. મૃતકના સુસાઇડ નોટમાં નામ આપેલા હરિયાણાના ઢ્ઢૅ શત્રુજીત કપૂર અને SP રોહતક નરેન્દ્ર બિજારણિયા સહિત કુલ ૧૪ અધિકારીઓ વિરુદ્ધ હ્વૈંઈ દાખલ કરવામાં આવી છે.

તમામ આરોપીઓ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની ધારા ૧૦૮ (આત્મહત્યા માટે ઉશ્કેરણી) અને SC/ST એક્ટની સંબંધિત કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે.

IPS પૂરન કુમારના પરિવારે સતત FIR નોંધવાની માંગ કરી હતી. તેમની પત્ની અને હરિયાણાના સિનિયર IAS અધિકારી અમનીત પી. કુમારને IAS લોબીનો પણ ટેકો મળ્યો હતો, જેમાં ઘણા અધિકારીઓ ગુરુવારે તેમના ઘરે ગયા હતા. પરિવારે ચેતવણી આપી હતી કે જ્યાં સુધી તમામ આરોપીઓ વિરુદ્ધ FIR દાખલ નહીં થાય ત્યાં સુધી તેઓ પોસ્ટમોર્ટમ નહીં થવા દે.

શરૂઆતમાં એવું કહેવામાં આવ્યું હતું કે પૂરન કુમારની પુત્રી અમેરિકાથી પાછી ફરવાની હોવાથી પોસ્ટમોર્ટમની પ્રક્રિયા અટકાવવામાં આવી હતી. ગુરુવારે તે પણ ચંદીગઢ પહોંચી ગઈ, પરંતુ FIR નોંધાયા પછી જ પોસ્ટમોર્ટમ શક્ય બન્યું. IAS અમનીત પી. કુમારે જાપાનથી પરત ફર્યા બાદ બુધવારે ચંદીગઢ સેક્ટર-૧૧ પોલીસ સ્ટેશનમાં પતિની સુસાઇડ નોટના આધારે ફરિયાદ નોંધાવી હતી. ૭ ઓક્ટોબરના રોજ પૂરન કુમારે સેક્ટર ૧૧ સ્થિત પોતાના ઘરે ગોળી મારીને આત્મહત્યા કરી હતી.

તેમણે ૮ પાનાની સુસાઇડ નોટ લખી હતી, જેમાં તેમણે આત્મહત્યા માટે વર્તમાન IAS શત્રુજીત કપૂર, SP રોહતક નરેન્દ્ર બિજારણિયા સહિત કેટલાક IPS અને IAS અધિકારીઓના નામ આપ્યા હતા, જેમાં બે પૂર્વ DGPનો પણ સમાવેશ થાય છે. સુસાઇડ નોટમાં તેમણે લખ્યું હતું કે તેમની સાથે ઘણા વર્ષોથી જાતિગત ભેદભાવ કરવામાં આવી રહ્યો હતો અને જ્યારે તેમણે અવાજ ઉઠાવવાનો પ્રયાસ કર્યો ત્યારે તેમને હેરાન-પરેશાન કરવામાં આવતા હતા.

### ધડાકાથી ધણધણી ઉઠ્યું કાબુલ

# અફઘાન વિદેશ મંત્રી ભારતમાં, પાકિસ્તાને મધરાતે કરી એરસ્ટ્રાઈક?

### ફાઈટર વિમાનો કાબુલના આકાશમાં જોવા મળ્યા હતા ધડાકા ડિસ્ટ્રિક્ટ ૮ અને અબ્દુલહક ચોક પાસે સંભળાયા

। (એજન્સી) કાબુલ, તા.૧૧ ।

અફઘાનિસ્તાનની રાજધાની કાબુલમાં ગુરુવારે રાતે એક બાદ એક થયેલા ધડાકાઓએ સમગ્ર શહેરને હચમચાવી દીધુ છે. સ્થાનિક મીડિયા રિપોર્ટ્સ મુજબ આ ધડાકા કાબુલના ડિસ્ટ્રિક્ટ ૮ અને અબ્દુલહક ચોક પાસે સંભળાયા. જ્યાં સરકારી કાર્યાલયો અને રહેણાંક વિસ્તારો છે. પ્રાથમિક અહેવાલો મુજબ તેને પાકિસ્તાન તરફથી કરાયેલી એરસ્ટ્રાઈક ગણાવવામાં આવી રહી છે પરંતુ કોઈએ પણ જવાબદારી લીધી નથી. અત્રે જણાવવાનું કે આ ઘટના એવા સમયે ઘટી છે જ્યારે અફઘાનિસ્તાનના વિદેશમંત્રી અમીર ખાન મુત્તકી ભારતના ઐતિહાસિક પ્રવાસે છે. તાલિબાને શાસન સંભાળ્યા બાદ ૨૦૨૧થી આ પહેલો પ્રવાસ છે જે બંને દેશો વચ્ચે આર્થિક અને કૂટનીતિક સંબંધોને મજબૂત કરવાનો સંકેત આપે છે. હવે કાબુલમાં થયેલા ધડાકાથી તણાવ વધી શકે છે. રાતે લગભગ ૧૨ વાગ્યાની આસપાસ કાબુલના પૂર્વ ભાગમાં જોરદાર ધડાકા થયા. સ્થાનિક રહીશોએ જણાવ્યું કે આકાશમાં વિમાનનો અવાજ સંભળાયો અને ધડાકા બાદ ફાયરિંગ થયું. અમુ ટીવી અને અન્ય અફઘાન મીડિયા સ્ત્રોત મુજબ આ હુમલો એક વિશેષ કમ્પાઉન્ડને નિશાન બનાવવા



માટે કરાયા હતા જ્યાં કથિત રીતે ટીટીપીના નેતા નૂર વલી મહેસૂદના છૂપાયેલા હોવાનો શક હતો. મહેસૂદ પાકિસ્તાની નાગરિક હતો અને તેના પર પાકિસ્તાનમાં અનેક હુમલાઓનો આરોપ છે. એક દિવસ પહેલા પાકિસ્તાનની સંસદને સંબોધિત કરતા રક્ષામંત્રી ખ્વાજા આસિફે અફઘાનિસ્તાનને ચેતવણી આપી હતી અને કહ્યું હતું કે, બસ હવે બહુ થઈ ગયું. અમારું ધૈર્ય જવાબ આપી ચૂક્યું છે. અફઘાનિસ્તાનની ધરતીથી આતંકવાદ અસહનીય છે. ખ્વાજા આસિફે વધુમાં કહ્યું કે તેમણે અને અન્ય વરિષ્ઠ અધિકારીઓએ ત્રણ વર્ષ પહેલા કાબુલનો પ્રવાસ કર્યો હતો અને શહેરથી સક્રિય આતંકવાદઓને પોતાના ઠેકાણા બંધ કરવાની ચેતવણી આપી હતી પરંતુ તેમને કોઈ નક્કર ગેરંટી મળી નહીં.

### ૮ કલાકની શિફ્ટ મુદ્દે દીપિકા પાદુકોણે મૌન તોડ્યું

# મેલ સુપરસ્ટાર્સને કેમ કોઈ સવાલ નથી કરતું : દીપિકા

### હું હમણાં કોઈનું નામ લેવા નથી માગતી અને આ બાબતને એટલો મોટો મુદ્દો બનાવવા નથી માગતી : દીપિકા

। (એજન્સી) મુંબઈ, તા.૧૧ ।

બોલિવૂડ એક્ટ્રેસ દીપિકા પાદુકોણ છેલ્લા ઘણા સમયથી વિવાદોમાં ઘેરાયેલી છે. તેની આઠ કલાક શિફ્ટની ડિમાન્ડ અને વધુ પૈસાની માંગણીના કારણે ઘણી કન્ટ્રોવર્સી ઊભી થઈ હતી. જેના કારણે દીપિકાને સાઉથની બે મોટી ફિલ્મો, સ્પિરિટ અને કલ્કી રમાંથી બહાર કરવામાં આવી હતી. એક્ટ્રેસના ફિલ્મમાંથી બહાર થવાના ઘણા કારણો સામે આવ્યા હતા.

દીપિકા પાદુકોણ પર ઘણા આરોપો લાગ્યા હતા. ઘણા લોકોએ તેની આ ડિમાન્ડ્સને અનપ્રોફેશનલ ગણાવી હતી. હવે લાંબા સમય બાદ એક્ટ્રેસે પોતાના પર લાગેલા તમામ આરોપો પર મૌન તોડ્યું છે. એક ઈન્ટરવ્યુમાં દીપિકાએ ઈન્ડસ્ટ્રીના બેવડા માપદંડો પર સવાલ ઉઠાવતા કહ્યું કે, એક મહિલા હોવાના કારણે જો આ દબાણ કરવા જેવું લાગે છે, તો ઠીક છે. પરંતુ આ કોઈ સીક્રેટ નથી કે ઈન્ડિયન ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ઘણા સુપરસ્ટાર, મેલ સુપરસ્ટાર વર્ષોથી આઠ કલાક કામ કરી રહ્યા છે અને આ બાબત ક્યારેય ચર્ચામાં નથી આવી. હું હમણાં કોઈનું નામ લેવા નથી માગતી અને આ બાબતને એટલો મોટો મુદ્દો બનાવવા નથી માગતી. પરંતુ એ વાત સામાન્ય છે, પબ્લિકલી ઘણા મેલ એક્ટર્સ



વિશે ખબર છે જે વર્ષોથી આઠ કલાક કામ કરી રહ્યા છે. તેમાંથી ઘણા સોમવારથી શુક્રવાર સુધી માત્ર આઠ કલાક કામ કરે છે. તેઓ વીકેન્ડ પર કામ નથી કરતા. મને લાગે છે કે મોટો મુદ્દો એ છે કે, ઈન્ડિયન ફિલ્મ ઈન્ડસ્ટ્રીને ઈન્ડસ્ટ્રી તો કહેવામાં આવે છે, પરંતુ આપણે વાસ્તવમાં ક્યારેય તે રીતે કામ નથી કર્યું. આ ખૂબ જ અવ્યવસ્થિત ઈન્ડસ્ટ્રી છે, અને હવે સમય આવી ગયો છે કે, આપણે તેમાં યોગ્ય વ્યવસ્થા અને સ્ટ્રક્ચર લાવીએ.દીપિકાની ૮ કલાક શિફ્ટ વાળી વાત ત્યારે સામે આવી જ્યારે તેને સંદીપ રેડ્ડી વાંગાની ''સ્પિરિટ'' ફિલ્મમાંથી કાઢી મૂકવામાં આવી હતી. એવું કહેવામાં આવી રહ્યું હતું કે, એક્ટ્રેસ પોતાની દીકરી દુઆને ઉછેરવા માટે મેકર્સ પાસે આવી ડિમાન્ડ્સ કરી રહી હતી, જે ડિમાન્ડ્સને તેણે નકારી કાઢી હતી.

### ભાજપ નેતા ચોથી વખત મનાવવા પહોંચ્યા

# બિહારમાં ચૂંટણી પહેલા ચિરાગ પાસવાનના રિસામણા

### ચિરાગ પાસવાન ૪૦-૫૦ બેઠકોની માંગ પર અડગ!

। (એજન્સી) પટના, તા.૧૧ ।

બિહાર વિધાનસભા ચૂંટણી અને પરિણામોની તારીખ જાહેર થયા બાદ નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (NDA)માં બેઠકોની વહેંચણીને લઈને ચાલી રહેલી ખેંચતાણ ચરમસીમાએ પહોંચી છે. NDAના આંતરિક વિવાદને ઉકેલવા માટે ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય મંત્રી નિત્યાનંદ રાયે શુક્રવારે (૧૦મી ઑક્ટોબર) ફરી એકવાર લોક જનશક્તિ પાર્ટી (રામ વિલાસ)ના વડા ચિરાગ પાસવાન સાથે મુલાકાત કરી હતી. ચિરાગ પાસવાનને મનાવવા માટે નિત્યાનંદ રાયની આ ચોથી મુલાકાત હતી. NDAની અંદર બેઠકોની વહેંચણીની ચર્ચાઓ અંતિમ તબક્કામાં છે, પરંતુ ચિરાગ પાસવાનની ૪૦-૫૦ બેઠકોની માંગણી વિવાદનું મુખ્ય કારણ બની રહી છે. જો કે, બંને નેતાઓ મુલાકાત બાદ હસતા જોવા મળ્યા હતા, જે ગઠબંધનમાં બધું બરાબર હોવાનો સકારાત્મક સંદેશ આપી રહ્યો છે. નિત્યાનંદ રાય સાથેની આજની બેઠક બાદ મીડિયા સાથે વાત કરતા ચિરાગ પાસવાને વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું કે, અમારી વચ્ચે વાતચીત સકારાત્મક અને અંતિમ તબક્કામાં છે. બેઠકોની વહેંચણી ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે. જ્યાં સુધી વડાપ્રધાન નરેન્દ્ર મોદી છે, ત્યાં સુધી મને મારી પ્રતિષ્ઠાની ચિંતા નથી. ભાજપ નેતા નિત્યાનંદ રાય જે બિહારમાં ભાજપના પ્રભારી છે, તે NDAના સાથી પક્ષો વચ્ચે બેઠકોની વહેંચણી માટે વાટાઘાટો કરી રહ્યા છે. માત્ર LJP (રામ વિલાસ) જ નહીં, પરંતુ હિન્દુસ્તાની અવામ મોરચા જેવા અન્ય NDA પક્ષો પણ ૧૫ બેઠકોની માંગ કરી રહ્યા છે, જેના કારણે બેઠકોની વહેંચણી વધુ જટિલ બની છે. ચિરાગ પાસવાનની પાર્ટીમાં પણ બેઠકોની વહેંચણીને લઈને આંતરિક તણાવ હોવા છતાં, પાર્ટી ચૂંટણીમાં NDA સાથે રહેવા માંગે છે. ચિરાગે અગાઉ સ્પષ્ટ કર્યું હતું કે તે કેન્દ્રીય મંત્રી પદ પર રહેશે અને ચૂંટણીની તૈયારીઓ પર ધ્યાન કેન્દ્રિત કરશે. NDA ટૂંક સમયમાં બેઠક વહેંચણીની અંતિમ જાહેરાત કરે તેવી શક્યતા છે. બિહાર વિધાનસભા ચૂંટણની વાત કરીએ તો રાજ્યમાં કુલ ૨૪૩ વિધાનસભા બેઠક માટે બે તબક્કામાં ચૂંટણી યોજાશે. જેમાં પ્રથમ તબક્કાની ચૂંટણી છઠ્ઠી નવેમ્બરના રોજ અને બીજા તબક્કાની ચૂંટણી ૧૧મી નવેમ્બરના રોજ યોજાશે.

### આ વખતે આયોજન ભારતમાં જ થઈ શકે છે

# IPL ની હરાજી ૧૩ થી ૧૫ ડિસેમ્બર વચ્ચે થઈ શકે છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

આઈપીએલ ૨૦૨૬ની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. ભલે ઈન્ડિયન પ્રીમિયમ લીગની આગામી સિઝન હજુ દૂર હોય, પરંતુ તે પહેલા ઓક્શન થસે અને ટીમો ખેલાડીઓને રિટેન પણ કરશે. આ વચ્ચે આઈપીએલની આગામી સિઝન પહેલા કેટલીક તારોખી સામે આવી છે, જે મહત્વની છે.

આ હરાજી ઈન્ડિયન પ્રીમિયર લીગની આગામી સીઝન પહેલા થશે. જોકે, આ વખતે મેગા નહીં પણ મીની હરાજી યોજાશે. ક્રિકબઝના એક અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે હરાજી ૧૩ થી ૧૫ ડિસેમ્બરની વચ્ચે થશે. જ્યારે BCCI અને IPL ગવર્નિંગ કાઉન્સિલે હજુ સુધી કોઈ તારીખ નક્કી કરી નથી, એવું માનવામાં આવે છે કે આમાંથી એક તારીખ ટૂંક સમયમાં જ નક્કી કરવામાં આવશે અને તેની જાહેરાત કરવામાં આવશે.

આઈપીએલમાં સૌથી પહેલા બે સિઝન સુધી હરાજી એટલે કે ઓક્શનનું આયોજન ભારતની બહાર થયું હતું, પરંતુ આ વખતે મિની ઓક્શન હોવાને કારણે તેનું આયોજન ભારતમાં જ થઈ શકે છે. હરાજી કોલકત્તા કે બેંગલુરૂમાં યોજાઈ શકે છે, પરંતુ જો કોઈ નવું સ્થળ સામે આવે તો ચોંકાવનારી વાત નથી.

આ વચ્ચે તે પણ સામે આવ્યું છે કે આઈપીએલ ટીમ પોતાના જે પણ ખેલાડીઓને રિટેન કરવા ઈચ્છે છે તેની છેલ્લી તારીખ ૧૫ નવેમ્બર નક્કી કરવામાં આવી છે. આ દિવસે તમામ ૧૦ ટીમોએ પોતાના રિટેન અને રિલીઝ ખેલાડીઓનું લિસ્ટ બીસીસીઆઈને સોંપવું પડશે.

આ વચ્ચે કઈ ટીમ ક્યા ખેલાડીઓને રિલીઝ કરશે તેની વિગત તે દિવસે સામે આવશે. પરંતુ મિની ઓક્શન પહેલા દરેક ટીમમાં મોટા ફેરફાર થવાની સંભાવના છે. જે ટીમોનું પ્રદર્શન આઈપીએલ ૨૦૨૫મા ખરાબ રહ્યું હતું, તેમાં ફેરફારની સંભાવના વધુ છે. તેમાં મુખ્ય રૂપથી ચેન્નઈ સુપર કિંગ્સ અને રાજસ્થાન રોયલ્સનું નામ આવે છે. કેટલીક અન્ય ટીમો પણ ફેરફાર કરવાના મૂડમાં છે, પરંતુ હજુ સુધી ખેલાડીઓના નામ સામે આવ્યા નથી. જે ટીમોનું પ્રદર્શન આઈપીએલ ૨૦૨૫મા ખરાબ રહ્યું હતું, તેમાં ફેરફારની સંભાવના વધુ છે. તેમાં મુખ્ય રૂપથી ચેન્નઈ સુપર કિંગ્સ અને રાજસ્થાન રોયલ્સનું નામ આવે છે. કેટલીક અન્ય ટીમો પણ ફેરફાર કરવાના મૂડમાં છે, પરંતુ હજુ સુધી ખેલાડીઓના નામ સામે આવ્યા નથી.

## તંત્રી લેખ...

# લોકોને નહીવત ખર્ચે અને ઓછા પ્રયાસે ઝડપી ન્યાય મળવો જ જોઈએ : ગવઈ

ભારતના લોકો પ્રતિ ન્યાયપાલિકા, ધારાસભા અને વહીવટીતંત્રના અભિગમ અંગે વાત કરતાં ભારતના ચીફ જસ્ટિસ બી.આર. ગવઈએ કહ્યું હતું કે, લોકોને નહીવત ખર્ચમાં અને ઓછા પ્રયાસ સાથે ઝડપથી ન્યાય મળે તે માટે ન્યાયપાલિકા, ધારાસભા અને વહીવટીતંત્ર કટિબદ્ધ છે. ઈટાનગર ખાતે ગૌહાટી હાઈકોર્ટના નવા સંકુલના ઉદઘાટન પ્રસંગે ચીફ જસ્ટિસે જરૂરિયાતમંદોને ઘરઆંગણે ન્યાય પહોંચાડવા માટે વિકેન્દ્રિકરણની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. ચીફ જસ્ટિસે ગૌહાટી હાઈકોર્ટના ચીફ જસ્ટિસની પ્રશંસા કરતા કહ્યું હતું કે, તેમના પ્રયાસોથી લોકો માટે ન્યાય મેળવવાનું સરળ બન્યું છે. સ્વતંત્રતા છેલ્લા ૭૫ વર્ષમાં અનેક પડકારો દેશ સામે આવ્યા છે, પરંતુ આપણો દેશ મજબૂત રહ્યો છે અને વિકસિત રાષ્ટ્ર બનવાના માર્ગે આપણે આગળ વધી રહ્યા છે. અરુણાચલ પ્રદેશમાં ૨૬ મુખ્ય જનજાતિ અને ૧૦૦થી વધુ પેટા જનજાતિઓ છે. સરકારે વિવિધતામાં એકતા સાથે પરંપરાગત સંસ્કૃતિ અને રીત-રિવાજોને જાળવી રાખવા તમામ પ્રયાસ કર્યા છે. સંસ્કૃતિ અને પરંપરાનું જતન થાય તો જ દેશનો વિકાસ થઈ શકે તેવું જણાવતા ચીફ જસ્ટિસ ગવઈએ કહ્યું હતું કે, બંધારણે પણ તમામ લોકો અને સમાજોની સંસ્કૃતિને જાળવવાનું ધ્યેય રાખ્યું છે. અરૂણાચલ સહિતના નોર્થ ઈસ્ટ રાજ્યોની વાત રતાં તેમણે જણાવ્યું હતું કે, બંધારણે આ વિસ્તારના જનજાતિ સમુદાયને રક્ષણ આપવા માટે વિશેષ જોગવાઈઓ કરી છે. સરકારે વિવિધતામાં એકતા સાથે પરંપરાગત સંસ્કૃતિ અને રીત-રિવાજોને જાળવી રાખવા તમામ પ્રયાસ કર્યા છે. સંસ્કૃતિ અને પરંપરાનું જતન થાય તો જ દેશનો વિકાસ થઈ શકે તેવું જણાવતા ચીફ જસ્ટિસ ગવઈએ કહ્યું હતું કે, બંધારણે પણ તમામ લોકો અને સમાજોની સંસ્કૃતિને જાળવવાનું ધ્યેય રાખ્યું છે. અરૂણાચલ સહિતના નોર્થ ઈસ્ટ રાજ્યોની વાત રતાં તેમણે જણાવ્યું હતું કે, બંધારણે આ વિસ્તારના જનજાતિ સમુદાયને રક્ષણ આપવા માટે વિશેષ જોગવાઈઓ કરી છે. બી.આર. આંબેડકરનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું હતું કે, આંબેડકર હંમેશા ભારતની એકતા માટે લડ્યા હતા. તેઓ કહેતા કે, સૌથી પહેલા ભારત છે અને સૌથી છેલ્લે પણ ભારત જ આવે છે. આંબેડકર હંમેશા લોકોને કહેતા કે, શાંતિ અને યુદ્ધના સમયે બંધારણથી ભારત મજબૂત અને સંગઠિત રહેશે. છેલ્લા ૭૫ વર્ષના અનુભવે તેમની ઉક્તિને યથાર્થ ઠેરવી છે. દરેક ધર્મને પોતાના ધર્મગ્રંથ છે, પરંતુ દરેક ભારતીય માટે બંધારણ મહાન ગ્રંથ છે. આપણી નિષ્ઠા બંધારણ પ્રત્યે સૌથી વધારે હોવી જોઈએ અને દરેકે બંધારણ વાંચવું જોઈએ. અરૂણાચલ સહિતના નોર્થ ઈસ્ટ રાજ્યોની વાત રતાં તેમણે જણાવ્યું હતું કે, બંધારણે આ વિસ્તારના જનજાતિ સમુદાયને રક્ષણ આપવા માટે વિશેષ જોગવાઈઓ કરી છે. બી.આર. આંબેડકરનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું હતું કે, આંબેડકર હંમેશા ભારતની એકતા માટે લડ્યા હતા. તેઓ કહેતા કે, સૌથી પહેલા ભારત છે અને સૌથી છેલ્લે પણ ભારત જ આવે છે. આંબેડકર હંમેશા લોકોને કહેતા કે, શાંતિ અને યુદ્ધના સમયે બંધારણથી ભારત મજબૂત અને સંગઠિત રહેશે. છેલ્લા ૭૫ વર્ષના અનુભવે તેમની ઉક્તિને યથાર્થ ઠેરવી છે.

## સ્વાતંત્ર્ય સેનાનીના સુપુત્ર અશોકભાઈ ગોકળદાસ પટેલ અનોખી રીતે ઉજવશે પોતાનો જન્મદિવસ



આજના આ માહોલમાં લોકો પોતાનો જન્મદિવસ સામાન્ય રીતે આલીશાન બેક્વેટ હોલ કે પાર્ટી પ્લોટોમાં ઉજવતા હોય છે ત્યારે અમેરિકાના ડલાસ ખાતે વસવાટ કરતા અશોક ગોકળદાસ પોતાનો જન્મદિવસ ગાંધીઆશ્રમ માં ઉજવે છે. તેમના પિતા ગાંધીજી, સરદાર પટેલ સાથે કાર્યરત હતા. પિતાને અભ્યાસ માટે ગુજરાત વિદ્યાપીઠની સ્કોલરશીપ ગાંધીજીની ભલામણથી મળી હતી. આ કારણે તેઓ વધુ અભ્યાસ કરવાને સક્ષમ બન્યા. ગાંધીજીને કારણે જ તેમનું કુટુંબ પગભર બન્યું છે. જેનું ઋણ તેઓ વિસર્યા નથી.

શ્રી અશોકભાઈ જણાવે છે કે, મારા પિતાની પહેલી મુલાકાત ગાંધીજી સાથે ગાંધીઆશ્રમમાં થઈ હતી. આ એ જગ્યા છે જ્યાંથી અમારા કુટુંબની પ્રગતિનો પાયો નંખાયો છે. અશોકભાઈ માટે ગાંધીઆશ્રમ એ મંદિર છે. અમેરિકાથી આવે ત્યારે ઘરે પછી જાય. પહેલાં આશ્રમમાં આવે અને પછી જ દૈનિક કાર્યોની શરૂઆત કરે છે.

આગામી ૧૩મી ઓક્ટોબર તેમનો જન્મદિવસ સેવા વસ્તીના બાળકો સાથે સાદગીથી ઉજવવના છે.

અનોખી ઉજવણી

આ વર્ષે અશોકભાઈ તેમના ૭૨મા જન્મદિવસે ઢળતી બપોરે ચાર વાગે સેવાવસ્તીના અનાથ બાળકો સાથે જન્મદિવસની ઉજવણી કરશે. જેમાં ગાંધીઆશ્રમ ખાતે ★ગાંધીભજનો★નો કાર્યક્રમ યોજાશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી એ આપેલ "એક પેડ માં કે નામ" ના સંકલ્પ સાથે આ વર્ષે તેમના ૭૨માં જન્મદિવસે ૭૨૦૦ વૃક્ષ ભારતમાં અને ૭૨૦૦ વૃક્ષ અમેરિકા ખાતે વાવશે..આ ઉપરાંત વિદેશી વસ્તુઓનો ત્યાગ કરીને સ્વદેશી વસ્તુઓ અપનાવવા નો સંકલ્પ કર્યો છે. સાથોસાથ તેઓ તેમના પિતાજી ગોકળદાસ પટેલની હયાતીમાં જ સ્થપાયેલા ગોકળપુરા ગામના લોકોને જીવન ઉપયોગી વસ્તુઓનું વિતરણ કરશે. ગાંધીવિચારોને પ્રસરાવવા માટે ૭૨ 'સત્યના પ્રયોગો' આત્મકથાનું વિતરણ કરશે. એટલું જ નહીં અંતરિયાળ વિસ્તારમાં સ્વચ્છતા અને સેવાકીય પ્રવૃત્તિ કરતા સેવકોનું સન્માન પણ કરશે. આમ, અમેરિકામાં રહેતા બિનનિવાસી ગુજરાતી શ્રી અશોકભાઈ પટેલ વડાપ્રધાનશ્રીએ આપેલા સ્વચ્છતા સહિતના વિવિધ અભિયાનોમાં સામેલ થવાને પોતાનું ગૌરવ માને છે.

---

**ભગવાન શિવનાં આ પાંચ મુખ્ય અવતારનાં પ્રાગટ્યની કથા વાંચે અથવા સંભળાવે, તે જગતમાં સમસ્ત કામ્ય ભોગોનો ઉપયોગ કરીને, અંતમાં પરમ ગતિને પ્રાપ્ત થાય છે.**

# સદ્યોજાત, વામદેવ, તત્પુરુષ, અઘોર, અને ઈશાન, નામનાં શિવનાં પાંચ અવતારની કથા જાણીએ.



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**નંદીશ્વર એ સનતકુમારને કહ્યું કે આમ જગતનાં હિત માટે સદ્યોજાત વગેરે અવતારોનું પ્રાગટ્ય બતાવ્યું. મહેશ્વરના ઈશાન, તત્પુરુષ, અઘોર, વામદેવ અને સદ્યોજાત એ પાંચ મૂર્તિઓ વિશેષ રૂપે પ્રસિદ્ધ છે. એમાં ઈશાન જે શિવ સ્વરૂપ તથા સૌથી મોટા છે એ પહેલાં કહેવાયા છે, તે સાક્ષાત પ્રકૃતિ ક્ષેત્રમાં નિવાસ કરનારા ભોક્તા છે, તેમજ શિવનું લોકપ્રિય સ્વરૂપ છે. શિવજીનું બીજું સ્વરૂપ તત્પુરુષ નામથી પ્રખ્યાત છે,**

હે દેવોના દેવ મહાદેવ.

સૌનાં હૃદયમાં કરુણા રૂપે રહેલાં આપનાં સૌમિત્રી સ્વરૂપને મારાં સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. રુદ્ર સંહિતાના પાંચેય ખંડનું સંક્ષિપ્તમાં આપણે ચિંતન કર્યું! અને ભક્ત માટે ભગવાનનું હંમેશા માટે એકદમ ભોળું અને નિરાળું સ્વરૂપ છે, એ જોયું. શિવ પુરાણમાં રુદ્ર સંહિતા પછી, એટલે કે શિવ પાર્વતી અને એમના પરિવાર તેમજ સર્વ કાળમાં શંકર સૌથી શ્રેષ્ઠ છે, એની કથા વિશે આપણે ચિંતન કર્યું. બ્રહ્મા, અને વિષ્ણુનાં પ્રકૃતિ ગત કાર્ય માટે પણ ભગવાન શિવશંકર જ કારણભૂત છે, અને છતાં એકપણ કાર્યનું એને અહમ નથી! ભગવાન અને ભક્ત વચ્ચે માત્ર ભાવ સિવાયની બાકી બધું જ ગૌણ છે, એ એમણે રાવણ, ત્રિપુરાસુર, તેમજ બાણાસુરની મદદ કરીને આચરણથી સિદ્ધ કર્યું. શિવ પુરાણમાં ભગવાન શિવનાં અનન્ય અવતાર સ્વરૂપને આલેખતા શતરુદ્ર સંહિતાનું પ્રકરણ આવે છે, અને શિવ અજન્મા છે, એટલે કોઈ માતાની કુખેથી જન્મ લેતા નથી, પણ પ્રગટ થયેલા મુખ્ય પાંચ અવતારની વાત આપણે આજે ચિંતનમાં કરીશું.

૧★★ સદ્યોજાત, શતરુદ્ર સંહિતામાં ભગવાન ના વિવિધ અવતારની વાત આવે છે અને એ પણ સૃષ્ટિના પ્રારંભ કાળમાં કે જ્યારે સ્વયં શિવે સૃષ્ટિ સર્જન કાર્ય માટે વિષ્ણુના નાભિ કમલ માંથી બ્રહ્માની ઉત્પત્તિ કરી. શતરુદ્ર સંહિતામાં નંદીકેશ્વર વેદ વ્યાસને આ અવતારની વાત કરી રહ્યા છે. પ્રારંભના કલ્પમાં બ્રહ્મા પરબ્રહ્મ નું ધ્યાન કરે છે ત્યારે તેમને સદ્યોજાત શિવ સ્વરૂપના દર્શન થયા! પોતાની સદબુદ્ધિથી બ્રહ્માજી એ સ્વરૂપનું ધ્યાન અને ચિંતન કરવા લાગ્યા, ત્યારે શ્વેત વર્ણનાં સુનન્દ, નન્દન, વિશ્વનંદ, અને ઉપનન્દન એમ ચાર કુમાર પ્રગટ થયા, અને એ બ્રહ્માજી ના શિષ્ય બન્યા, અને એમનાં દ્વારા બ્રહ્મ લોકનો વ્યાપ થયો. શિવના સદ્યોજાત સ્વરૂપે બ્રહ્માને સૃષ્ટિ સર્જનની શક્તિ પ્રદાન કરી.

૨)★★વામદેવ "રક્ત" નામનાં વીસમા કલ્પ માં, બ્રહ્માજી એ રક્ત વર્ણનું શરીર ધારણ કરીને પુત્ર કામનાથી ધ્યાન કરી રહ્યા હતા, એ સમયે એમનાથી એક પુત્ર પ્રગટ થયો, જેના શરીર પર લાલ રંગનું વસ્ત્ર અને લાલ રંગની માળા હતી, જે આત્મબળથી સંપન્ન હતો. ધ્યાનસ્થ બ્રહ્માજીને જ્ઞાત થયું કે આ શિવનો વામદેવ અવતાર છે, એમણે એમને કરબદ્ધ પ્રાર્થના કરી અને વામદેવ રુપી શિવે પ્રસન્ન થઈ વિરજા, વિવાહ વિશોક અને વિશ્વભાવન એમ બીજા ચાર પુત્રો આપ્યાં જેમણે પણ લાલ વસ્ત્ર ધારણ કર્યા હતાં.

૩★★તત્પુરુષ, એ પછી પીતવાસા નામનો એકવીસમો કલ્પ આવ્યો અને ફરી બ્રહ્મા પુત્ર કામનાથી ધ્યાન કરી રહ્યા હતા ત્યારે એમનામાંથી મહા તેજસ્વી કુમાર ઉત્પન્ન થયો, તેમની ભૂજાઓ વિશાળ હતી અને પિતાંબર ધારીને બ્રહ્માજી એ શિવનાં તત્પુરુષ સ્વરૂપના દર્શન થયા! અને એમણે, તત્પુરુષાય વિદ્મહે મહાદેવાય ધિમહી, તન્નો રૂદ્ર પ્રચોદયાત, એ શિવ ગ્રાયત્રી શ્લોકનો જાપ કર્યા, અને એમનાં પાર્શ્વ ભાગમાંથી પીતવસ્ત્ર ધારી કુમારો પ્રગટ થયા જે યોગમાર્ગના પ્રવર્તક થયાં.

૪★★ અઘોર, શિવ નામના કલ્પમાં, એક સહસ્ત્ર દિવ્ય વર્ષની સમાપ્તિ પછી ફરી પાછાં બ્રહ્મા સૃષ્ટિ સર્જન માટે દુઃખી થઈ ગયા અને ચિંતા કરવાં લાગ્યાં ત્યારે એ સમયે બ્રહ્મા સમક્ષ એક મહાતેજસ્વી કુમાર ઉત્પન્ન થયો, જેનો રંગ કાળો હતો પણ તેનું તેજ અપરંપાર હતું, તેણે કાળું વસ્ત્ર કાળી પાઘડી અને કાળી જનોઈ ધારણ કરી હતી, એનો મુગુટ પણ કાળો હતો અને અનુલેપન કરેલ ચંદન પણ કાળું હતું. દેખાવે ભયંકર પરાક્રમી અને છતાં અલૌકિક મહામનસ્વી કૃષ્ણ પીંગળ વર્ણ વાળા અઘોર સ્વરૂપની સ્તુતિ વંદના કરી, ત્યારે એમનાં પાર્શ્વ ભાગમાંથી કૃષ્ણ વર્ણ વાળા ચાર કુમાર ઉત્પન્ન થયાં, એ બધાં પરમ તેજસ્વી કુમારનાં નામ કૃષ્ણ કૃષ્ણશિખ કૃષ્ણાસ્ય અને કૃષ્ણકંઠધૃક હતાં, અને એમણે બ્રહ્માની સૃષ્ટિ રચના માટે ઘોર નામના યોગનો પ્રચાર કર્યો.

૫★★ ઈશાન, ત્યાર પછી બ્રહ્માનો વિશ્વરૂપ નામે ઓળખાતો બીજો કલ્પ શરુ થયો, જે પરમ અને અદભૂત હતો. સૃષ્ટી સર્જનનું કાર્ય કરવા બ્રહ્મા ફરી ધ્યાનસ્થ થયાં, અને એ સમયે સિંહ નાદ સાથે સરસ્વતી પ્રગટ થયાં, અને સાથે સાથે પરમેશ્વરનાં ઈશાન સ્વરૂપનો પણ પ્રાદુર્ભાવ થયો, જેનો વર્ણ શુદ્ધ સ્ફટિક જેવો ઉજ્જવળ હતો, અને એ આભૂષણોથી વિભૂષિત હતાં. એ સ્વરૂપ અજન્મા સર્વવ્યાપી સર્વાન્તયામી સર્વસ્વરૂપ સુંદર રુપવાળા ઈશાનને બ્રહ્માજીએ પ્રણામ કર્યા, ત્યારે શક્તિ સહિત પ્રગટ થયેલા એ વિભુ ઈશાન એ પણ બ્રહ્માને સન્માર્ગનો ઉપદેશ આપીને ચાર સુંદર બાળકોનું વરદાન આપ્યું જેનાં જટી, મુંડી, શિખંડી, અને અર્ધમુંડી જે સદધર્મનું પાલન અને પ્રચાર કરતાં કરતાં યોગ ગતિને પ્રાપ્ત થઈ ગયાં.

નંદીશ્વર એ સનતકુમારને કહ્યું કે આમ જગતનાં હિત માટે સદ્યોજાત વગેરે અવતારોનું પ્રાગટ્ય બતાવ્યું. મહેશ્વરના ઈશાન, તત્પુરુષ, અઘોર, વામદેવ અને સદ્યોજાત એ પાંચ મૂર્તિઓ વિશેષ રૂપે પ્રસિદ્ધ છે. એમાં ઈશાન જે શિવ સ્વરૂપ તથા સૌથી મોટા છે એ પહેલાં કહેવાયા છે, તે સાક્ષાત પ્રકૃતિ ક્ષેત્રમાં નિવાસ કરનારા ભોક્તા છે, તેમજ શિવનું લોકપ્રિય સ્વરૂપ છે. શિવજીનું બીજું સ્વરૂપ તત્પુરુષ નામથી પ્રખ્યાત છે, તે ગુણોના આશરે રૂપ તથા ભોગ સર્વજ્ઞ છે. પીનાકધારી શિવનું અઘોર નામનું ત્રીજું સ્વરૂપ છે, તે ધર્મને માટે અંગો સહિત બુદ્ધિ તત્વનો વિસ્તાર કરવાં સૌની અંદર બિરાજમાન રહે છે. વામદેવ નામ વાળા શંકરનું ચોથું સ્વરૂપ અહંકારનું અધિષ્ઠાન છે, તે સદા અનેકો પ્રકારનું કાર્ય કરતું રહે છે. વિચારશીલ બુદ્ધિમાનોનું કથન છે, કે શંકરનું ઈશાન સ્વરૂપ સદા કર્ણ,વાણી, અને સર્વવ્યાપી આકાશનું અધિશ્વર છે, તથા મહેશ્વરનું પુરુષ નામનું રૂપ, પાણી, અને સ્પર્શ ગુણના વિશિષ્ટ વાયુનો સ્વામી છે. અઘોર નામવાળા રૂપને શરીર, રસ, રૂપ અને અગ્નિનું અધિષ્ઠાન કહે છે. શંકરજીનું વામદેવ સ્વરૂપ, રસના, વાયુ, રસ, અને જળના સ્વામી તરીકે ઓળખાય છે. પ્રાણ, ઉપસ્ય, ગંધ અને પૃથ્વી, શિવજીનું સદ્યોજાત નામનું રૂપ બતાવાય છે. કલ્યાણકામી મનુષ્યએ શંકરનાં સ્વરૂપોની સદા પ્રયત્ન પૂર્વક વંદના કરવી જોઈએ, કેમ કે શ્રેય પ્રાપ્તિમાં માટેનો એ એક માત્ર ઉપાય છે, ભગવાન શિવનાં આ પાંચ મુખ્ય અવતારનાં પ્રાગટ્યની કથા વાંચે અથવા સંભળાવે, તે જગતમાં સમસ્ત કામ્ય ભોગોનો ઉપયોગ કરીને, અંતમાં પરમ ગતિને પ્રાપ્ત થાય છે. શિવ પુરાણ મુજબના ભગવાન શિવના પાંચે પાંચ અવતાર માંથી આપણે સામાન્ય શું તારવી શકીએ? મારી જેમ એવો જો કોઈને પ્રશ્ન થાય તો, બે બાબત નોંધનીય છે, ૧) ભગવાન શિવ એ બધાજ કલ્પમાં બ્રહ્માજી ને ચારની સંખ્યામાં જ પુત્રો ભેટ આપ્યાં છે, અને એનાથી બ્રહ્મ લોકનું નિર્માણ થયું તેમજ યોગનો પ્રચાર થયો. ૨) ભગવાન એ એકપણ વખત ખુદની શક્તિ એટલે કે સ્ત્રી અર્થાત્ પુત્રી આપી નથી, અને એટલે જ એનો વિસ્તાર બહુ થયો નહીં તેમજ એ કલ્પનું કોઈ અન્ય વિવરણ પ્રસ્તુત નથી! એટલે કે શક્તિ વગરનો સમય કે સંસાર બહુ ઉલ્લેખનીય નહીં હોય,! અને એટલે જ ભગવાન શંકરે આગળ પોતાના માંથી શક્તિ સ્વરૂપ શિવા ને અલગ કરી સર્જનમાં સહાય કરવા કહ્યું! એટલે કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે પુરુષ હોય કે સ્ત્રી શક્તિ વગર બધું જ નકામું છે. ૐ નમઃ શિવાય. અને એટલે જ એનો વિસ્તાર બહુ થયો નહીં તેમજ એ કલ્પનું કોઈ અન્ય વિવરણ પ્રસ્તુત નથી! એટલે કે શક્તિ વગરનો સમય કે સંસાર બહુ ઉલ્લેખનીય નહીં હોય,! અને એટલે જ ભગવાન શંકરે આગળ પોતાના માંથી શક્તિ સ્વરૂપ શિવા ને અલગ કરી સર્જનમાં સહાય કરવા કહ્યું! એટલે કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે પુરુષ હોય કે સ્ત્રી શક્તિ વગર બધું જ નકામું છે. ૐ નમઃ શિવાય.



---

**શ્રાવણ માસમાં શિવ મહિમા - ૧૯**

# જ્ઞાનએ ભોગ માટે નથી, પ્રતિષ્ઠા માટે નથી,પણ મુક્તિ માટે છે.જ્ઞાનનું ફળ પૈસો કે પ્રતિષ્ઠા નથી પણ પરમેશ્વર છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**મીરાંબાઇએ પણ નિશ્ચય કરેલો કે, વાત કરીશ, બોલીશ તો ફક્ત મારા એક ગિરધર ગોપાલ-શ્રી કૃષ્ણ સાથે જ.ઈશ્વરની સૃષ્ટિમાં પ્રભુએ એક-એક કામ માટ બે-બે ઇન્દ્રિયો આપેલી દેખાય છે. એક આંખથી જોઈ શકાય છતાં બે આંખ આપી છે, પરંતુ જીભને બે કામ કરવાના છે:બોલવું અનેખાવું માટે જીભ ઉપર વધારે સંયમ રાખવાની જરૂર છે.**

ભગવદ્ ગીતા જ્ઞાનમાં આગળ જોઈએ તો રક્ષણ તો પ્રારબ્ધ પ્રમાણે બધાનું થાય છે. કોઈ કોઈનું રક્ષણ શું કરવાના હતા? એક ગામડીયો મોટું પોટલું માથાં પર મૂકીને રેલગાડીમાં બેઠો હતો. કોઈએ કહ્યું ત્યારે કહે કે, ગાડીમાં મૂકું તો એને ભાર લાગે ને!અજ્ઞાન પણ આવું જ છે.ભરતજી હરણ બાળના રક્ષણથી ચિંતીત રહેવા લાગ્યા જપ,તપ,સંધ્યાબધું એમાં ભૂલાઈ ગયું.

કાળને કોઈની દયા આવતી નથી. કાળ કદી એવું વિચારતો નથી કે, આણે પોતાનું કાર્ય પૂરું કર્યું છે કે નથી કર્યું.માટે મૃત્યુની રોજતૈયારી રાખો. જિંદગી એવી રીતે જીવો કે મૃત્યુ આવે ત્યારે તમે અસાવધ ન રહો.તમને ઉપાડી જવાની તક મૃત્યુને ન આપશો.

ભરતજીને કાળ પકડવા આવ્યો. ભરતજીને હરણનું સ્મરણ થયું અને શ્રીહરિનું નહીં.પણ હરણનું ચિંતન કરતાં કરતાં ભરતજીએ શરીરનો ત્યાગ કર્યો.મરતી વેળા હરણના ચિંતનથી તેમને હરણનું શરીરમળ્યું.બીજા જન્મની તૈયારી મનુષ્ય આ જીવનમાં જ કરે છે. આ જીવનમાં બીયાં મળે છે,ફળ નહીં.પૂર્વજન્મમાં કરેલું તપ નિષ્ફળ જતું નથી,એટલે હરણના શરીરમાં પણ ભરતજીનેપૂર્વજન્મ નું જ્ઞાન હતું.

પશુપક્ષીનો અનાદર ન કરો. કોઈ મહાત્મા કોઈ કારણથી પશુપક્ષી બની આવ્યા હોય તો? અહલ્યા જેવી કોઈ મહાસતી પથ્થર થઈને આવી હોય તો?નૃગરાજા કાચિંડો થઈને આવેલા,નળકુબેર વૃક્ષ થઈ ને આવ્યા હતા. તેમ કોઈ સિદ્ધ પુરુષ વૃક્ષ થઈને આવેલા હોય તો?કોઈ આત્માની ભૂલ થાય તો પશુપક્ષીની યોનિમાં ભ્રમણ કરે છે હરણના સ્વરૂપમાં ભરતજી ફરેછે તેમને પૂર્વજન્મનું જ્ઞાન છે.વિચારે છે કે આ ગંડકીના કિનારે હું તપ શ્ચર્યા કરતો.અરે,આ જગ્યાએથી હું હરણને ઊંચકી આશ્રમમાં લાવ્યો તેની પાછળ અતિ આસક્તિને કારણે મારો આહરણ તરીકે જન્મ થયો.હું મહાન જ્ઞાની હતો,યોગી હતો, પણ આજે ચાર પગ વાળો થયો છું. મારે હવે નવું પ્રારબ્ધ ઊભું કરવું નથી.જે લઈને આવ્યો છું તે જ ભોગવવુંછે

હરણરૂપી ભરતજી ગંડકી નદીમાં સ્નાન કરે છે.વૃક્ષનાં સૂકાયેલાં પાંદડાં ખાય છે.ખડ તોડીને ખાતા નથી. કારણ તેના ઉપર જંતુ હોય છે.હિંસા થાય તો નવું પ્રારબ્ધ ઊભું થાય. હરણ શરીરમાં પણ તેઓ એકાદશી વ્રત કરે. પ્રાચીન કાળમાં ભારતમાં પશુઓ પણ એકાદશી કરતાં.તે પછી ભરતજી એ હરણશરીરનો ત્યાગ કર્યો. તે પછી પવિત્ર બ્રાહ્મણના ઘરેએમનો જન્મ થયો સંતો જન્મ લેવાયોગ્ય પાત્ર શોધતા જ હોય છે. ભરતજીનો આ છેલ્લો જન્મ છે. પૂર્વજન્મનું જ્ઞાન છે કે, હરણમાં મન ફસાયું તેથી પશુનો જન્મ મળ્યો હતો. આ જન્મમાં મારે કોઈની સાથે બોલવું નથી.એક વખત મારી ભૂલ થઈ.હું સાવધાન રહીશ.ભલે લોકો મને જડ કહે.

બાળપણથી જ ભરતજીને ભક્તિનો રંગ લાગે છે. શાસ્ત્રમાં છેલ્લા જન્મનાં કેટલાંક લક્ષણો બતાવ્યાં છે.બાલ્યાવસ્થાથી ભક્તિનો રંગ લાગે તો માનવું કે, આ છેલ્લો જન્મ છે. બુદ્ધિમાંથી કામ ગયો હોય તો માનવું કે આ છેલ્લો જન્મ છે.જ્યાં સુધી બુદ્ધિ માં કામ છે તેણે માનવું કે ફરીથી જન્મ લેવાનો છે. વસ્તુ માત્રમાં ભગવદ્ ભાવ જાગે તો માનવું કે, છેલ્લો જન્મ છે. દૃષ્ટિ જ્યાં જાય ત્યાં ભગવાન દેખાય તો માનવું કે, આ છેલ્લો જન્મ છે.હૃદયથી અત્યંત દીન છેતો તેનો આ છેલ્લો જન્મછે.જેની બુદ્ધિમાંથી અભિમાન નાશ પામ્યું તેનો આ છેલ્લો જન્મ છે.

જડ ભરતજીનો આ છેલ્લો જન્મ હતો. એક હસતો હસતો જેલમાં જાય છે,એક રડતો રડતો જેલમાં જાય છે.સાધારણ જીવ વાસનાને આધીન થઈને સંસારમાં આવે છે. સંતો ભાગવત ઈચ્છાથી ભાગવત કાર્ય કરવા માટેસંસારમાં આવે છે

સંસારની દૃષ્ટિએ પરમનનું અને પરધનનું આકર્ષણ કરનારો ચેતન ગણાય. એટલે સંસારની દૃષ્ટિએ સંત જડ છે. પરંતુ ખરેખર તો ચેતન આનંદમય પ્રભુને ભૂલી સંસારના મુખમાં ફસાયેલો મનુષ્ય જ જડ છે.પ્રભુપ્રેમમાં મસ્ત બનેલો,દેહભાન ભૂલેલા, મહા માનવને જડ કેમ કહેવાય? પણ સંસારની ઊલટી રીત હોવાથી સંસારના લોકોએ ભરતજીનું નામ જડભરત રાખ્યું.

લોકો ભરતજીને મૂર્ખ માને છે. ભરતજી વિચારે છે કે, ભલે લોકો મૂર્ખ માને,મારે ડાહ્યામાં કે જ્ઞાનીમાં ખપવું નથી.પૂર્વજન્મમાં જ્ઞાન બતાવવા ગયો તો દુઃખી થયો. જ્ઞાનએ ભોગ માટે નથી,પ્રતિષ્ઠા માટે નથી, પણ મુક્તિ માટે છે.

જ્ઞાનનું ફળ પૈસો કે પ્રતિષ્ઠા નથી પણ પરમેશ્વરછે. જડભરતેવિચાર કર્યોકે,પૂર્વજન્મમાં પશુ સાથે વાત કરી તેથી પશુનો અવતાર મળ્યો. તેથી આ જન્મમાં હવે હું કોઈની સાથે વાત જ નહીં કરું.હવે વાત કરીશ કેવળ એક પરમાત્માની જ સાથે.વાણી-પાણીનો દુરુપયોગ કરે છે તે ઈશ્વરનો ગુનેગાર છે.

મીરાંબાઈએ પણ નિશ્ચય કરેલો કે, વાત કરીશ, બોલીશ તો ફક્ત મારા એક ગિરધર ગોપાલ-શ્રી કૃષ્ણ સાથે જ.ઈશ્વરની સૃષ્ટિમાં પ્રભુએ એક-એક કામ માટ બે-બે ઈન્દ્રિયો આપેલી દેખાય છે. એક આંખથી જોઈ શકાય છતાં બે આંખ આપી છે, પરંતુ જીભને બે કામ કરવાના છે:બોલવું અનેખાવું માટે જીભ ઉપર વધારે સંયમ રાખવાની જરૂર છે.

ભરતજી કહે છે કે,બીજા સાથે વાત કરું તો વાસના ઉત્પન્ન થાય ને!વેર અને વાસનાથી નવુંપ્રારબ્ધ ઉત્પન્ન થાય છે અને તેથી ફરીથી જન્મ લેવા પડે છે.

જડભરત દરેક રીતે મનને કાબૂમાં રાખે છે. તમારા મનને તમારે જ કાબૂમાં રાખવું પડશે.તમારા મનને બીજો કોણ કાબૂમાં રાખવા આવવાનો હતો?

જડભરતના પિતા જડભરતને ભણાવવા લાગ્યા. ભણીગણી મારો પુત્ર પંડિત થાય એ તેમની આંકાક્ષા. પરંતુ આની પંડિતાઈ જુદા પ્રકારની હતી. તેનામાં પંડિતાઈ હતી. પારકાનું મન કે પારકાનું ધન હરવાની ચતુરાઈ નહીં, પણ રામજીના ચરણમાં લીન થવાની ચતુરાઈ હતી.

જડભરતને મંત્ર આવડે છે, પણ બરાબર બોલતા નથી.જ્ઞાનજાહેર કરવું નથી એટલે. જડભરતજી ભગવાનના સ્મરણમાં જ લીન રહેતા.જ્ઞાન અને ભક્તિ પરિપક્વ થાય ત્યારે જીવ સંસારવૃક્ષથી છૂટો થાય છે. વૃક્ષ ઉપરનું ફળ પરિપક્વ થાય એટલે આપોઆપ તે વૃક્ષથી છૂટું પડે છે તેમ.

વખત જતાં માતાપિતાએ શરીર નો ત્યાગ કર્યો.હવે જડભરત પાગલની જેમ ફરવા લાગ્યા પણ અંદરથી શ્રીકૃષ્ણને એક ક્ષણ પણ ભૂલતા નથી.

જડભરતજી ભોજન કેવું કરતા એ જાણવા-સમજવા જેવું છે.

ભોજન સ્વાદ માટે નહીં પણ શરીરના પોષણ માટે જ કરવું. જડભરતને તેના ભાઈઓ તલનો ખોળ,ધાન્યનાં ફાતરાં,સડેલા અડદ વગેરે ખાવા આપતા,તો પણ તે વસ્તુઓને અમૃતતુલ્ય માની તેઓ ખાઈ લેતા.ચાલવું કેવી રીતે તે યે જડભરતજીએ બતાવ્યું છે.તેઓ કોઈ જીવની હિંસા ન થઈ જાય તેથી રસ્તો જોઈને ચાલતા. ધરતી ઉપર નજર રાખીને ચાલવું. કોઈ

હું મારી લડત મૌન આત્મસન્માન સાથે લડવાનું પસંદ કરું છું

# અંતે દીપિકાએ વધારે ફીની ડિમાન્ડ અને શિફ્ટના કલાકો પર મૌન તોડ્યું



દીપિકા પાદુકોણે કામના નક્કી કલાકોની શિફ્ટની માંગણી કરી, વધારાના કલાકો કામ કરવા માટે વધારાના પૈસા માગ્યા, તેના કારણે તેને સંદીપ રેડ્ડી વાંગાની ફિલ્મ 'સ્પિરિટ'માંથી દૂર કરી દેવાઈ. અનપ્રોફેશનલ વર્તનને કારણે તેને નાગ અશ્વિનની ફિલ્મ 'કલકી ૨૮૯૮ એડી'ની સિક્વલમાંથી હાંકી કાઢવામાં આવી. આ પ્રકારના અહેવાલોને કારણે અનેક પ્રકારની ચર્ચાઓ થઈ, અનેક લોકોએ બંને પક્ષોના ટેકામાં અને વિરોધમાં પોતાના નિવેદનો પણ આપ્યા હતા. પરંતુ દીપિકાએ અત્યાર સુધીમાં આ અંગે કોઈ સ્પષ્ટ નિવેદન આપ્યું નહોતું. હવે એક ચેનલ સાથેના ઈન્ટરવ્યુમાં દીપિકાએ આ દરેક પ્રકારની ચર્ચાઓ અંગે ખુલીને વાત કરી છે. તેણે એમ પણ કહ્યું કે જ્યારે જ્યારે હિરો વર્ષોથી આઠ કલાકની શિફ્ટમાં કામ કરે છે, ત્યારે તો કોઈએ તેમના પર પ્રશ્ન ઉઠાવ્યા નથી.દીપિકાએ કહ્યું, "એક મહિલાના ગુણોની દૃષ્ટિએ, જો તમને આ બાબત કોઈ દબાણ ઉભું કરનારી કે જે લાગવી હોય એ લાગે. પરંતુ ઈન્ડિયન ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં હિરો વર્ષોથી ૮ કલાકની શિફ્ટમાં કામ કરે છે, તે વાત પણ કોઈથી છુપી નથી, છતાં તેની ક્યારેય હેડલાઈન બની નથી." દીપિકાએ એમ પણ કહ્યું કે તે કોઈના નામ લઈને ફરી હેડલાઈન્સ બનાવવા માગતી નથી, પરંતુ ઘણા મેલ એક્ટર્સ એવા છે, જે એક દિવસમાં ૮ કલાક જ કામ કરે છે અને એ પણ સોમથી શુક્ર, એ લોકો વીકેન્ડમાં કામ પણ કરતા નથી.દીપિકાએ કહ્યું કે ઈન્ડસ્ટ્રીમાં એક સીસ્ટમ શરુ કરવાની અને બધું થોડું માળખામાં ગોઠવવાની જરૂર છે. તેણે જણાવ્યું, "આપણે ખરેખર તો ક્યારેય એક ઈન્ડસ્ટ્રી તરીકે કામ જ નથી કર્યું. આપણે ઉદ્યોગ તરીકે ઘણા અસંગઠીત છીએ અને મને લાગે છે કે આપણે થોડી સીસ્ટમ અને વર્ક કલ્ચર લાવવાની જરૂર છે."દીપિકાએ કલકી અને સ્પિરિટ છોડી પછી હવે તે શાહરુખ સાથે 'કિંગ'માં કામ કરી રહી છે.

# અભિનેત્રી આલિયાએ ૬ વર્ષની ઉમરે કેમેરાનો સામનો કર્યો

## બોલિવૂડ સુપરસ્ટાર અક્ષય કુમારે તેમના ૩૪ વર્ષના અભિનય કારકિર્દીમાં ૧૫૦ થી વધુ ફિલ્મોમાં કામ કર્યું છે

બોલિવૂડ સુપરસ્ટાર અક્ષય કુમારે તેમના ૩૪ વર્ષના અભિનય કારકિર્દીમાં ૧૫૦ થી વધુ ફિલ્મોમાં કામ કર્યું છે. તેમની ચારથી પાંચ ફિલ્મો દર વર્ષે રિલીઝ થાય છે. આ વર્ષે પણ તેમની ચાર ફિલ્મો અત્યાર સુધીમાં રિલીઝ થઈ છે. અક્ષયે તેમના કરિયરમાં ઘણી પ્રખ્યાત અભિનેત્રીઓ સાથે કામ કર્યું છે. તે બોલિવૂડની 'ડિમ્પલ ગર્લ' પ્રીતિ ઝિન્ટા સાથે પણ મોટા પડદા પર દેખાયો છે. બોલિવૂડની બીજી ડિમ્પલ ગર્લ, આલિયા ભટ્ટ પણ તે ફિલ્મમાં જોવા મળી હતી.પીઢ દિગ્દર્શક મહેશ ભટ્ટ અને અભિનેત્રી સોની રાઝદાનની પુત્રી આલિયા ભટ્ટે ૨૦૧૨ માં ફિલ્મ "સ્ટુડન્ટ ઓફ ધ યર" થી બોલિવૂડમાં ડેબ્યૂ કર્યું હતું. જોકે, તેના વર્ષો પહેલા, અભિનેત્રીએ બોલિવૂડમાં બાળ કલાકાર તરીકે કામ કરી ચૂકી



હતી.મુખ્ય અભિનેત્રી તરીકે બોલિવૂડમાં પ્રવેશ કરવાના લગભગ ૧૩ વર્ષ પહેલાં, આલિયા ભટ્ટ "સંઘર્ષ" નામની ફિલ્મમાં બાળ કલાકાર તરીકે જોવા મળી હતી. ૩ સપ્ટેમ્બર, ૧૯૯૯ ના રોજ રિલીઝ થયેલી આલિયા તે સમયે માત્ર ૬ વર્ષની હતી. તેણીએ બાળપણમાં પ્રીતિની ભૂમિકા ભજવી હતી. આ ફિલ્મનું દિગ્દર્શન તનુજા ચંદ્રા દ્વારા કરવામાં આવ્યું હતું, અને વાર્તા આલિયાના પિતા મહેશ ભટ્ટ દ્વારા લખવામાં આવી હતી."સંઘર્ષ" માં અક્ષયે પ્રોફેસર અમન વર્માની ભૂમિકા ભજવી હતી, જ્યારે પ્રીતિનું પાત્ર રીત હતું. આ ફિલ્મમાં આશુતોષ રાણા, વિશ્વજીત પ્રધાન, યશ ટોંક અને મદન જૈન જેવા કલાકારો પણ હતા. મુખ્ય અભિનેત્રી તરીકે બોલિવૂડમાં પ્રવેશ કરવાના લગભગ ૧૩ વર્ષ પહેલાં, આલિયા ભટ્ટ "સંઘર્ષ" નામની ફિલ્મમાં બાળ કલાકાર તરીકે જોવા મળી હતી. ૩ સપ્ટેમ્બર, ૧૯૯૯ ના રોજ રિલીઝ થયેલી આલિયા તે સમયે માત્ર ૬ વર્ષની હતી. તેણીએ બાળપણમાં પ્રીતિની ભૂમિકા ભજવી હતી. આ ફિલ્મનું દિગ્દર્શન તનુજા ચંદ્રા દ્વારા કરવામાં આવ્યું હતું, અને વાર્તા આલિયાના પિતા મહેશ ભટ્ટ દ્વારા લખવામાં આવી હતી."સંઘર્ષ" માં અક્ષયે પ્રોફેસર અમન વર્માની ભૂમિકા ભજવી હતી, જ્યારે પ્રીતિનું પાત્ર રીત હતું. આ ફિલ્મમાં આશુતોષ રાણા, વિશ્વજીત પ્રધાન, યશ ટોંક અને મદન જૈન જેવા કલાકારો પણ હતા. ૨૬ વર્ષ પહેલાં રિલીઝ થયેલી આ ફિલ્મ ' ૪ કરોડ (આશરે ૧.૪ બિલિયન ડોલર ) ના બજેટમાં બની હતી. આ ફિલ્મે ભારતમાં ' ૬ કરોડ (આશરે ૧.૬ બિલિયનડોલર ) અને વિશ્વભરમાં ' ૧૦.૫૫ કરોડની કમાણી કરી હતી, જેના કારણે તે સરેરાશ બોક્સ ઓફિસ પર સફળ રહી હતી.

અભિનેત્રી ત્રિશા કૃષ્ણનના માતા-પિતાએ ચંદીગઢ સ્થિત એક ઉધોગપતિ સાથેના તેના લગ્ન પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે

# ત્રિશા કૃષ્ણને લગ્નની અફવાને ફેલાવનાર પર કટાક્ષ કર્યો, લોકો મારું હનીમૂન ગોઠવે એની રાહ જોઉ છે

દક્ષિણ ભારતીય સિનેમાની જાણીતી અભિનેત્રી ત્રિશા કૃષ્ણન ફરી એકવાર તેના ફિલ્મી કરિયર કરતાં અંગત જીવનને કારણે ચર્ચામાં છે. છેલ્લા બે દાયકાથી તમિલ અને તેલુગુ સિનેમામાં સફળ કારકિર્દી ધરાવતી ત્રિશા ટૂંક સમયમાં લગ્ન કરી શકે છે. એવી વાતો છેલ્લા એક-બે દિવસોથી મીડિયામાં વહેતી થઈ હતી. પરંતુ હવે આ બાબતને લઈને ત્રિશા કૃષ્ણને ખુલાસો કર્યો છે.થોડા દિવસો પહેલા મીડિયા સૂત્રો જણાવી રહ્યા હતા કે, અભિનેત્રી ત્રિશા કૃષ્ણનના માતા-પિતાએ ચંદીગઢ સ્થિત એક ઉદ્યોગપતિ સાથેના તેના લગ્ન પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. ત્રિશા અને ઉદ્યોગપતિના બંને પરિવારો લાંબા સમયથી એકબીજાને ઓળખે છે. જોકે, ત્રિશા સાથે પરણનાર ઉદ્યોગપતિ કોણ છે? એનો કોઈએ ખુલાસો કર્યો ન હતો. એવા



સમયે અભિનેત્રી ત્રિશા કૃષ્ણને પોતાના લગ્નની વાતને અફવા ગણાવી છે.ત્રિશા કૃષ્ણને પોતાના ઈન્સ્ટાગ્રામ આઈડી પર સ્ટોરી પોસ્ટ કરીને તેના લગ્નની અફવા પર પૂર્ણવિરામ મૂક્યું છે. ત્રિશા કૃષ્ણને પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં જણાવ્યું કે, "જ્યારે લોકો મારા જીવનની યોજના બનાવે છે, ત્યારે મને ગમે છે. હું રાહ જોઈ રહી છું કે તેઓ મારું હનીમૂન ક્યારે ગોઠવે છે."આમ, ત્રિશા કૃષ્ણને પોતાના ઉદ્યોગપતિના લગ્ન નક્કી થયા અંગેની અફવા ફેલાવનારા લોકો પર કટાક્ષ કરીને જડબાતોડ જવાબ આપ્યો છે. જોકે, તાજેતરના એક ઈન્ટરવ્યુમાં ત્રિશા કૃષ્ણને પોતાના લગ્ન વિશે જણાવ્યું હતું કે, "જો મને યોગ્ય વ્યક્તિ મળશે, તો હું ચોક્કસપણે લગ્ન કરીશ, પરંતુ મને લાગે છે કે હજી યોગ્ય સમય આવ્યો નથી."ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૧૫ માં, ત્રિશા કૃષ્ણને ઉદ્યોગપતિ વરુણ મનિયન સાથે સગાઈ કરી હતી, પરંતુ થોડા મહિનાઓમાં જ આ સંબંધ તૂટી ગયો હતો.

# 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'માં ફરી કમબેક કરશે 'સોઢી'



## હું મારી બીજી ઈનિંગ માટે ઉત્સાહિત છું. મને લોકોના ચહેરા પર હાસ્ય લાવવું ખૂબ યાદ આવતું હતું : ગુરૂચરણ સિંહ

'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'માં સોઢીનું પાત્ર ભજવનાર ગુરુચરણ સિંહ ઘણા લાંબા સમયથી એક્ટિંગની દુનિયાથી દૂર છે. કોરોના પછી લગભગ ૩ વર્ષ પહેલાં તેમના ગુમ થવાના સમાચાર આવ્યા હતા. કહેવાયું હતું કે તેઓ દિલ્હીના પોતાના ઘરેથી મુંબઈ જવા નીકળ્યા હતા અને ત્યાર પછી તેઓ ગુમ થયા હતા. જોકે, લગભગ ત્રણ અઠવાડિયા પછી ગુરચરણ પોતે જ ઘરે પાછો આવ્યા હતા. ત્યારબાદ તેણે સ્પષ્ટતા આપી કે આર્થિક સમસ્યાના કારણે તે હેરાન હતો. તેની પાસે કોઈ કામ નહોતું. હવે લાંબા સમય બાદ તેણે ખુશી વ્યક્ત કરતા એક વીડિયો શેર કર્યો છે જેમાં તેણે જલ્દી જ સારા સમાચાર આપવાની વાત કરી છે.ગુરચરણ સિંહે ઈન્સ્ટાગ્રામ પર આ વીડીયો પોસ્ટ કરતા કહ્યું કે, 'આજે, હું ઘણા દિવસો પછી તમારી સમક્ષ આવ્યો છું. બાબાજીએ મારી, મારા પરિવારની અને તમારા બધા ચાહકોની પ્રાર્થના સાંભળી છે. હું તમારા બધાનો હૃદયથી આભાર માનું છું. મારી પાસે ખૂબ જ સારા સમાચાર છે જે હું ખૂબ જ ટૂંક સમયમાં તમારી સાથે શેર કરીશ. મારા માટે પ્રાર્થના કરવા બદલ તમારા બધાનો આભાર, અને હું તેને ક્યારેય ભૂલીશ નહીં.'એક ઈન્ટરવ્યુમાં ગુરચરણ સિંહે પોતાની હેલ્થ અને ફાઈનાન્સિયલ સ્થિતિ વિશે વાત કરી છે. તેણે એ પણ જણાવ્યું કે કેવી રીતે તેમણે 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'ના નિર્માતા અસિત મોદીને પ્રોડક્શનમાં કામ આપવાની વિનંતી કરી હતી. ગુરચરણે કહ્યું કે, 'હું બધા લોકોને ગુરુપરબની શુભેચ્છા પાઠવવા માગતો હતો. એ દિવસે ગુરુદ્વારા જવાનું હતું પરંતુ તબિયત ખરાબ થઈ ગઈ અને મારે હોસ્પિટલમાં દાખલ થવું પડ્યું. મને હોંશ આવ્યો ત્યારે ડૉક્ટરોએ ગ્લુકોઝ આપ્યું. મને લાગ્યું કે મારા ચાહકોને શુભેચ્છા આપવી જોઈએ, તેથી મેં વીડિયો બનાવ્યો, અને વીડિયો વાઈરલ થઈ ગયો. મને ખબર જ નહોતી કે મારા વીડિયોથી વિવાદ થશે. હું દરેક કામ દિલથી કરું છું, પણ લોકો ખોટો અર્થ કાઢે છે.'તેણે આગળ કહ્યું કે, 'એક સમાચાર આવ્યા હતા કે હું 'તારક મહેતા'ના સેટ પર ખૂબ અનપ્રોફેશનલ હતો.

# શું 'ચાંદની બાર રિઓપન્સ'માં તબ્બુ ફરી જોવા મળશે?

## મૂળ ફિલ્મમાં તબ્બુના મજબુત અને સંવેદનશીલ અભિનયે તેને રાષ્ટ્રીય પુરસ્કાર અપાવ્યો હતો

રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા ફિલ્મ 'ચાંદની બાર'ની સીક્વલ પર સત્તાવાર રીતે કામ શરૂ થઈ ગયું હોવાના અહેવાલો છે. સાથે જ આ ફિલ્મ મધુર ભંડારકરે ડિરેક્ટ કરી હતી અને આ વખતે તેઓ આ ફિલ્મની સિક્વલ નથી કરી રહ્યા એ વાતની પણ ચર્ચા છે. પરંતુ આ જાહેરાત વચ્ચે સૌથી મોટો પ્રશ્ન જે ચર્ચામાં છે એ છે કે શું તબ્બુ ફરી એકવાર પોતાના આઈકોનિક પાત્ર મુમતાઝ સાવંત તરીકે પરત ફરશે?મૂળ ફિલ્મમાં તબ્બુના મજબુત અને સંવેદનશીલ અભિનયે તેને રાષ્ટ્રીય પુરસ્કાર અપાવ્યો હતો અને આજે પણ આ ફિલ્મ તેની અભિનય કળાના એક ઉદાહરણ તરીકે યાદ કરવામાં આવે છે. ત્યારે હવે નિર્માતાઓએ ખાતરી આપી છે કે 'ચાંદની બાર ૨' નવી પેઢી માટે આ વાર્તાને ફરી રજૂ કરશે, જે પહેલી ફિલ્મની ઘટનાઓ પછીના ૨૫ વર્ષના પરિપ્રેક્ષ્ય પર આધારિત હશે. જો કે, હજુ સુધી



એ સ્પષ્ટ થયું નથી કે તબ્બુ ખરેખર આ પાત્રને ફરી નિભાવશે કે નહીં.પ્રોજેક્ટ સાથે જોડાયેલા એક નજીકના સુત્રના જણાવ્યા અનુસાર, 'ચાંદની બાર ૨'ના નિર્માતાઓ તબ્બુની વાપસી અંગે ગંભીર ચર્ચા વિચારણા કરી રહ્યા છે. સ્ત્રોતે જણાવ્યું, "નિર્માતાઓ ઈચ્છે છે કે તબ્બુ પોતાનું આ જાણીતું પાત્ર ફરી નિભાવે, કારણ કે તેની હાજરી ફિલ્મની વિશ્વસનીયતા અને ભાવનાત્મક ઊંડાણ માટે મહત્વની માનવામાં આવે છે. ચર્ચા ચાલુ છે, પરંતુ તબ્બુ આ રોલ કરશે કે નહીં તે અંગે કોઈ ખાતરી થઈ નથી." 'ચાંદની બાર ૨'નું નિર્માણ સંદીપ સિંહ તેમના બેનર લેજન્ડ સ્ટુડિયોઝ હેઠળ કરી રહ્યા છે, જ્યારે દિગ્દર્શનનું કામ જાણીતા ફિલ્મમેકર અજય બહલ સંભાળી રહ્યા છે, મધુર ભંડારકર નહીં.સુત્રોના જણાવ્યા મુજબ, આ સીક્વલમાં એક નવી એક્ટ્રેસને પણ લેવામાં આવશે. આ પડકારજનક અને ઊંડાણ ધરાવતાં પાત્ર માટે ઘણી નવી એક્ટ્રેસના નામ ચર્ચામાં છે, જેમાં અનન્યા પાંડે, શર્વરી વાઘ અને તૃપ્તિ ડિમરીનો સમાવેશ થાય છે. એવું કહેવાય છે કે આ નવા મુખ્ય પાત્રની કાસ્ટિંગ જલ્દી જ અંતિમ સ્વરૂપ લેશે, જે મુંબઈના ડાન્સ બાર્સની જિંદગી અને સામાજિક વાસ્તવિકતાને નવા દૃષ્ટિકોણથી આગળ વધારશે.

સલમાન ખાને બેટલ ઓફ ગલવાનનું

# મુંબઇનું શૂટિંગ અનિશ્ચિત સમય માટે પોસ્ટપોન્ડ કર્યુ

સલમાન ખાન આગામી ફિલ્મ બેટલ ઓફ ગલવાનનું શૂટિંગ આ મહિનાના અંતમાં લદાખમાં શરૂ કરશે. પરંતુ તેણે મુંબઈનું શૂટિંગ અનિશ્ચિત સમય માટે પોસ્ટપોન્ડ કર્યુ છે. પહેલા એવા સમાચાર હતા કે આ ફિલ્મના શૂટિંગના પ્રથમ શેડયુલની તૈયારી મુંબઈના બાંદરાના મહેબૂબ સ્ટૂડિયોમાં થઈરહી હતી. જ્યાં એક ભવ્ય સેટનું નિર્માણ થઈ રહ્યું હતું. પરંતુ હવે પ્લાન બદલાઈ ગયો હોવાની માહિતી છે.એટલું જ નહીં બાંદરાના આ સેટને તોડવામાં આવી રહ્યો છે. કોઈ પણ સીકવન્સ જેવી કે- કોઈ ગીત અથવા પેચવર્ક શોટને મુંબઈમાં ફિલ્માવવામાં આવશે નહીં, તેમજ તેના માટેના નિર્ણયો ફિલ્મના શૂટિંગના અંતિમ સ્ટેજમાં લેવામાં આવશે. કહેવાય છે કે, ફિલ્મનું શૂટિંગ ૨૨ ઓગસ્ટથી લદાખમાં શૂટિંગ શરૂ કરશે જે ૩ સપ્ટેમ્બર સુધી ચાલશે. જ્યારે મુંબઈનું શૂટિંગ સ્થગિત કરી દીધું છે. એક રિપોર્ટના અનુસાર,મુંબઈનું શૂટિંગ પોસ્ટપોન્ડ કરવાનું કારણ રચનાત્મક કાર્ય છે. નિર્માતા પહેલા એકશન દ્રશ્યોથી શૂટિંગની શરૂઆત કરવા ઈચ્છે છે. આ ઉપરાંત આ ફિલ્મમાં સલમાનના લુક પણ અલગ હોવાથી શૂટિંગ વચ્ચે વધારે સમયની જરૂર છે. મુંબઈ અને લદાખના શૂટિંગ વચ્ચે ૩૦ દિવસનું અંતર યોગ્ય ન લાગતાં આ દ્રશ્યોના શૂટિંગ એક પછી એક કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હોવાનું કહેવાય છે.

ઋતિકે તેના કરિયરમાં ઘણી બ્લોકબસ્ટર ફિલ્મોને નકારી કાઢી છે

# આમીરે થ્રી ઇડિયટ્સ પહેલા ઋતિક રોશનને ઓફર કરી હતી

બોલિવૂડ સુપરસ્ટાર ઋતિક રોશને તાજેતરમાં ફિલ્મ 'વોર ૨' માં દેખાયો હતો, પરંતુ ફિલ્મ બોક્સ ઓફિસ પર નિષ્ફળ ગઈ હતી. તેની પાછલી ફિલ્મ 'વોર' બ્લોકબસ્ટર સાબિત થઈ હતી. બાય ધ વે, ઋતિકે તેના કરિયરમાં ઘણી બ્લોકબસ્ટર ફિલ્મોને નકારી કાઢી છે.આવી જ એક ફિલ્મ વિશે જણાવી રહ્યા છીએ, જેણે તેના બજેટથી છ ગણી કમાણી કરીને સનસનાટી મચાવી હતી.૨૦૦૦ માં 'કહો ના પ્યાર હૈ' થી બ્લોકબસ્ટર ડેબ્યૂ કરનાર ઋતિક રોશને તેના ૨૫ વર્ષના કરિયરમાં ઘણી ઉત્તમ ફિલ્મોનો ભાગ રહ્યો છે. જો કે, તેના શ્રેયમાં ઘણી મોટી ફિલ્મો આવી શકી હોત. તેણે ૨૦૦૯ માં આમિર ખાનની બ્લોકબસ્ટર ફિલ્મમાં કામ કરવાનો ઈનકાર કર્યો હતો.ઋતિકે પોતાની કારકિર્દીમાં ઘણી નોંધપાત્ર ફિલ્મો ઠુકરાવી દીધી છે, જેમાં ૨૫ ડિસેમ્બર, ૨૦૦૯ ના રોજ રિલીઝ થયેલી "થ્રી ઈડિયટ્સ"નો પણ સમાવેશ થાય છે. નિર્માતાઓએ આ ફિલ્મ માટે ઋતિકનો સંપર્ક કર્યો હતો, પરંતુ તેણે તેને ઠુકરાવી દીધી. આ ફિલ્મમાં આમિર ખાન સાથે આર. માધવન, શરમન જોશી અને કરીના કપૂર ખાન મુખ્ય ભૂમિકામાં હતા.આ કલાકારો ઉપરાંત, આ ફિલ્મમાં બોમન ઈરાની, ઓમી વૈદ્ય, મોના સિંહ, પરિક્ષત સાહની અને અમરદીપ ઝા પણ હતા. આજે પણ, ૧૬ વર્ષ પછી, આ ફિલ્મ દર્શકોની પ્રિય છે. તેને આમિર અને કરીનાની કારકિર્દીની શ્રેષ્ઠ ફિલ્મોમાંની એક તરીકે ઓળખવામાં આવે છે.૩ ઈડિયટ્સનું દિગ્દર્શન રાજકુમાર હિરાની



દ્વારા કરવામાં આવ્યું હતું, જેમણે આમિરની બ્લોકબસ્ટર ફિલ્મ પીકેનું પણ દિગ્દર્શન કર્યું હતું. નિર્માતાઓએ ૫૫ કરોડના બજેટમાં ૩ ઈડિયટ્સ બનાવી હતી. આ ફિલ્મે ભારતમાં ૨૦૨ કરોડની જંગી કમાણી કરી હતી. તેણે વિશ્વભરમાં ' ૩૫૦ કરોડની કમાણી કરી હતી. આ કમાણી સાથે, આમિર અને કરીનાની ફિલ્મ ૨૦૦૯ ની સૌથી વધુ કમાણી કરનારી બોલિવૂડ ફિલ્મ બની ગઈ.

# ભણસાલી ૧૦૦ કરોડ આપે તો પણ કામ ન કરું : ઇસમાઇલ દરબાર

## મ્યુઝિક કમ્પોઝર ઇસ્માઇલ દરબારે હિન્દી સિનેમામાં 'હમ દિલ દે ચુકે સનમ'થી લઇને 'દેવદાસ' સુધી હિન્દી સિનેમામાં અનેક યાદગાર ગીતો આપ્યા છે

મ્યુઝિક કમ્પોઝર ઈસ્માઈલ દરબારે હિન્દી સિનેમામાં 'હમ દિલ દે ચુકે સનમ'થી લઈને 'દેવદાસ' સુધી હિન્દી સિનેમામાં અનેક યાદગાર ગીતો આપ્યા છે. પરંતુ પછી થોડા વર્ષો બાદ ટેલિવિઝનમાં દેખાયા પછી તેઓ ગાયબ થઈ ગયા છે. તાજેતરમાં તેમણે ભણસાલી સાથે સંબંધો બાબતે એક ઈન્ટરવ્યુમાં વાત કરી હતી. ઈસ્માઈલ દરબારે આ ઈન્ટરવ્યુમાં કામ બાબતના પોતાના નીડર અભિગમ વિશે વાત કરી હતી. તેના કારણે હિરામંડી દરમિયાન તેના ભણસાલી સાથેને સંબંધો ખરાબ તબક્કામાં પહોંચી ગયા છે. ઈસ્માઈલ દરબારે કહ્યું કે શરુઆતથી જ તેમનો ભણસાલી સાથેનો સંબંધ ઘણો અલગ રહ્યો છે. જ્યારે તેઓ 'હમ દિલ દે ચુકે સનમ' માટે સાથે કામ કરી રહ્યા હતા, ત્યારે તેઓ એવા સંગીતકાર નહોતા જે ડિરેક્ટરની વાત જો તેમને વ્યાજબી ન લાગે તો તેમની હામાં હા મિલાવતા નથી. તેમણે કહ્યું, "હું હંમેશા સ્પષ્ટ હતો કે મને શું ગમે છે અને હું સંગીત કેવું સંભળાય તેવું ઈચ્છું છું. જો સંજયે મને કશુંક સજેસ્ટ કર્યુ હોય અને હું તેની સાથે સહમત ન હોય તો, હું તેમને સામે જ સ્પષ્ટ કહી દઈશ."ઈસ્માઈલ દરબારે કહ્યું કે સર્જનાત્મક કામોમાં તંદુરસ્ત અસહમતી સામેલ જ હોય છે, તેમને ન ગમે તે સૂચનોમાં તેઓ અસહમતી દર્શાવે તે એમને સામાન્ય લાગે છે. વર્ષો પછી ફરી એક વખત ભણસાલીની



મહત્વાકાંક્ષી સિરીઝ ઈસ્માઈલ દરબાર અને ભણસાલી હીરામંડીઃ ધ ડાયમંડ બાજાર માટે સાથે આવ્યા. દરબાર કહે છે, તેમણે આ સિરીઝ પર દોઢ વર્ષ સુધી કામ કર્યુ અને તેમણે એના સંગીતમાં દિલ રેડીને કામ કર્યુ હતું. પરંતુ તેમની ઈચ્છા મુજબ આ કામ આગળ વધ્યું નહીં, કારણ કે એક અખબારી અહેવાલમાં ઈસ્માઈલ દરબારના સંગીતને હીરામંડીની કરોડરજ્જુ ગણાવવામાં આવ્યું.

**આ ગેંગ પર અસામાજિક પ્રવૃત્તિઓ ચલાવીને મીઠાપુર વિસ્તારમાં ભયનો માહોલ ઊભો કરવાનો આરોપ**

# દેવભૂમિ દ્વારકામાં મહાકાલ ગેંગ વિરુદ્ધ ગુજસીટોક હેઠળ કાર્યવાહી

। (પ્રતિનિધી) દેવભૂમિ દ્વારકા, તા.૧૧ ।

દેવભૂમિ દ્વારકા પોલીસે ઓખા મંડળ અને મીઠાપુર વિસ્તારમાં સક્રિય થયેલી મહાકાલ ગેંગ વિરુદ્ધ ગુજરાત કંટ્રોલ ઓફ ટેરોરીઝમ એન્ડ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ એક્ટ (ગુજસીટોક) હેઠળ કડક કાર્યવાહી હાથ ધરી છે. ગેંગના મુખ્ય સૂત્રધારો સહિત કુલ સાત આરોપીઓની ધરપકડ કરીને તેમને ૧૪ ઓક્ટોબર, ૨૦૨૫ સુધીના પોલીસ કસ્ટડી રિમાન્ડ પર લેવામાં આવ્યા છે. આ ગેંગ પર અપહરણ, ખંડણી વસૂલવી, ઊંચા વ્યાજે આપેલા નાણાંની ઉઘરાણી માટે ધમકીઓ આપવી અને પ્રોહિબિશન જેવી અસામાજિક પ્રવૃત્તિઓ ચલાવીને મીઠાપુર વિસ્તારમાં ભયનો માહોલ ઊભો કરવાનો આરોપ છે. તાજેતરમાં, ગેંગના સભ્યોએ એક અનુસૂચિત જાતિની મહિલા અને તેના પરિવારજનોને જાતિવાચક શબ્દો કહીને જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાની બે અલગ-અલગ ગંભીર ઘટનાઓ પણ નોંધાઈ છે. પ્રાથમિક તપાસમાં આ ટોળકી એક સંગઠિત ગુનાહિત સિન્ડિકેટ (Organised Crime Syndicate) ચલાવી રહી હોવાનું અને સતત ગુનાહિત પ્રવૃત્તિઓ દ્વારા વિસ્તારમાં પોતાનું વર્ચસ્વ જમાવવાનો પ્રયાસ કરી રહી હોવાનું જણાયું હતું. લોકો આ ગેંગના ડરને કારણે ફરિયાદ કરવાથી ડરતા હતા. આ સંગઠિત ગુનાખોરીને અંકુશમાં લેવા માટે, દેવભૂમિ દ્વારકા પોલીસે આખરે તા. ૦૭/૧૦/૨૦૨૫ના રોજ ગુજસીટોક એક્ટની વિવિધ કલમો હેઠળ આ ગેંગના સભ્યો વિરુદ્ધ ગુનો નોંધીને કાર્યવાહી શરૂ કરી છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ગુજસીટોક હેઠળ કાર્યવાહી થનાર આ ત્રીજી ગેંગ છે. આ કેસની વધુ તપાસ DYSP દ્વારકા વિભાગ દ્વારા કરવામાં આવી રહી છે.

આરોપીઓના નામ

કિશનભા ભાવુભા માણેક(જોધાણી)

મેહુલભાઈ ઉર્ફે ભુરો કમલેશભાઈ પરમાર

કરણભા જેઠાભા કારા

ઉમેશભા અજુભા માણેક

કનૈયાભાઈ ઉર્ફે કાનો સામરાભાઈ હાથીયા

એભાભા વીરાભા સુમણીયા

# સંઘપ્રદેશ દમણ અને દાદરા નગર હવેલીમાં ચૂંટણીની જાહેરાત

## નગરપાલિકા અને જિલ્લા પંચાયતની ચૂંટણીઓ જાહેર થઈ : આગામી ૫ મી નવેમ્બરના રોજ યોજાશે મતદાન

। (માહિતી) વડોદરા, તા.૧૧ ।



કેન્દ્રશાસિત પ્રદેશ દમણ અને દાદરા નગર હવેલીમાં નગરપાલિકા અને જિલ્લા પંચાયતની ચૂંટણીઓની તારીખોની સત્તાવાર જાહેરાત કરી દેવામાં આવી છે. આ ઘોષણા સાથે જ પ્રદેશમાં રાજકીય માહોલ ગરમાયો છે અને ચૂંટણી પ્રક્રિયાનો ધમધમાટ શરૂ થઈ ગયો છે. ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલા કાર્યક્રમ મુજબ, આગામી ૫મી નવેમ્બરના રોજ મતદાન યોજાશે. સંઘપ્રદેશ દમણ અને દાદરા નગર હવેલી બંને પ્રદેશોમાં આ સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ એકસાથે યોજાશે. પ્રદેશના વહીવટી તંત્ર દ્વારા શાંતિપૂર્ણ અને નિષ્પક્ષ મતદાન માટે તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. આ ચૂંટણીઓમાં નગરપાલિકા અને જિલ્લા પંચાયતની બેઠકો પર ઉમેદવારોનું ભાવિ નક્કી થશે. સ્થાનિક સ્તરે વિકાસ કાર્યોની જવાબદારી સંભાળનારી આ સંસ્થાઓની ચૂંટણીને કારણે પ્રદેશના રાજકારણમાં ભારે ઉત્તેજના જોવા મળી રહી છે. વિવિધ રાજકીય પક્ષો અને સ્થાનિક નેતાઓએ આ જાહેરાત બાદ તરત જ ઉમેદવારોની પસંદગી, પ્રચારની રણનીતિઓ અને મતદારો સુધી પહોંચવાની કવાયત તેજ કરી દીધી છે. રેલીઓ, સભાઓ અને ડોર-ટુ-ડોર પ્રચાર દ્વારા મતદારોને આકર્ષવાના પ્રયાસો શરૂ થઈ ચૂક્યા છે.

ચૂંટણી જાહેર થતાંની સાથે જ, આચારસંહિતાનો અમલ પણ શરૂ થઈ ગયો છે. વહીવટી તંત્ર દ્વારા કાયદો અને વ્યવસ્થા જાળવવા તથા ચૂંટણી સંબંધિત નિયમોનું કડક પાલન કરાવવા માટે વિશેષ વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી રહી છે. ૫મી નવેમ્બરના રોજ યોજાનારું મતદાન પ્રદેશના સ્થાનિક રાજકારણની દિશા નક્કી કરશે અને આગામી પાંચ વર્ષ માટે સત્તાનું સુકાન કોણ સંભાળશે તે સ્પષ્ટ કરશે. સમગ્ર પ્રદેશના મતદારો હવે પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા માટે ઉત્સુક છે. ચૂંટણી જાહેર થતાંની સાથે જ, આચારસંહિતાનો અમલ પણ શરૂ થઈ ગયો છે. વહીવટી તંત્ર દ્વારા કાયદો અને વ્યવસ્થા જાળવવા તથા ચૂંટણી સંબંધિત નિયમોનું કડક પાલન કરાવવા માટે વિશેષ વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી રહી છે. ૫મી નવેમ્બરના રોજ યોજાનારું મતદાન પ્રદેશના સ્થાનિક રાજકારણની દિશા નક્કી કરશે અને આગામી પાંચ વર્ષ માટે સત્તાનું સુકાન કોણ સંભાળશે તે સ્પષ્ટ કરશે. સમગ્ર પ્રદેશના મતદારો હવે પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા માટે ઉત્સુક છે.

# ભારત સાથે સીધી ફ્લાઇટ્સ સંબંધો સુધારવામાં સકારાત્મક પગલું : ચીન

।(પ્રતિનિધી) બેઇજિંગ, તા.૧૧।

આશરે પાંચ વર્ષ પછી ભારત સાથે સીધી ફ્લાઈટ્સ ફરી શરૂ કરવાને એક સકારાત્મક પગલું ગણાવીને ચીને ગુરુવારે જણાવ્યું હતું કે આ નિર્ણય દર્શાવે છે કે બંને દેશો દ્વિપક્ષીય સંબંધોને મજબૂત બનાવવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને પ્રેસિડન્ટ શી જિનપિંગ વચ્ચે થયેલી સમજૂતીઓ પર વિશ્વાસપૂર્વક કાર્ય કરી રહ્યા છે.ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ગુઓ જિઆકુને જણાવ્યું હતું કે ડાયરેક્ટ ફ્લાઈટ્સ ઓક્ટોબરના અંતમાં ચાલુ થશે. અગાઉ ભારતે ૨ ઓક્ટોબરે જાહેરાત કરી હતી કે ચીન સાથેની ડાયરેક્ટ ફ્લાઈટ્સ ૨૬ ઓક્ટોબરથી ફરી ચાલુ થશે. એક સવાલના જવાબમાં ગુઓએ જણાવ્યું હતું કે તાજેતરની આ હિલચાલ દર્શાવે છે કે બંને દેશો ૩૧ ઓગસ્ટે તિયાનજિનમાં પ્રેસિડન્ટ શી જિનપિંગ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચે થયેલી મહત્વપૂર્ણ સમજૂતીઓ પર કેવી રીતે વિશ્વાસપૂર્વક કાર્ય કરી રહ્યાં છે. આ એક સક્રિય પગલું છે, જેનાથી ૨.૮ અબજથી વધુ ચીની અને ભારતીય લોકોના મૈત્રીપૂર્ણ આદાનપ્રદાનને સરળ બનાવશે. તેમણે જણાવ્યું હતું કે ચીન ભારત સાથે મળીને દ્વિપક્ષીય સંબંધોને વ્યૂહાત્મક અને લાંબા ગાળાના દ્રષ્ટિકોણથી જોવા અને સંભાળવા માટે તૈયાર છે. સારા પડોશી સંબંધોનો આનંદ માણતા મિત્રો બને છે અને એકબીજાને સફળ થવામાં મદદ કરતા ભાગીદાર બને છે તથા ડ્રેગન અને હાથી વચ્ચે તાલમેલ રહે તે જરૂરી છે. તેનાથી એશિયા અને બીજા પ્રદેશોમાં શાંતિ અને સમૃદ્ધિ જાળવી રાખવામાં યોગ્ય યોગદાન આપી શકાય.અગાઉ બંને દેશો વચ્ચે એર ચાઈના જેવી ચીની એરલાઈન્સ ફ્લાઈટ્સ ચલાવતી હતી. જોકે ચીનની કંપનીઓએ હજુ ઔપચારિક જાહેરાત કરી નથી. આ ગતિવિધિથી માહિતગાર લોકોએ જણાવ્યું હતું કે ભારતીય એરલાઈન્સ ઈન્ડિગો અને ચાઈના ઈસ્ટર્ન બંને દેશો વચ્ચે સીધી ફ્લાઈટ્સ ફરી શરૂ કરનારી પ્રથમ બે એરલાઈન્સ હશે. ઈન્ડિગોએ તાજેતરના એક નિવેદનમાં જણાવ્યું હતું કે તે ૨૬ ઓક્ટોબરથી કોલકાતાથી ગુઆંગઝુ સુધી દૈનિક ફ્લાઈટ્સ શરૂ કરવાની યોજના ધરાવે છે.

# કાયદાના અમલ પહેલાં ભ્રૂણ ફ્રીઝ કરનાર યુગલો માટે વયમર્યાદા નહીં

। અમરેલી, તા.૧૧ ।

સરોગેસી કાયદા અંગે મહત્ત્વપૂર્ણ ચુકાદામાં સુપ્રીમ કોર્ટે ગુરુવારે જણાવ્યું હતું કે સરોગેસી એક્ટ ૨૦૨૧ અમલમાં આવ્યો તે પહેલા જે યુગલોએ સરોગસી પ્રક્રિયા શરૂ કરી હોય તેમના પર કાયદા દ્વારા નિર્ધારિત વયમર્યાદા લાગુ પડી શકે નહીં. બાળકના સર્વાંગિણ વિકાસ અને શુક્રાણુ-ભ્રૂણની ગુણવત્તા અંગેની ચિંતાઓ આ કાયદાનો પશ્ચાદવર્તી અમલ કરવાના ફરજિયાત કારણો નથી. આ ચિંતાઓ છતાં રાજ્યો કેટલાંક કેટેગરીના યુગલોની પ્રજનન કરવાની મંજૂરી આપે છે.સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે કાયદા હેઠળની વય મર્યાદા એવા યુગલોને લાગુ પડશે નહીં જેમણે ૨૫ જાન્યુઆરી, ૨૦૨૨ના રોજ કાયદા અમલ પહેલા પહેલાં ભ્રૂણ ફ્રીઝિંગ જેવી પ્રક્રિયા શરૂ કરી છે. હાલના કાયદા મુજબ, સરોગસી માટે, સ્ત્રીની ઉંમર ૨૩ થી ૫૦ વર્ષની વચ્ચે હોવી જોઈએ અને પુરુષની ઉંમર ૨૬ થી ૫૫ વર્ષની વચ્ચે હોવી જોઈએ.કેન્દ્ર સરકારે રજૂઆત કરી હતી કે કાયદા હેઠળની વયમર્યાદા પશ્ચાદવર્તી અસરથી લાગુ કરી શકાય છે કારણ વયની સાથે શુક્રાણી અને ભ્રૂણની ગુણવત્તામાં ઘટાડો થતો હોય અને તેનાથી સરોગેસી મારફત જન્મેલા બાળકને અસર થઈ શકે છે. જોકે કોર્ટે જણાવ્યું હતું કે ૨૫ જાન્યુઆરી, ૨૦૨૨ પહેલા, સરોગસી ઈચ્છતા યુગલો પર વયમર્યાદા અંગે કોઈ બંધનકર્તા કાયદા કે પ્રમાણપત્રો નહોતા. વધુમાં હિન્દુ દત્તક અને મેન્ટેનન્સ ધારા ૧૯૫૬ની જોગવાઈઓ હેઠળ બાળકોને દત્તક લેવા માંગતા યુગલો માટે કોઈ વય પ્રતિબંધ નથી સર્વોચ્ચ અદાલતે સરોગસી (નિયમન) ધારા, ૨૦૨૧ની એક જોગવાઈ સામેની અરજીની સુનાવણી કરી રહી હતી.

# પશ્ચિમ રેલવે ચલાવશે સાબરમતી-હરિદ્વાર અને ગાંધીધામ-બાંદ્રા ટર્મિનસ વચ્ચે ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેનો

। (રેલવે) ગાંધીનગર, તા.૧૧ ।




પશ્ચિમ રેલવે દ્વારા આગામી દિવાળી અને છઠ પૂજાના તહેવારોને ધ્યાનમાં રાખીને મુસાફરોની માંગ અને સુવિધાને પહોંચી વળવા માટે સાબરમતી-હરિદ્વાર અને ગાંધીધામ-બાંદ્રા ટર્મિનસ વચ્ચે સ્પેશિયલ ટ્રેનો વિશેષ ભાડા પર ચલાવવાનો નિર્ણય લીધો છે. આ સ્પેશિયલ ટ્રેનોની વિગતો નીચે મુજબ છેઃ

ટ્રેન નં. ૦૯૪૨૫/૦૯૪૨૬ સાબરમતી-હરિદ્વાર દ્વિ સાપ્તાહિક એસી સ્પેશિયલ (૨૮ ટ્રિપ્સ)

ટ્રેન નં. ૦૯૪૨૫ સાબરમતી-હરિદ્વાર સ્પેશિયલ ૧૫ ઓક્ટોબર ૨૦૨૫ થી ૨૯ નવેમ્બર ૨૦૨૫ સુધી દર બુધવાર અને શનિવારે સાબરમતીથી ૦૮.૫૦ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે ૦૫.૩૦ વાગ્યે હરિદ્વાર પહોંચશે. તેવી જ રીતે, ટ્રેન નં. ૦૯૪૨૬ હરિદ્વાર-સાબરમતી સ્પેશિયલ ૧૬ ઓક્ટોબર ૨૦૨૫ થી ૩૦ નવેમ્બર ૨૦૨૫ સુધી દર ગુરુવાર અને રવિવારે હરિદ્વારથી ૨૧:૪૦ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે ૨૧:૩૦ વાગ્યે સાબરમતી પહોંચશે.

માર્ગમાં બન્ને દિશાઓમાં આ ટ્રેન મહેસાણા, પાલનપુર, આબુરોડ, ફાલના, મારવાડ-જંક્શન, અજમેર, કિશનગઢ, જયપુર, ગાંધીનગરજયપુર, દૌસા, અલવર, રેવાડી, ગુડગાંવ, દિલ્હી કેન્ટ, દિલ્હી,ગાઝિયાબાદ, મેરઠ, મુઝફ્ફરનગર અને રૂડકી સ્ટેશનો પર ઉભી રહેશે.

આ ટ્રેનમાં એસી ૩ ટાયર ક્લાસ ના કોચ હશે.

ટ્રેન નં. ૦૯૪૭૨/૦૯૪૭૧ ગાંધીધામ-બાંદ્રા ટર્મિનસ સુપરફાસ્ટ સાપ્તાહિક સ્પેશિયલ ચ૧૦ ટ્રિપ્સ

ટ્રેન નં. ૦૯૪૭૨ ગાંધીધામ - બાંદ્રા ટર્મિનસ સુપરફાસ્ટ સ્પેશિયલ ૧૩ ઓક્ટોબર ૨૦૨૫ થી ૧૦ નવેમ્બર ૨૦૨૫ સુધી દર સોમવારે ગાંધીધામથી ૨૦.૨૦ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે ૦૯.૪૫ વાગ્યે બાંદ્રા ટર્મિનસ પહોંચશે. તેવી જ રીતે, ટ્રેન નં. ૦૯૪૭૧ બાંદ્રા ટર્મિનસ - ગાંધીધામ સુપરફાસ્ટ સ્પેશિયલ ૧૪ ઓક્ટોબર ૨૦૨૫ થી ૧૧ નવેમ્બર ૨૦૨૫ સુધી દર મંગળવારે બાંદ્રા ટર્મિનસથી ૧૨.૩૦ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે ૦૧.૩૦ વાગ્યે ગાંધીધામ પહોંચશે.

માર્ગમાં બન્ને દિશાઓમાં આ ટ્રેન સામાંખ્યાલી, હળવદ, અમદાવાદ, વડોદરા, સુરત, વાપી અને બોરીવલી સ્ટેશનો પર ઉભી રહેશે.

આ ટ્રેનમાં એસી ૨ ટાયર, એસી ૩ ટાયર, સ્લીપર ક્લાસ અને સેકન્ડ ક્લાસ ના કોચ હશે.

ટ્રેન નંબર ૦૯૪૨૫, ૦૯૪૭૨ અને ૦૯૪૭૧ માટે બુકિંગ ૧૨ ઓક્ટોબર, ૨૦૨૫ થી પેસેન્જર રિઝર્વેશન સેન્ટરો અને IRCTC વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનના સમય, સ્ટોપેજ અને સંરચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# રાજ્ય કક્ષા મંત્રી બચુભાઈ ખાબડ સાહેબે ધાનપુર ખાતે વય નિવૃત કાર્યક્રમમા હાજરી આપી


તસ્વીર : અજય અગ્રવાલ, દેવગઢ બારીઆ

। (પ્રતિનિધી) દેવગઢ બારીઆ, તા.૧૧ ।

ધાનપુર તાલુકાના કુંદાવાડા ગામ ખાતે આવેલ શ્રી સર્વોદય ઉત્તર બુનિયાદી માધ્યમિક શાળામાં ક્લાર્ક તરીકે ફરજ બજાવતા શ્રી અર્જુનસિંહ પ્રતાપ સિંહ રાવતજી ના વયનિવૃત સન્માન સમારોહમાં ગુજરાત સરકારનાં માનનીય મંત્રીશ્રી બચુભાઈ ખાબડ સાહેબે હાજરી આપી તથા મંત્રી શ્રી બચુભાઈ ખાબડ સાહેબે અર્જુનસિંહ રાવત ને તેમનું નિવૃત જીવન સ્વસ્થ અને તંદુરસ્ત રહે તેવી શુભકામનાઓ પાઠવી હતી...

# ઇઝરાયેલ-હમાસ વચ્ચે શાંતિકરાર બે વર્ષના યુદ્ધનો આખરે અંત

। (માહિતી) નસવાડી, તા.૧૧ ।

ગાઝામાં બે વર્ષના યુદ્ધ પછી ઈઝરાયલ અને પેલેસ્ટિનિયન આતંકવાદી જૂથ હમાસે ગુરુવારે શાંતિસમજૂતી પર હસ્તાક્ષર કર્યા હતાં. અમેરિકાના પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પની ગાઝા શાંતિ યોજનાના પ્રથમ તબક્કા હેઠળ થયેલી આ સમજૂતી હેઠળ હવે યુદ્ધવિરામ થશે. હમાસ પેલેસ્ટિનિયન કેદીઓના બદલામાં ઈઝરાયેલના બાકીના તમામ બંધકોને મુક્ત કરશે. સમજૂતીની જાહેરાત સાથે ઈઝરાયેલ અને પેલેસ્ટાઈન બંને દેશોના લોકોએ ઉજવણી કરી હતી. આ સમજૂતી બે વર્ષના યુદ્ધને કાયમી ધોરણે સમાપ્ત કરવાનું અત્યાર સુધીનું સૌથી મોટું પગલું માનવામાં આવે છે. બંને પક્ષોના અધિકારીઓએ પુષ્ટિ આપી હતી કે તેમણે ઈજિપ્તના શર્મ અલ-શેખના બીચ રિસોર્ટમાં પરોક્ષ વાટાઘાટો બાદ આ કરાર પર હસ્તાક્ષર કર્યા છે. આ કરાર હેઠળ લડાઈ બંધ થશે. ઈઝરાયલ ગાઝામાંથી આંશિક રીતે તેના સૈનિકોને પાછા ખેંચી લેશે અને સેંકડો પેલેસ્ટનિયનને તેની જેલમાંથી મુક્ત કરશે. હમાસ પણ ઈઝરાયેલના બાકીના તમામ બંધકોને મુક્ત કરશે. ઈઝરાયેલી વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂના કાર્યાલયે જણાવ્યું હતું કે તેમની સરકાર દ્વારા કરારને બહાલી આપવામાં આવ્યા પછી યુદ્ધવિરામ અમલમાં આવશે. ગુરુવારે સિક્યોરિટી કેબિનેટની બેઠક પછી સરકાર આ યુદ્ધવિરામ સમજૂતીને મંજૂરી આપશે. જોકે ટ્રમ્પે રજૂ કરેલી ૨૦ મુદ્દાની શાંતિ યોજનાના ઘણા પાસાંઓ અંગે હજુ અનિશ્ચિતતા ઊભી છે. હમાસનુ નિઃશસ્ત્રીકરણની કેવી રીતે કરાશે, હમાસનું ભાવિ શું હશે તથા ગાઝા પર કોણ શાસન કરશે તે અંગે અનિશ્ચિતતા છે. આ મુદ્દાઓ અંગે બંને દેશો વચ્ચે વાટાઘાટો બાકી છે. હમાસ અગાઉ તેના નિઃશસ્ત્રીકરણની ઈઝરાયેલની માગણીને નકારી ચુક્યું છે.બંને વચ્ચેન સમજૂતી મુજબ ઈઝરાયેલી દળો ખોરાક અને તબીબી સહાય લઈ જતા વધુ ટ્રકોના કાફલાને ગાઝામાં પ્રવેશવાની મંજૂરી આપશે. ઈઝરાયેલી હુમલાઓના ગાઝાના મોટાભાગના શહેરો ખંડેર બની ગયા છે અને લાખો લોકો તંબુઓમાં આશ્રય લઈ રહી છે. આવા લોકોને હવે માનવીય સહાય મળશે. ઈઝરાયેલી સૈનિકો પાછા હટવાની તૈયારી કરી રહ્યા હોવાના સંકેતો અગાઉથી મળ્યાં હતાં. મધ્ય ગાઝા પટ્ટીમાં નુસેરાત કેમ્પ નજીક એક પ્રત્યક્ષદર્શીએ જણાવ્યું હતું કે તેને ઈઝરાયેલી સેનાને એક ત્યજી દેવાયેલા સૈન્ય સ્થાનને ઉડાવી દેતા અને વિસ્તારની દેખરેખ માટે ઉપયોગમાં લેવાતી ક્રેનને નીચે ઉતારતા જોયા હતા.ગાઝામાં યુદ્ધવિરામની સત્તાવાર શરૂઆત પહેલાં ગુરુવારે ઈઝરાયેલી હુમલાઓ અને ફાયરિંગ ચાલુ રહ્યા હતાં. જોકે યુદ્ધવિરામની ધારણાએ આ હુમલા અગાઉની સરખામણીમાં ઘણા ઓછા હતાં. ગાઝાના આરોગ્ય મંત્રાલયે જણાવ્યું

# રાજકોટના ધોરાજી-જેતપુર રોડ પર મોટો રોડ અકસ્માત!

। (પ્રતિનિધી) રાજકોટ, તા.૧૧ ।

રાજકોટ જિલ્લાના જેતપુર નજીક તત્કાલ ચોકડી પાસે આજે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો, જેમાં પેસેન્જર ભરેલી એક રિક્ષા પલટી મારી ગઈ હતી. આ અકસ્માતમાં ૯ જેટલા મુસાફરોને ઈજા પહોંચી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર, આ પેસેન્જર રિક્ષા ધોરાજીથી જેતપુર તરફ આવી રહી હતી ત્યારે તત્કાલ ચોકડી પાસે અચાનક પલટી મારી ગઈ હતી. રિક્ષા પલટી મારતા તેમાં સવાર તમામ નવ વ્યક્તિઓને નાની-મોટી ઈજાઓ થઈ હતી. અકસ્માત બાદ તરત જ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે જેતપુરની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જોકે, કેટલાક મુસાફરોને વધુ સારવારની જરૂર જણાતા તેમને ત્યાંથી જૂનાગઢ ખસેડવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. અકસ્માતની આ ઘટના બાદ રિક્ષાનો ચાલક તુરંત જ ત્યાંથી નાસી છૂટ્યો હતો. બનાવની જાણ થતાં જ જેતપુર પોલીસ તાત્કાલિક સરકારી હોસ્પિટલ ખાતે પહોંચી હતી અને ઈજાગ્રસ્તોના નિવેદનો લેવાની તથા સમગ્ર અકસ્માત અંગેની વધુ તપાસ હાથ ધરી છે. પોલીસે ફરાર રિક્ષાચાલકને પકડવાના ચક્રો ગતિમાન કર્યા છે. અકસ્માતની આ ઘટના બાદ રિક્ષાનો ચાલક તુરંત જ ત્યાંથી નાસી છૂટ્યો હતો. બનાવની જાણ થતાં જ જેતપુર પોલીસ તાત્કાલિક સરકારી હોસ્પિટલ ખાતે પહોંચી હતી અને ઈજાગ્રસ્તોના નિવેદનો લેવાની તથા સમગ્ર અકસ્માત અંગેની વધુ તપાસ હાથ ધરી છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજે કોઈક જૂની ઓળખાણ તમારી માટે સમસ્યા ઊભી કરી શકે છે. જો તમે ભાર ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો વસ્ત્રો સમજી વિચારી ને પહેરો? જો તમે આવું નહિ કરો તો શક્ય છે કે તમારો પ્રેમી તમારા થી ગુસ્સે થયી જાય. મહત્વના લોકો સાથે હળો-મળો ત્યારે તમારા આંખ-કાન ખુલ્લા રાખો-કેમ કે એવું કરવાથી તમને મહત્વની કોઈ વાત જાણવા મળી શકે છે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમારી અંગત સમસ્યા તમારા માનસિક આનંદને બરબાદ કરી શકે છે પણ તમારી જાતને કંઈક રસપ્રદ વાંચનમાં સાંકળશો તો આ દબાણ સાથે અનુકુલન સાધવામાં તમને સરળતા પડશે. જે બાબત ખાસ હશે એવી કોઈપણ બાબત માટે નાણાં ધીરવા મહત્વના લોકો તૈયાર હશે. સંબંધીઓ સહકાર આપશે તથા તમારા મગજને સંતાપ આપતો ભાર હળવો કરશે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજે તમારો શંકાશીલ સ્વભાવ તમને કદાચ પરાજયનો ચહેરો દેખાડી શકે છે. આજનો દિવસ છેલ્લો છે એ રીતે જીવવાના તથા મનોરંજન પાછળ વધુ પડતો ખર્ચ કરવાના તમારા વલણ પ્રત્યે ધ્યાન આપો. તમારો વિનોદી સ્વભાવ તમને સામાજિક મેળાવડાઓમાં લોકપ્રિય બનાવશે. ભૂતકાળમાં તમારા પ્રિયપાત્રએ દાખવેલી ઉદાસીનતા માટે માફી આપી તમે તમારા જીવનને વધુ લાયક બનાલશો.

**કર્ક (ડ,હ) :**

આજે બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો. ઘરમાં કોઈક વિધી કરાવશો. સહકાર આપવાનો તમારો અભિગમ તથા વિશ્લેષણાત્મક કૌશલ્યની નોંધ લેવાશે. આજે તમે તમારી જાતને સ્પૉટલાઈટ હેઠળ મહેસૂસ કરશો.

**સિંહ (મ,ટ) :**

આજે તમારે તબિયત પર થોડું વધારે ધ્યાન આપવું પડશે. તમારી બચતને તમે રૂઢિગત રોકાણમાં મુકશો તો નાણાં મેળવશો. તમારૂં જિદ્દી વલણ ઘરના લોકોને તથા તમારા નિકટના મિત્રોને આહત કરશે. જો તમે ભાર ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો વસ્ત્રો સમજી વિચારી ને પહેરો? જો તમે આવું નહિ કરો તો શક્ય છે કે તમારો પ્રેમી તમારા થી ગુસ્સે થયી જાય.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજે સ્વાસ્થ્યની દષ્ટિએ તમારા માટે સારો દિવસ. તમારી ખુશખુશાલ મનઃસ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે. તમામ જવાબદારીઓ તથા આર્થિક વ્યવહારો સાવચેતીપૂર્વક પાર પાડવા. લાંબા સમયથી જેના સંપર્કમાં ન હો એવા લોકો તથા સંબંધોને ફરી તાજા કરવા માટે સારો દિવસ.

**તુલા (ર,ત) :**

આજે તમારા શારીરિક સ્વાસ્થ્યને સુધારવા માટે સમતોલ આહાર લો. જે વેપારીઓ ના સંબંધ વિદેશો થી છે તેમને આજે ધન હાનિ થવા ની શક્યતા છે તેથી સાવચેતી થી ચાલો? મહેમાનોની સંગત માણવા માટે અદભુત દિવસ. તમારા સગાં-સંબંધીઓ સાથે કોઈક ખાસ યોજના ઘડો. તેઓ પણ આ બાબતને ચોક્કસ જ બિરદાવશે. આજે તમે કુદરતી સૌંદર્ય દ્વારા અંજાઈ જાવ એવી શક્યતા છે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજે તમારી માટે આધ્યાત્મિકતાની મદદ લેવા માટેનો સમય પાકી ગયો છો કેમ કે તમારી માનસિક તાણ પર સામો હુમલો કરવાનો એ શ્રેષ્ઠ વિકલ્પ છે. તમારૂં સમર્પણ તથા સખત મહેનતની નોંધ લેવાશે તથા આજે તેને કારણે તમારી માટે આર્થિક વળતર પણ લાવશે. આજે તમને જે ફાજલ સમય મળે તેનો લાભ લો અને તમારા પરિવારના સભ્યો સાથે પ્રેમભર્યો સમય વિતાવો.

**ધન (ભ,ધ,ફ) :**

આજે તમારી લાગણીઓ પર અંકુશ રાખજો ખાસ કરીને ગુસ્સો. લાંબા ગાળાથી આવવાના બાકી નાણાં અથવા કોઈને ઉછીની આપેલી રકમ પરત આખરે પરત મળશે. બાળકો તથા તમારાથી ઓછો અનુભવ ધરાવતા લોકો સાથ તમારે ધીરજથી કામ લેવું પડશે. તમારો સનાતન પ્રેમ તમારા પ્રિયપાત્ર માટે નદી સમાન છો. સહ-કમર્મચારીઓ તથા વરિષ્ઠાનો સંપૂર્ણ સહકારને કારણે ઑફિસમાં કામ ગતિ પકડશે.

**મકર (ખ,જ) :**

આજે તમારામાં ઊર્જાની વિપુલતા હશે પણ કામનું દબાણ બેચેન કરી નાખે એવું જણાય છે. જો તમે પોતાના ઘર ના કોઈ સભ્ય જોડે ઉધાર લીધું હોય તો તેને આજ ચૂકવી દો નહીંતર તે તમારી વિરુદ્ધ કાયદકીય પગલાં લયી શકે છે. પરિવારના સભ્યોતમારા જીવનમાં મહત્વનું સ્થાન ધરાવતા હશે. આવતીકાલે તમને કામ પર મોડું થવાનું છે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે કશુંક રસપ્રદ વિચારીને માનસિક વ્યાયામ કરો. તમે પ્રવાસ કરવાના તથા ખર્ચ કરવાના મૂડમાં હશો-પણ તમે જો એવું કરસો તો તમે પછીથી દિલગીરી અનુભવશો. તમારા પ્રિયપાત્ર સાથે દલીલો સર્જી શકે એવા વિવાદાસ્પદ મુદ્દાઓને છેડવાનું ટાળવું જોઈએ. આજે તમારા પ્રિયપાત્રની લાગણીઓ સમજજો. તમારા બૉસ અથવા વરિષ્ઠોને તમારા ઘરે આમંત્રવા માટે સારો દિવસ નથી.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજે તમારૂં કોઈ એક સૌથી પ્રિય સપનું સાકાર થવાની શક્યતાઓ છે પણ તમારો આવેશ કાબૂમાં રાખજો કેમ કે વધુ પડતી ખુશી કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે. આજે ફક્ત બેઠા રહેવા કરતાં-કોઈક પ્રવૃત્તિ સાથે સંકળાઓ-જે તમારી આવકની ક્ષમતાને વધારશે. તમારો જિદ્દી સ્વભાવ તમારા માતા-પિતાની શાંતિને નુકસાન પહોંચાડી શકે છે.

## અફઘાન વિદેશ પ્રધાનના ભારત પ્રવાસ વચ્ચે કાબુલમાં બોમ્બ ધડાકા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

અફઘાન વિદેશ પ્રધાનના ભારત પ્રવાસ વચ્ચે કાબુલમાં બોમ્બ ધડાકા, 'પાક. એરસ્ટ્રાઈકની' આશંકાથી તણાવ વધ્યોકાબુલઃ અફઘાનિસ્તાનની રાજધાની કાબુલ ગુરુવારે મોડી રાત્રે એક પછી એક થયેલા તીવ્ર ધમાકાઓથી હચમચી ઉઠ્યું હતું. આ ઘટના એવા સમયે બની છે જ્યારે અફઘાનિસ્તાનના વિદેશ પ્રધાન અમીર ખાન મુત્તકી સંબંધો મજબૂત કરવાના હેતુથી ભારતના ઐતિહાસિક પ્રવાસે નવી દિલ્હી પહોંચ્યા છે.સ્થાનિક મીડિયાના અહેવાલો અનુસાર, ધમાકા કાબુલના ડિસ્ટ્રિક્ટ ૮ અને અબ્દુલહક ચોકની આસપ ાસના વિસ્તારોમાં સંભળાયા હતા, જ્યાં સરકારી કાર્યાલયો અને રહેણાંક વિસ્તારો આવેલા છે. શરૂઆતની રિપોર્ટ્સમાં આ ધમાકાઓને પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલી એરસ્ટ્રાઈકનું સ્વરૂપ માનવામાં આવી રહ્યું છે, જોકે હજી સુધી કોઈ પક્ષે તેની જવાબદારી લીધી નથી.અફઘાન મીડિયા સૂત્રો મુજબ, આ હુમલા એક વિશેષ કમ્પાઉન્ડને નિશાન બનાવવા માટે ક'રવામાં આવ્યા હતા, જ્યાં કથિત રીતે પ્રતિબંધિત સંગઠન ટીટીપી ના નેતા નૂર વલી મહસૂદ છુપ ાયેલા હોવાની આશંકા હતી. મહસૂદ પાકિસ્તાની નાગરિક હતો અને તેના પર પાકિસ્તાનમાં ઘણા આતંકી હુમલાનો આરોપ છે. સ્થાનિક રહેવાસીઓએ આકાશમાં વિમાનોનો અવાજ અને ધમાકા બાદ ગોળીબાર પણ સાંભળ્યો હોવાનું જણાવ્યું હતું. અફઘાન-તાલિબાનના પ્રવક્તાએ આ ઘટનાની પુષ્ટિ કરતા કહ્યું કે, "કાબુલ શહેરમાં વિસ્ફોટનો અવાજ સંભળાયો હતો. જોકે, કોઈએ ચિંતા કરવાની જરૂર નથી, બધું બરાબર છે.

## ૨.૫૦ કરોડના દારૂમાં PI સસ્પેન્ડ થયા ત્યાં SMCએ ફરી ૬૨ લાખનો દારૂ પકડ્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

વડોદરા શહેરના છાણી પોલીસ સ્ટેશન વિસ્તારમાં છ મહિના પહેલા અઢી કરોડના દારૂના કેસમાં પીઆઈ સસ્પેન્ડ થયા હતા અને તે જ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગઈ રાત્રે ફરી એકવાર સ્ટેટ મોનિટરિંગ દરોડો પાડી દારૂ ભરેલું કન્ટેનર ઝડપી પાડતા પોલીસ માટે લાંછનરૂપ કિસ્સો બન્યો છે. વડોદરાના છાણી પોલીસ સ્ટેશન વિસ્તારમાં જીએસએફસી પાસેથી ગઈકાલે રાત્રે? સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા એક કન્ટેનર પ કડવામાં આવ્યું હતું. જેમાં લાકડાના ભુસા વચ્ચે દારૂની થોક બંધ પેટીઓ મળી આવી હતી. પોલીસે ડ્રાઈવર ક્લીનરની અટકાયત કરી પૂછપરછ હાથ ધરી છે. દારૂની ગણતરી માટે આખી રાત પોલીસની ટીમો કામે લાગી હતી. પ્રાથમિક તબક્કે દારૂની કિંમત ૬૨ લાખ જેટલી થતી હોવાની માહિતી મળી છે.

### રોહિતની કેપ્ટન્સી મામલે ગાંગુલીનું નિવેદન

# ગાંગુલીએ રોહિતના વખાણ કર્યા અને કહ્યું કે તે કે ખુબ સારો લીડર છે

### ગિલને પ્રમોટ કરવો તે ખોટો નિર્ણય નથી, ઈંગ્લેન્ડ સામેની મેચમાં તેણે ટીમનું ખૂબ સારુ નેતૃત્વ કર્યું હતું : ગાંગુલી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

ઓસ્ટ્રેલિયા પ્રવાસ પહેલા ભારતીય ટીમની જાહેરાત થયા બાદથી જ ભારતીય ટીમના ભૂતપૂર્વ કેપ્ટન રોહિત શર્માની ચર્ચા ઘણી થઈ રહી છે. ટીમના સિલેક્ટરે ઑસ્ટ્રેલિયા સામેની ODI મેચ માટે ભૂતપૂર્વ કેપ્ટન રોહિત શર્માની જગ્યાએ શુભમન ગિલને કેપ્ટનની જવાબદારી સોપતા અનેક ક્રિકેટપ્રેમીઓ નારાજ છે. પણ ભારતના ભૂતપૂવ કેપ્ટન અને BCCI ના પૂર્વ અધ્યક્ષ સૌરવ ગાંગુલી એવું નથી માનતો કે રોહિત શર્માને વનડે કેપ્ટનશીપમાંથી દૂર કરવાનો મુદ્દો પણ છે. તેણે તેણે રોહિતના વખાણ કર્યા અને કહ્યું કે તે કે ખુબ સારો લીડર છે.

સૌરવ ગાંગુલીએ એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું કે, રોહિત એક ખૂબ સારો લીડર છે, તેના નેતૃત્વમાં ભારતીય ટીમે T-20 વર્લ્ડકપ અને ચેમ્પિયન્સ ટ્રોફી જીતી છે. તેનું પ્રદર્શન પણ સારું રહ્યું છે. મને વિશ્વાસ છે કે સિલેક્ટરે રોહિત સાથે કેપ્ટનશિપની મુદ્દે વાત કરી હશે. મને નથી લાગતું કે તેને જાણ કર્યા વગર કેપ્ટનશિપની જવાબદારીથી તેને બરતરફ કર્યો હોય. ૨૦૨૭ના વર્લ્ડકપમાં તે ૪૦ વર્ષનો થશે. આ એક મોટો નંબર છે. કેપ્ટનશિપને લઈને આવું મારી સાથે પણ થયું છે. રાહુલ સાથે પણ થયું છે. ૪૦ વર્ષની ઉંમરે શુભમનને પણ સામનો કરવો પડશે. શુભમન ગિલને ટેસ્ટ પછી વન-ડેમાં કેપ્ટન બનાવવાના નિર્ણયને સમર્થન આપતા સૌરવ ગાંગુલીએ કહ્યું કે, ગિલને પ્રમોટ કરવો તે ખોટો નિર્ણય નથી, ઈંગ્લેન્ડ સામેની મેચમાં તેણે ટીમનું ખૂબ સારુ નેતૃત્વ કર્યું હતું. મને લાગે છે કે શુભમનને કેપ્ટન બનાવવાનો નિર્ણય સાચો છે. રોહિત ત્યાં સુધી રમી શકે છે જ્યાં સુધી બોર્ડ એક યુવાન ક્રિકેટરને કેપ્ટન બનાવવા તૈયાર કરી શકે.

### ગાઝામાં આજથી યુદ્ધવિરામ સમજૂતી લાગુ

# ગાઝામાંથી ઇઝરાયલે પોતાની સેનાને પરત બોલાવી લીધી

### IDFએ જાહેરાત કરી છે કે હમાસ સાથેના યુદ્ધવિરામ કરાર બાદ તેમના સૈનિકો ગાઝામાંથી પાછા ફરી રહ્યા છે

। (એજન્સી) ગાઝા, તા.૧૧ ।

ઈઝરાયેલ અને હમાસ વચ્ચે સાતમી ઑક્ટોબર ૨૦૨૩થી ચાલી રહેલા યુદ્ધમાં આખરે શુક્રવારે (૧૦મી ઑક્ટોબર) યુદ્ધવિરામની જાહેરાત કરવામાં આવી છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ૨૦ મુદ્દાના પ્રસ્તાવો પરનો યુદ્ધવિરામ કરાર આજે ગાઝામાં અમલમાં આવ્યો છે. જો કે, ઉત્તરી ગાઝામાં ભારે ગોળીબારના અહેવાલો સામે આવતા શાંતિ સ્થાપિત થવા અંગે શંકાઓ ઊભી થઈ છે. ઈઝરાયલ ડિફેન્સ ફોર્સિસ(IDF)એ જાહેરાત કરી છે કે હમાસ સાથેના યુદ્ધવિરામ કરાર બાદ તેમના સૈનિકો ગાઝામાંથી પાછા ફરી રહ્યા છે. યુદ્ધવિરામ કરાર બાદ એવી આશા છે કે તે ગાઝામાં અસ્થિરતા અને વધતી જતી માનવતાવાદી કટોકટીને અટકાવીને શાંતિ તરફનું એક સકારાત્મક પગલું હોઈ શકે છે. જો કે, યુદ્ધવિરામ કરારની શરતો અને તેના અમલીકરણની વિગતો હજુ સુધી સંપૂર્ણપણે સ્પષ્ટ થઈ નથી. યુદ્ધવિરામ શુક્રવારે લાગુ થયો તે પહેલાં ઈઝરાયલે ગાઝા પર હુમલો કર્યો હતો. પેલેસ્ટિનિયનોએ ઉત્તરી ગાઝામાં ગોળીબાર થયાની માહિતી આપીને ઈઝરાયલ પર યુદ્ધવિરામ કરાર છતાં યુદ્ધ ચાલુ રાખવાનો આરોપ લગાવ્યો છે. અહેવાલો અનુસાર, ગાઝાના કેટલાક વિસ્તારોમાં મિસાઈલ હુમલાઓ થયા છે, જેના કારણે જાનમાલને મોટું નુકસાન થયું છે. આ ચાલુ રહેલી હિંસાને કારણે યુદ્ધવિરામની અસરકારકતા અસ્થિર જણાય છે. આ યુદ્ધવિરામ કરાર ત્યારે અમલમાં આવ્યો જ્યારે બંને પક્ષો ઈઝરાયલી બંધકો અને પેલેસ્ટિનિયન કેદીઓને પરસ્પર મુક્ત કરવા સંમત થયા. ઈઝરાયલે જણાવ્યું છે કે યુદ્ધવિરામ કરારના તમામ પાસાઓનું પાલન કરશે અને આશા રાખે છે કે આ કરાર પરિસ્થિતિને શાંત કરવામાં મદદ કરશે.



આ તસવીરમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી નવી દિલ્હીમાં ભારતીય કૃષિ સંશોધન સંસ્થા, પુસા ખાતે ખેડૂતો સાથે વાતચીત કરી રહ્યા છે.

## ગોરવામાં ગેરકાયદે ખડકાયેલા લારી ગલ્લાના દબાણો તંત્ર દ્વારા દૂર કરીને રોડ રસ્તા ખુલ્લા કરાયા

। નવી દિલ્હી, તા.૧૧ ।

વડોદરા શહેરના પશ્ચિમ વિસ્તારમાં વોર્ડ નં. ૮માં ગોરવા શાકમાર્કેટ સામે ગેરકાયદે ખડકાયેલી અનેક લારીઓ ગલ્લાના દબાણો તંત્ર દ્વારા દૂર કરીને રોડ રસ્તા ખુલ્લા કરવામાં આવ્યા છે.

ઉલ્લેખનીય છે કે શહેરમાં ચારે બાજુએ બિલાડીના ટોપની જેમ ગેરકાયદે દબાણો નીત નવી જગ્યાએ ખડકાય છે પરિણામે રાહદારીઓને ફૂટપ ાથ પર ચાલવું પણ હવે શક્ય બનતું નથી. પરિણામે રોડ રસ્તા નાના થવાથી વારંવાર ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળે છે. દરમિયાન પાલિકા તંત્ર સમક્ષ ગોરવા શાકમાર્કેટ સામે વોર્ડ નં. ૮માં ગેરકાયદે લારી ગલ્લાના દબાણો હોવાની ફરિયાદો મળી હતી. જેથી તંત્ર દ્વારા દબાણ શાખાની ટીમ પોલીસ તંત્ર અને એસઆર પીના બંદોબસ્ત સાથે ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. જ્યાં ખડકાયેલા લારી ગલ્લાના દબાણો દૂર કરીને રોડ રસ્તા ખુલ્લા કરવામાં આવ્યા હતા. જેથી તંત્ર દ્વારા દબાણ શાખાની ટીમ પોલીસ તંત્ર અને એસઆરપીના બંદોબસ્ત સાથે ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. જ્યાં ખડકાયેલા લારી ગલ્લાના દબાણો દૂર કરીને રોડ રસ્તા ખુલ્લા કરવામાં આવ્યા હતા.

### સરકારી કર્મચારીઓ-પેન્શનધારકોને દિવાળી ભેટ મળી

# દિવાળીના તહેવાર નિમત્તે કર્મચારીઓનો પગાર વહેલો થશે

### ૧૪, ૧૫, ૧૬ ઓક્ટો. દરમિયાન તબક્કાવાર કર્મચારીઓના ખાતામાં પગાર અને પેન્શન જમા કરી દેવામાં આવશે

। નવી દિલ્હી, તા.૧૧ ।

રાજ્ય સરકાર દ્વારા કર્મચારીઓ માટે એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ વર્ષે દિવાળીનો તહેવાર ૨૦ ઓક્ટોબરના રોજ છે. જેથી સરકાર દ્વારા કર્મચારીઓ અને પેન્શનર્સને રાહત આપવામાં આવી છે.

કર્મચારીઓનો પગાર અને તેમનું પેન્શન દિવાળી પહેલાં જ આપી દેવામાં આવશે. જેથી કર્મચારીઓની દિવાળી આ વખતે સુધરી ગઈ છે. સરકાર દ્વારા આગામી ૧૪, ૧૫ અને ૧૬ ઓક્ટોબર દરમિયાન તબક્કાવાર કર્મચારીઓના ખાતામાં પગાર અને પેન્શન જમા કરી દેવામાં આવશે.

સરકાર દ્વારા કર્મચારીઓનો પગાર સામાન્ય રીતે પછીના માસમાં થતો હોય છે. જોકે આ વખતે દિવાળી હોવાથી સરકારે કર્મચારીઓને રાહત આપી છે. આ મુદ્દે સરકાર દ્વારા પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે. જેમાં સરકારે જણાવ્યું છે કે કર્મચારીઓનો પ ગાર વહેલા ચૂકવવા આદેશ આપ્યો છે. આ સિવાય રાજ્ય સરકાર દ્વારા ૧૯ ઓક્ટોબરથી લઈને ૨૬ ઓક્ટોબર સુધીની રજા પણ જાહેર કરવામાં આવી છે. એટલે કે સરકારી કર્મચારીઓને ૮ દિવસની રજા આપવામાં આવી છે. ૨૧ અને ૨૪ ઓક્ટોબરના રજાના બદલે ૮ નવેમ્બર અને ૧૩ ડિસેમ્બરના રોજ સરકારી કચેરીઓ ચાલુ રહેવાની છે. સરકાર દ્વારા જાહેર કરાયેલા પરિપત્ર પ્રમાણે સરકારી કચેરીઓ, કોર્પોરેશનો અને પંચાયતમાં આ રજાઓ લાગુ રહેશે.

ઉલ્લેખનીય છે કે ૨ દિવસ અગાઉ સરકાર દ્વારા જાહેરાત કરવામાં આવી હતી કે સાતમા પગાર પંચનો લાભ મેળવતા કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૩ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. સાથે જ જે કર્મચારીઓ છઠ્ઠા પગારપંચનો લાભ મેળવી રહ્યા છે તેમના ભથ્થામાં ૫ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. આ મોંઘવારી ભથ્થું ૩ માસ એટલે કે ૧ જુલાઈ ૨૦૨૫થી ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૫ સુધીના સમયગાળાનું ચુકવવામાં આવશે.

### ભાડા પર લગામ કસવા માગ કરવામાં આવી

# સૌરાષ્ટ્ર તરફ જતી બસોના ભાડામાં અસહ્ય વધારો

। (એજન્સી) સુરત, તા.૧૧ ।

આગામી સમયમાં દિવાળીનો તહેવાર શરૂ થશે. ત્યારે તહેવારની સિઝનમાં લોકો પોતાના વતન તરફ પ્રયાણ કરતાં હોય છે. જેથી મુસાફરોને સરળ મુસાફરી માટે એસટી નિગમ દ્વારા આ વખતે દિવાળીના દિવસોમાં દૈનિક એકસ્ટ્રા ૨૬૦૦થી વધુ એસટી બસો દોડાવવામાં આવશે. બીજી તરફ સુરતથી સૌરાષ્ટ્ર તરફ જતી ખાનગી બસોના ભાડામાં બેફામ વધારો થયો છે. મુસાફરોએ બસ ભાડા પર લગામ કસવા માગ કરી છે. દિવાળીના તહેવારમાં લોકો પ ોતાના વતન તરફ પ્રયાણ કરતાં હોય છે. ખાસ કરીને અમદાવાદ અને સુરત જેવા શહેરોમાંથી ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર તરફ જતા મુસાફરોની સંખ્યા વધુ હોય છે. ત્યારે દિવાળીમાં સુરતથી સૌરાષ્ટ્ર તરફ જતી બસોના ભાડામાં અસહ્ય વધારો થયો છે. સાતસો રૂપિયાનું બસ ભાડુ તહેવારોના દિવસોમાં સીધુ જ બેરોકટોક ૧૪૦૦ રૂપિ યા સુધી પહોંચી ગયું છે. સુરતથી રોજ ૩૦૦ જેટલી બસો સૌરાષ્ટ્ર તરફ દોડે છે.ખાનગી બસોના માલિકોનું કહેવું છે કે, હાલમાં પેટ્રોલ અને ડિઝલના ભાવમાં વધારો થયો છે તેની સાથે ટેક્સ પણ વધ્યો છે. ત્યારે સુરતથી સૌરાષ્ટ્ર તરફ જતી બસોમાં એક જ તરફનું ભાડુ મળે છે. બે બાજુનું ભાડુ મળતુ નથી જેથી ભાડા વધ્યા છે. ઈંધણ અને ટેક્સમાં થયેલો ભાવ વધારો બસ સંચાલકોને પોસાય તેમ નથી.

### શાંતિ યોજના પર ભારતે આપ્યું સમર્થન

# PM મોદી સાથે વાત કરવા માટે નેતન્યાહૂએ કેબિનેટની બેઠક રોકી

### નેતન્યાહૂએ મંત્રીઓ અને અધિકારીઓને રાહ જોતા મૂકીને મોદી સાથે લગભગ દસ મિનિટ સુધી સીધી વાત કરી

। (એજન્સી) જેરૂસાલેમ, તા.૧૧ ।

ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ ગાઝામાં યુદ્ધવિરામ અને બંધકોની મુક્તિ અંગે નિર્ણય લેવા માટે બોલાવેલી એક મહત્ત્વપૂર્ણ સુરક્ષા મંત્રીમંડળની બેઠકને અચાનક અટકાવી દીધી હતી. તેનું કારણ હતું ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આવેલો ફોન. નેતન્યાહૂએ મંત્રીઓ અને અધિકારીઓને રાહ જોતા મૂકીને વડાપ્રધાન મોદી સાથે લગભગ દસ મિનિટ સુધી સીધી વાત કરી હતી. અહેવાલો અનુસાર, ઈઝરાયલના વડાપ્રધાન કાર્યાલય દ્વારા જાહેર કરાયેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, ગાઝામાં યુદ્ધવિરામ અને બંધકોની મુક્તિ અંગે ચર્ચા દરમિયાન વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂને વડાપ્રધાન મોદીનો ફોન આવ્યો હતો. વડાપ્રધાન મોદીએ આ કરાર માટે અભિનંદન આપ્યા હતા અને સ્પષ્ટ કર્યું હતું કે ભારત આ માનવતાવાદી પ્રયાસને સમર્થન આપે છે.વાતચીત બાદ તરત જ વડાપ્રધાન મોદીએ ઠ પર પોસ્ટ કરીને લખ્યું, મેં મારા મિત્ર વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂને ફોન કર્યો અને ગાઝા શાંતિ યોજનામાં થયેલી પ્રગતિ બદલ અભિનંદન આપ્યા. અમે બંધકોની મુક્તિ અને ગાઝાના લોકોને આપ વામાં આવતી માનવતાવાદી સહાયનું સ્વાગત કર્યું. તેમણે ફરી એકવાર પુનરાવર્તન કર્યું કે, "કોઈપણ સ્વરૂપમાં અને ગમે ત્યાં આતંકવાદ અસ્વીકાર્ય છે. આ દરમિયાન અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વ્હાઈટ હાઉસ કેબિનેટની બેઠકમાં મહત્ત્વનું નિવેદન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, ગાઝામાં હમાસ દ્વારા રાખવામાં આવેલા બંધકોને સોમવાર અથવા મંગળવારે મુક્ત કરવામાં આવશે. તેમણે ઉમેર્યું કે બંધકોની મુક્તિ અને ગાઝાના પુનર્નિર્માણના પ્રથમ તબક્કા માટે બુધવારે એક કરાર થયો છે. ૭૨ કલાકના યુદ્ધવિરામ પછી હમાસ બાકીના ૨૦ બંધકોને એક જ સમયે મુક્ત કરશે. ઈઝરાયલ અને હમાસ વચ્ચે મહિનાઓથી ચાલી રહેલા સંઘર્ષમાં આ યુદ્ધવિરામ કરારને અત્યંત મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે, જેમાં તમામ બંધકોને મુક્ત કરવા અને માનવતાવાદી સહાય વધારવાની જોગવાઈ છે. જોકે, આ કરાર અંગે ઈઝરાયલમાં મિશ્ર પ્રતિભાવ જોવા મળી રહ્યો છે. કેટલાક નેતાઓ તેને આતંકવાદ સમક્ષ શરણાગતિ માને છે, જ્યારે અન્ય લોકો તેને હાલના સંજોગોમાં જરૂરી રાહત ગણાવી રહ્યા છે.

## હિંમતનગરના દેરોલ પાસેના સાબરમતી નદી પરના બ્રિજનો વાહન વ્યવહાર બંધ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

હિંમતનગરના દેરોલ પાસે આવેલો આ સાબરમતી બ્રિજ માત્ર બે જિલ્લાને જ નહીં. પણ હજારો લોકોના રોજીંદા જીવનને જોડતી એક મહત્ત્વની કડી છે. બે મહિના પ હેલા, આ બ્રિજની જર્જરિત સ્થિતિને કારણે તેને વાહન વ્યવહાર માટે બંધ કરી દેવામાં આવ્યો. નિર્ણય સુરક્ષા માટે જરૂરી હતો, પરંતુ બે મહિના વીતી ગયા હોવા છતાં, આજે પણ પરિસ્થિતિમાં કોઈ ફેરફાર આવ્યો નથી. આ બ્રિજ બંધ થતાં જ સ્થાનિકોની મુશ્કેલીઓનો દોર શરૂ થઈ ગયો. વિદ્યાર્થીઓ હોય કે નોકરિયાત વર્ગ, ખેડૂતો હોય કે મજૂર વર્ગ, તમામને હવે બે કિલોમીટરનું વધારાનું અંતર ચાલીને કાપવું પડે છે.બે કિલોમીટરની આ મુસાફરી ભલે નાની લાગે, પણ આ બે મહિનામાં આ હજારો લોકોના સમય અને શક્તિનો મોટો વ્યય થયો છે. રોજેરોજની આ હાલાકીએ લોકોને હવે સરકાર અને વહીવટી તંત્ર સામે સવાલો ઉઠાવવા મજબૂર કર્યા છે.

છતાં પણ 'ગતિશીલ ગુજરાત'ના અધિકારીઓની ઊંઘ હજુ ઉડી નથી તેમ લાગી રહ્યું છે. કારણ સ્પષ્ટ છે, જર્જરિત બ્રિજ પરનું રિપેરિંગ કાર્ય, જેમાં રંગરોગાન અને લોડિંગ ટેસ્ટનો સમાવેશ થાય છે, તે વીસ દિવસ પહેલા જ પૂર્ણ થઈ ચૂક્યું છે. ટેસ્ટિંગ પૂરું થયાના વીસ દિવસ વીતી ગયા, છતાં બ્રિજને વાહન વ્યવહાર માટે ખૂલ્લો મૂકવામાં આવ્યો નથી. અધિકારીઓની આ નિષ્ક્રિયતા જનતાની મુશ્કેલીઓનું મુખ્ય કારણ બની છે. સ્થાનિકો અને કામદાર વર્ગની હવે એક જ માગ છે. જો બ્રિજ સંપૂર્ણપણે જર્જરિત થઈ ગયો હોય તો પણ, ઓછામાં ઓછા ટુ-વ્હીલર અને ફોર-વ્હીલર વાહનો માટેનો પ્રતિબંધ હટાવી દેવામાં આવે. જેથી તેમને આ બે કિલોમીટરની કષ્ટદાયક મુસાફરી માંથી મુક્તિ મળે.

પણ સરકારી તંત્રના સંકલન અને ઝડપ પરનો એક મોટો સવાલ છે. જ્યારે કામગીરી પૂર્ણ થઈ ગઈ છે, ટેસ્ટિંગ પણ થઈ ગયું છે, ત્યારે માત્ર એક આદેશના અભાવે હજારો લોકોને હાલાકી વેઠવી પડી રહી છે. સ્થાનિકોની માગ સ્પષ્ટ છે કે, ટુ-વ્હીલર અને ફોર-વ્હીલર માટે બ્રિજ તાત્કાલિક ખૂલ્લો મૂકવામાં આવે, જેથી તેમની હાલાકી દૂર થાય.

### CMના ચહેરા મુદ્દે પણ અસમંજસ

# મહા ગઠબંધનમાં ટેન્શન! ૫ બેઠકો પર RJD-કોંગ્રેસ વચ્ચે કોકડું ગૂંચવાયું

### છેલ્લા કેટલાક દિવસોમાં મેરેથોન બેઠકો યોજાવા છતાં બંને પક્ષો વચ્ચે પાંચ બેઠકો પર ગૂંચવણ યથાવત્ છે

। (એજન્સી) પટના, તા.૧૧ ।

આગામી બિહાર વિધાનસભા ચૂંટણી ૨૦૨૫ માટે મહા ગઠબંધનમાં સામેલ રાષ્ટ્રીય જનતા દળ (RJD) અને કોંગ્રેસ વચ્ચે સીટ વહેંચણીને લઈને ચાલી રહેલી વાટાઘાટો હજુ પણ કોઈ નિષ્કર્ષ પર પહોંચી શકી નથી. છેલ્લા કેટલાક દિવસોમાં મેરેથોન બેઠકો યોજાવા છતાં બંને પક્ષો વચ્ચે પ ાંચ બેઠકો પર ગૂંચવણ યથાવત્ છે. આ વિવાદિત બેઠકોમાં બાયસી, બહાદુરગંજ, રનીગંજ, કહલગાંવ અને સહરસાનો સમાવેશ થાય છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આમાંથી કોઈ પણ પક્ષ એક પણ બેઠક પર સમાધાન કરવા તૈયાર નથી, જેના કારણે વાટાઘાટો ગૂંચવાઈ ગઈ છે. સૂત્રોના મતે, ૨૦૨૦ની વિધાનસભા ચૂંટણીમાં RJDએ રનીગંજ, સહરસા અને બાયસી બેઠકો પરથી ચૂંટણી લડી હતી જ્યારે કોંગ્રેસને કહલગાંવ અને બહાદુરગંજ બેઠક મળી હતી. જોકે, આ પાંચેય બેઠકો પર બંને પક્ષોનો પરાજય થયો હતો.આ દરમિયાન RJD ઈચ્છે છે કે કોંગ્રેસ કહલગાંવ અને બહાદુરગંજ બેઠકો છોડી દે. જ્યારે કોંગ્રેસની માંગ છે કે રનીગંજ, સહરસા અને બાયસી બેઠકો પર ચૂંટણી લડવા મળે. વરિષ્ઠ નેતાઓના હવાલાથી એક અહેવાલમાં જણાવાયું છે કે ગઠબંધનમાં અન્ય સહયોગી પક્ષોની સંખ્યા વધવાથી દરેક પક્ષના ક્વોટામાં કાપ મૂકવો પડી રહ્યો છે.

**પશ્ચિમ રેલવે - અમદાવાદ મંડળ**

ટેન્ડર નંબર આમંત્રિત કરવાઃ GSU-Tele-ADI-01-25-26

રોબના બાંધકામ અને માળખાગત સુવિધાઓના વિકાસ દ્વારા લેવલ ક્રોસિંગ ગેટના નાબૂદી સાથે જોડાણમાં ઉપયોગિતામાં ફેરફાર

ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના વતી કાર્ય કરતા DRM/S અને T ટેન્ડર નંબર GSU-TELE-ADI-01-25-26 માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે. અંતિમ તારીખ/સમય 06/11/2025 15:00 કલાક. બિડર્સ ફક્ત અંતિમ તારીખ અને સમય સુધી તેમની મૂળ/સુધારેલી બિડ સબમિટ કરી શકશે. આ ટેન્ડર સામે મેન્યુઅલ ઓફરને મંજૂરી નથી, અને પ્રાપ્ત થયેલી કોઈપણ મેન્યુઅલ ઓફરને અવગણવામાં આવશે.

કાર્યનું નામઃ અમદાવાદ વિભાગના વિવિધ સ્થળોએ ઈંમ ના બાંધકામ દ્વારા લેવલ ક્રોસિંગ ગેટ નાબૂદ કરવા અને નૂર જાળવણી માટે માળખાગત સુવિધાઓના વિકાસના સંદર્ભમાં ઉપયોગિતા સ્થળાંતર.

કામનો અંદાજિત ખર્ચઃ ૭૮,૦૨,૧૧૫.૦૪/- (સિત્તેર લાખ બે હજાર એકસો પંદર અને ચાર પૈસા માત્ર.)

અર્નેસ્ટ મની ડિપોઝિટઃ ૧૫૬૧૦૦.૦૦/- (રૂપિયા એક લાખ છપ્પન હજાર એકસો માત્ર.)

બંધ થવાની તારીખ અને સમયઃ ૦૬.૧૧.૨૦૨૫ ના ૧૫:૦૦ કલાક પછી નહીં.

ટેન્ડર ખોલવાની તારીખ અને સમયઃ ૦૬.૧૧.૨૦૨૫ ના રોજ ૧૫:૩૦ કલાકે ખુલશે.

ઈ-ટેન્ડરિંગની વેબસાઈટઃ www.ireps.gov.in ADI 183

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

## ન્યૂઝ બ્રિફ

### પોલીસમાં જુદી જુદી ભરતીને બદલે એક સાથે કરવા હાઇકોર્ટનું સૂચન

**। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।**

પોલીસ બેડામાં ખાલી જગ્યાઓ મુદ્દે ચાલી રહેલી સુનાવણીમાં સરકારી વકીલે હાઈકોર્ટને જણાવ્યું હતું કે હાલ પોલીસ ભરતીના પ્રથમ તબક્કામાં સીધી ભરતી પ્રક્રિયામાં PSI ભરતીની ૫૦ હજાર ઉત્તરવહી તપાસાઈ રહી છે, જેનું સિલેક્શન લિસ્ટ નવેમ્બર મહિના જાહેર થશે. હાઈકોર્ટે સરકારી વકીલને સૂચન કર્યુ હતું કે સમાન હોદ્દા પર જુદીજુદી ભરતી કરવાની જગ્યાએ એક સાથે ભરતી પ્રક્રિયા કરવી જોઈએ, જેથી સમય બગડે નહીં અને ખાલી પોસ્ટ જલ્દી ભરાય.આગામી સમયમાં કોન્સ્ટેબલ અને જેલ સિપાહીની ભરતીમાં આ પ્રકારે પરીક્ષા યોજાઈ શકે છે. જેલ સિપાહી માટે કેટલીક લાયકાત અલગ હોય છે. પરંતુ પરીક્ષામાં પ્રાધાન્ય આપીને કોમન ભરતી યોજી શકાય છે. આ સાથે જ આગામી સમયમાં બીજા તબક્કાની ભરતી પ્રક્રિયા શરૂ કરવા જાહેરાત આપવામાં આવશે. કોર્ટ મિત્રે કહ્યું હતું કે વર્તમાન ભરતી પ્રક્રિયામાં PSI અને કોન્સ્ટેબલની ભરતી સાથે કરવામાં આવી હતી. જેમાં કોન્સ્ટેબલનું સિલેક્ટ લિસ્ટ ઓક્ટોબર ૨૦૨૫માં બહાર પાડ્યું છે. જ્યારે PSIનું સિલેક્ટ લિસ્ટ નવેમ્બર ૨૦૨૫માં બહાર પાડવામાં આવશે. હાઈકોર્ટે ટકોર કરી હતી કે પહેલા હાયર પોસ્ટનું પરિણામ બહાર પાડો, પછી લોઅર પોસ્ટનું પરિણામ જાહેર કરવું જોઈએ. લોઅર પોસ્ટમાં સિલેક્ટ થયા બાદ જો ઉમેદવાર હાયર પોસ્ટમાં પણ સિલેક્ટ થાય તો લોઅર પોસ્ટમાં જગ્યાઓ ખાલી પડે છે. પરંતુ પહેલા જ હાયર પોસ્ટમાં સિલેક્ટ ન થયાનું ખબર પડે તો આજના જમાનામાં રોજગારી બધાને જોઈતી હોવાથી તેઓ નોકરી જતી કરતા નથી.

### મોદીનું ગામ વડનગર જોઈને અક્ષય કુમાર થયા પ્રભાવિત

**। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।**

અમદાવાદમાં યોજાનારા ફિલ્મફેર એવોર્ડ્સમાં હાજરી આપવા ગુજરાત આવેલા બોલિવૂડ સુપરસ્ટાર અક્ષયકુમારે આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વતન વડનગરની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેઓ વડનગરના આધ્યાત્મિક અને ઐતિહાસિક વારસાથી ખૂબ પ્રભાવિત થયા અને તેમણે પોતાના અનુભવો ભાવુક શબ્દોમાં વ્યક્ત કર્યા હતા. આજે સવારે વડનગર પહોંચેલા અક્ષયકુમારે સૌપ્રથમ હાટકેશ્વર મહાદેવ મંદિરમાં દર્શન કરી આશીર્વાદ લીધા હતા. સ્વયંભૂ શિવલિંગ અને મંદિરની અદ્ભુત કોતરણી જોઈને તે ખૂબ જ આનંદિત થયા હતા. આ દરમિયાન મીડિયા સાથે વાત કરતા તેમણે કહ્યું કે, "હાટકેશ્વર મંદિરમાં જ્યારે શાંત વાતાવરણ હોય છે ત્યારે તમે ધ્યાનથી સાંભળો તો તમને ધીમે ધીમે અવાજમાં 'ઓમ નમઃ શિવાય' સંભળાય છે. આ અનુભવ અત્યંત શાંતિદાયક છે." તેમણે વધુમાં કહ્યું કે, "પ્રથમવાર વડનગર આવ્યો છું અને અહીંનો સમૃદ્ધ ઈતિહાસ જાણીને હું ખૂબ આનંદિત છું." અક્ષયકુમારે મંદિર દર્શન બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જે શાળામાં અભ્યાસ કર્યો હતો તે પ્રેરણા સ્કૂલની મુલાકાત લીધી હતી. આ શાળામાંથી તેમને મોદીના બાળપણ અને શિક્ષણ વિશે જાણવાનું ગમ્યું હતું. ત્યારબાદ, તેમણે વડનગરના આર્કિયોલોજિકલ મ્યુઝિયમની મુલાકાત લીધી, જ્યાં ઐતિહાસિક અવશેષો અને કલાકૃતિઓ જોઈને તેઓ ગદગદ થઈ ગયા હતા.

મનોજ મુંતશિર લિખિત-નિર્મિત 'મેરા દેશ પહલે' - ધ અનટોલ્ડ સ્ટોરી ઓફ શ્રી નરેન્દ્ર મોદીનો ગુજરાતમાં પ્રથમ પ્રયોગ નિહાળવા યુવાશક્તિ ગિફ્ટ સિટીમાં ઉમટી પડી

# વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના રાષ્ટ્રપ્રથમના ભાવને ઉજાગર કરતી 'મેરા દેશ પહલે'ની પ્રસ્તુતિએ ગુજરાતમાં જગાવી નવા ભારતની ભાવના

## પ્રસિદ્ધ ફિલ્મ અભિનેતા અક્ષય કુમાર સહિત ૨૦૦થી વધુ કલાકારોએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની જીવન યાત્રાના અનેક પહેલુંઓ વર્ણવતી રોમાંચક મ્યુઝિકલ ગાથા પ્રસ્તુત કરી


**। (એજન્સી) ગાંધીનગર, તા.૧૧ ।**

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આકાર લઈ રહેલા નવા ભારતના રૂપાંતરણની રોમાંચક કહાની 'મેરા દેશ પહલે'નો ગુજરાતમાં સૌપ્રથમ ભવ્ય શો શુક્રવારે ગાંધીનગરના ગિફ્ટ સિટીમાં યોજાયો હતો. શ્રી નરેન્દ્રભાઈ મોદીની જન્મભૂમિ વડનગર જ્યાંથી તેમની પ્રેરણાદાયી જીવનયાત્રા શરૂ થઈ અને હવે દેશના વડાપ્રધાન તરીકે તેમણે ભારતને વિશ્વ ગૌરવ અપાવ્યું ત્યાં સુધીની સમગ્ર રોમાંચક સફર તથા રાષ્ટ્રને સમર્પિત તેમના જીવનની વણકહી બાજુઓની પ્રસ્તુતિ માત્ર સાંસ્કૃતિક પ્રસ્તુતિ જ નહિ, રાષ્ટ્રીય જનચેતનાના આંદોલનને પ્રેક્ષકોની નજર સમક્ષ તાદૃશ કરનારી બની રહી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ, ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશ વિશ્વકર્મા, રાજ્યમંત્રી મંડળના મંત્રીશ્રીઓ ઉદ્યોગ વ્યાપાર જગતના અગ્રણીઓ સવશ્રી પંકજ પટેલ, પ્રણવ અદાણી, ટોરેન્ટ પરિવાર, એસોચેમના શ્રી ચિંતન ઠાકર સહિત અનેક ગણમાન્ય અગ્રણીઓ, ઉદ્યોગ-વ્યાપારકારો અને મુખ્ય સચિવ શ્રી પંકજ જોશી સહિતના વરિષ્ઠ સચિવો અને ઉચ્ચ અધિકારીઓએ આ મંચન માણ્યું હતું. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વડનગરની શાળાના સાહસિક વિદ્યાર્થી તરીકે શરૂ થયેલી સફર સોમનાથ-અયોધ્યા રથયાત્રા, કાશ્મીર સુધીની એકતાયાત્રા અને અલગાવવાદીઓની ધમકીનો પડકાર ઝિલી લઈને શ્રીનગરના લાલચોકમાં તિરંગો લહેરાવવા તેમજ વડાપ્રધાનશ્રી તરીકે દેશની સેનાને તેમણે આપેલા માર્ગદર્શનથી ઓપરેશન સિંદૂરની શૌર્યગાથા, રામ મંદિર નિર્માણનો સંકલ્પ સાકાર થવા સહિતના સમગ્ર ઘટનાક્રમનું દ્રશ્ય-શ્રાવ્ય અને સંગીતમય મંચન સૌના આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. લેખક, નિર્માતા અને પ્રસ્તુતકર્તા મનોજ મુંતશિરના રસાળ અને સચોટ સંચાલન સાથે પ્રસિદ્ધ ફિલ્મ અભિનેતા અક્ષય કુમાર સહિત ૨૦૦થી વધુ કલાકારોએ ગિફ્ટ સિટી પરિસરને રાષ્ટ્રભક્તિમય બનાવી દીધું હતું. વિશાળ સંખ્યામાં આ શૉને નિહાળવા ઉમટી પડેલી યુવાશક્તિ અને સમાજ જીવનના અગ્રણીઓની ઉપસ્થિતિએ પુરવાર કર્યુ છે કે, 'મેરા દેશ પહલે' એ માત્ર કોઈ સામાન્ય શૉ નહિં, પરંતુ નવી પેઢીની વિચારધારાનું પ્રતીક બની ગયો છે. 'મેરા દેશ પહલે' - ધ અનટોલ્ડ સ્ટોરી ઓફ શ્રી નરેન્દ્ર મોદીની દેશભરમાં થઈ રહેલી આ પ્રસ્તુતિ એ વાતનું પ્રમાણ છે કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં 'નેશન ફર્સ્ટ'ની ભાવના હવે ઐતિહાસિક સાંસ્કૃતિક આંદોલન બની ગઈ છે તેમાં વડાપ્રધાનશ્રીની વતનભૂમિ ગુજરાતના યુવાઓ સહિત સૌ કોઈ ઉત્સાહથી જોડાઈ રહ્યાં છે.

# ભુવાએ સગીરાની સાથે ડુંગર વિસ્તારમાં શારીરિક સંબંધ બાંધ્યા

**। વલસાડ, તા.૧૧ ।**

વલસાડ જિલ્લામાં હજુ પણ અંધશ્રધ્ધાના નામે દિકરીઓ સાથે અત્યાચાર બંધ થઈ રહ્યા નથી ત્યારે વલસાડ જિલ્લાના એક ગામની બિમાર ૧૪ વર્ષીય સગીરાને સાજી કરવા માતા-પિતા કપરાડાના ભુવા પાસે લઈ ગયા, પરંતુ ભુવાએ એકલતાનો લાભ લઈ ૧૪ વર્ષની સગીરાને આસરોણા ડુંગર પર લઈ જઈ દુષ્કર્મ આચાર્યું હતું સમગ્ર ઘટનાની જાણ કપરાડા પોલીસને થતા ભુવાની ધરપકડ કરી તપાસ હાથ ધરાઈ. વલસાડ જિલ્લાના પારડી તાલુકાના એક ગામની ૧૪ વર્ષની સગીરા છેલ્લા એક મહિનાથી બિમાર રહેતા માતા-પિતા દ્વારા અંધશ્રધ્ધાના કારણે અલગ-અલગ મંદિરો-દરગાહ પર લઈ જઈ પ્રાર્થના કરવામાં આવી રહી હતીદ્વ પરંતુ સગીરા સાજી થઈ ન હતી જેથી માતા-પિતા કંટાળીને પોતાના સગાને પુછતા કપરાડા તાલુક ખાતે આસરોણા ગામ ખાતે રહેતા ભુવના ઘરે લઈ




ગયા હતા. ભુવના ઘરે જ્યાં ભુવા દ્વારા પરિવારને આશ્વાસન આપવામાં આવ્યું હતું કે દીકરીને સાઝી કરવા માટે તમારે ૩ દિવસ સુધી અહીંયા મારા ઘરે રોકાવા પડશે. જેથી ૧૪ વર્ષીય દીકરી અને તેના માતા પિતા ભુવના ઘરે રોકાયા હતા. તે દરમિયાન ભુવા દ્વારા સગીરના એકલતાનો લાભ લઈ સગીરા સાથે દુષ્કર્મ કરવામાં આવ્યું હતું. સગીરા દ્વારા આ સમગ્ર મામલે ૧૮૧ અભયમની ટીમને જાણ કરવામાં આવતા અભયમની ટીમ તાત્કાલિક દિકરીનો સંપર્ક કરી ભુવાની ધરપકડ કરી હતી. પોલીસ પકડમાં ઉભેલા આ આરોપીનું નામ છે શંકરભાઈ તડવી. શંકરભાઈ તડવી કપરાડા તાલુકાના આસરોણા ગામ ખાતે રહે છે અને આસરોણા ગામ તથા આજુ બાજુના ગામ ખાતે ભગત ભુવા તરીખે પ્રસિદ્ધ હોવાથી આસપાસના લોકો શંકરભાઈ ત્યાં અલગ અલગ સમસ્યાઓ લઈ આવતા હતા. શંકરભાઈ ભુવા અંગે પારડી તાલુકાના પરિવાર ને સગા દ્વારા જાણ થતાં પોતાની ૧૪ વર્ષની બીમાર દીકરીને સારવાર માટે ભુવાના ત્યાં લઈ ગયા હતા. જે દરમિયાન શંકરભાઈ ભુવાએ પરિવારને પોતાના ઘરે ત્રણ દિવસ સુધી રોકાયાને દેવોને પ્રાર્થના કરવા જણાવ્યું હતું. જે દરમિયાન આ ભુવા દ્વારા દિકીરીની એક્લતાનો લાભ લઈ અલગ-અલગ વિસ્તારમાં લઈ જઈ આસરોણા ડુંગર વિસ્તારમાં દુષ્કર્મ કર્યુ હતું દીકરી જયારે પરત આવી ત્યારે ૧૮૧ અભયમની ટીમને કોલ કર્યો હતો.અભયમની ટીમે પુછપરછ કરતાં દીકરીની માતાએ આસરોણાના શંકરભાઈ તડવીનું નામ આપતાં સમગ્ર મામલો બહાર આવ્યો હતો.

ગુજરાત ઉના સામૂહિક બળાત્કાર કેસમાં કાર્યવાહી

# મરીન પોલીસે દરિયામાં ૨૫ કિમી અંદર જઈને ગેંગરેપના આરોપીને ઝડપ્યા

### ત્રણ પુરુષોએ એક મહિલા પર બે વાર સામૂહિક બળાત્કાર કર્યો હતો : ગુનો કર્યા પછી આરોપીઓ ભાગી ગયા



**। (એજન્સી) ગીર સોમનાથ, તા.૧૧ ।**

ગીર સોમનાથ જિલ્લામાં એક મહિલા પર સામૂહિક બળાત્કાર થયો હતો. ગીર સોમનાથ પોલીસે ક્રૂરતાના ગુનેગારોને પકડવા માટે એક ચોંકાવનારું પગલું ભર્યું. ઘટનાસ્થળેથી ભાગી ગયા બાદ તેમણે દરિયાની વચ્ચે આરોપીઓને પકડી પાડ્યા.

ગુજરાતના ઈતિહાસમાં પહેલીવાર પોલીસે આવી સિદ્ધિ હાંસલ કરી છે, જેની ખુદ ડીજીપી વિકાસ સહાયે પ્રશંસા કરી હતી. રાજ્યના ગીર સોમનાથ જિલ્લામાં ત્રણ પુરુષોએ એક મહિલા પર બે વાર સામૂહિક બળાત્કાર કર્યો હતો. ગુનો કર્યા પછી, આરોપીઓ ભાગી ગયા. પોલીસ તેમને દરેક શક્ય રીતે શોધી રહી હતી. શુક્રવારે, પોલીસને મરીન કંટ્રોલ રૂમ તરફથી વાયરલેસ સંદેશ મળ્યો. તેમની કાર્યવાહી ગુજરાત પોલીસના ઈતિહાસમાં અંકિત થશે. સામૂહિક બળાત્કારના આરોપીઓને પકડવા માટે, તેઓ જમીન છોડીને ૨૫ કિલોમીટર દરિયામાં ભાગી ગયા હતા. આરોપીઓએ મહિલાને ઘરે છોડી દેવાનું વચન આપીને પોતાની વાસનાનો શિકાર બનાવી હતી. ગીર સોમનાથ જિલ્લામાં સામૂહિક બળાત્કારની ઘટનામાં પોલીસે કડક કાર્યવાહી કરી છે. પાલડી જિલ્લાના ઉના નજીક આવેલું એક ગામ છે. પાલડીથી ૨૦ કિલોમીટર દૂર આવેલા નવબંદર ગામના રહેવાસી ત્રણ આરોપીઓએ મહિલા પર અત્યાચાર ગુજાર્યો હતો. ગુનો કર્યા પછી તેઓ ભાગી ગયા હતા. તેમણે મહિલાને છોડી દેતા પહેલા ધમકી પણ આપી હતી અને ચેતવણી આપી હતી કે જો તે કોઈને કહેશે તો તે વિનાશકારી બનશે. જોકે, જ્યારે મહિલાને પેટમાં દુખાવો થયો ત્યારે તેણે આખી ઘટના ડોક્ટરોને જણાવી. આના કારણે ગેંગરેપનો પર્દાફાશ થયો.

ત્યારબાદ પોલીસ આરોપીઓને શોધી રહી હતી. ગુજરાતના ઈતિહાસમાં આ પહેલી વાર બન્યું છે કે પોલીસે આરોપીને દરિયાની વચ્ચે પકડી લીધો છે. મહિલા પર ગેંગરેપ કર્યા પછી આરોપી માછીમારી કરવા ગયો હોવાની માહિતી પોલીસને મળ્યા બાદ આ સમગ્ર કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે મહિલા સામે ગુનો કર્યા પછી, આરોપી નવબંદરના કાંતિભાઈ વાજાની બોટમાં દરિયામાં ભાગી ગયો હતો. પોલીસે મરીન કંટ્રોલ રૂમ તરફથી વાયરલેસ સંદેશ જારી કરીને દરિયામાં તોફાનની ચેતવણી આપી હતી. ત્યારબાદ, બધી બોટ પરત ફરી ગઈ. દરિયો હોવાથી આરોપી કિનારે ભાગી શક્યા નહીં. પરિણામે, ગીર સોમનાથ જિલ્લાના નવાબંદર પોલીસ સ્ટેશન, મરીન કર્મચારીઓ સાથે, એક બોટ લઈને દરિયામાં ગયા. અંતે, રાત્રિના અંધારામાં, પોલીસ આરોપીઓને લઈ જતી બોટ સુધી પહોંચી. મરીન પોલીસે નરેન્દ્ર બારિયા ઉર્ફે એકમાનો કાલીયો અને સંજય મજેઠિયા ઉર્ફે કબુતરની ધરપકડ કરી. ત્રીજો આરોપી બીજી બોટ પર મળી આવ્યો. રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવી અને રાજ્ય પોલીસ વડા ડીજીપી વિકાસ સહાયે ગીર સોમનાથના પોલીસ અધિક્ષક જયદીપસિંહ જાડેજા અને તેમની ટીમની પ્રશંસા કરી.

## ઘોડાસરની ઇમેજ સ્કૂલમાં બાકી ફી મામલે શિક્ષકે વિદ્યાર્થીને લાફા માર્યા

**। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।**

ઘોડાસરમાં આવેલી ઈમેજ સ્કૂલ દ્વારા વિદ્યાર્થીની બાકી ફી મુદ્દે લાફા મારી દીધા હોવાની ઘટના સામે આવી છે. આ ઉપરાંત વાલી અને વિદ્યાર્થી સાથે યોગ્ય વ્યવહાર કરવામાં આવ્યો ન હોવાની ફરિયાદ ઊઠી છે. આ અંગે વાલી દ્વારા નારોલ પોલીસ મથકે અરજી કરવા ઉપરાંત અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારીને પણ લેખિતમાં રજૂઆત કરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ઈસનપુર ખાતે રહેતા જગદીશ સોની ઘરઆંગણે સોની કામ કરી પોતાનું ગુજરાન ચલાવે છે. તેમના બે બાળકો ઘોડાસરમાં આવેલી ઈમેજ સ્કૂલમાં અભ્યાસ કરે છે. જોકે, ચાલુ વર્ષે તેમને ધંધામાં મંદી આવતા તેઓ બાળકોની ફી ભરી શકે તેવી સ્થિતિમાં ન હોવાથી તેમણે સ્કૂલના મેનેજિંગ ટ્રસ્ટીને મળીને પોતાની સ્થિતિ જણાવી ફી ભરવા સક્ષમ ન હોવાનું કહ્યું હતું. જેથી મેનેજિંગ ટ્રસ્ટીએ તેમની ૫૦ ટકા ફી માફ કરી હતી અને બાકીની ૫૦ ટકા ફી આવતા વર્ષના સત્રમાં ભરવા માટે ગ્રાહ્ય રાખી હતી. જોકે, આ વાત થયા બાદ પણ છેલ્લા પંદર દિવસથી વાલી પાસે સતત ફીની માગણી કરવામાં આવી હતી. આ દરમિયાન ૪ ઓક્ટોબરના રોજ તેમના બાળક પાસે ક્લાસ ટીચર હિનાબેન ચૌધરીએ ફીની માગણી કરી હતી, પરંતુ તેમના બાળક પાસે કોઈ જવાબ ન હોવાથી શિક્ષકે તેને બે લાફા મારી દીધા હતા. ત્યારબાદ બાળકે ઘરે આવીને પિતાને વાત કરી હતી. જેથી ૬ ઓક્ટોબરે તેઓ આચાર્યને મળવા સ્કૂલમાં ગયા હતા, પરંતુ આચાર્ય મળ્યા નહોતા. જેથી તેઓ ૭ ઓક્ટોબરના રોજ ફરી સ્કૂલમાં ગયા અને આચાર્યને મળ્યા હતા. જેથી તેમણે વાલીને ઝઝ્રફ ફૂટેજ બતાવ્યા હતા, પરંતુ તેમાં કશું દેખાયું ન હતું. જેથી વાલીને ફૂટેજમાં છેડછાડ થઈ હોવાનું લાગ્યું હતું. આ ઘટના બાદ તેઓ ૯ ઓક્ટોબરે મેનેજિંગ ટ્રસ્ટીને મળવા ગયા ત્યારે ટ્રસ્ટીએ પણ તેમને ફી તો ભરવી પડશે, ન ભરી શકતા હોય તો લિવિંગ સર્ટિફિકેટ લઈ જાવ તેમ જણાવ્યું હતું.

# મામાએ ભાણેજના ૭ ટુકડા કરી ખાડીમાં ફેંકી દીધા, ગુજરાતમાં પણ ડ્રમવાળી થઈ!

**। સુરત, તા.૧૧ ।**

સુરત શહેરના ઉધના વિસ્તારમાં ભાઠેના શિવ શક્તિ સોસાયટીમાં રહેતા મામા-ભાણેજના સંબંધોને શર્મસાર કરતો એક સનસનાટીભર્યો બનાવ સામે આવ્યો છે. અહીં ધંધાની અદાવતને લઈને મામા મોહમ્મદ ઈતેકાર વાજીએ પોતાના ૨૫ વર્ષીય ભાણેજ અમીર આલમની ઘાતકી હત્યા કરી નાખી અને બાદમાં તેના શરીરના ટુકડા કરીને ખાડીમાં ફેંકી દીધા હતા. પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, મૂળ બિહારના વતની મામા મોહમ્મદ ઈતેકાર વાજી અને ભાણેજ અમીર આલમ છેલ્લા ૧૫ વર્ષથી સુરતમાં રહેતા હતા. બંને છેલ્લા બે વર્ષથી સિલાઈ મશીનનું ભાગીદારીમાં કારખાનું ચલાવતા હતા. એક મહિના પહેલા જ મામા ભાગીદારીમાંથી અલગ થઈ ગયા હતા. આરોપી મામાએ મૃતક અમીર આલમને હિસાબ કરવા જણાવ્યું હતું. પરંતુ દિવાળીના કામમાં ભાણેજ હોવાથી હિસાબ પછી કરવાનું જણાવ્યું હતું.જે વાતને લઈને બંને વચ્ચે ઝઘડો થતો હતો. આ જ અદાવતને કારણે મામા




મોહમ્મદ ઈતેકારે ઘાતકી કૃત્ય કરવાનું નક્કી કર્યું. મામાએ ભાણેજની હત્યા કરવા પહેલાં સતત એક મહિના સુધી સર્ચ કર્યુ હતું કે ભાણેજની હત્યા કઈ રીતે કરી શકાય અને તેના પુરાવાનું નાશ કરી પોલીસથી બચી શકાય. જ્યારે ભાણેજ અમીર આલમ ઘરમાં ઊંઘી રહ્યો હતો, ત્યારે મામાએ હથોડા વડે તેના પર હુમલો કર્યો. આ હુમલામાં ભાણેજનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. હત્યા કર્યા બાદ મામાએ બીજા દિવસે ભાણેજ અમીર આલમની લાશના પાંચ ટુકડા કર્યા હતા. આ ટુકડાઓને એક થેલીમાં ભરીને ઘર પાસે આવેલી ખાડીમાં ફેંકી દીધા હતા. મૃતક અમીર આલમ ત્રણ દિવસથી ઘરે નહીં દેખાતા તેના નાના ભાઈ પરવેઝ મોહમ્મદ આલમ મુક્તાર મોહમ્મદ આલમે ઉધના પોલીસ સ્ટેશનમાં ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ નોંધાયાની જાણ થતાં જ આરોપી મામા મોહમ્મદ ઈતેકાર પોતાનો મોબાઈલ બંધ કરીને ભાગી ગયો હતો. પોલીસને મામા પર શંકા જતાં તેમણે તપાસના ચક્રો ગતિમાન કર્યા અને આરોપી મામાને ઉધના વિસ્તારમાંથી ઝડપી પાડ્યો. ભાણેજના શરીરના ટુકડાઓને બોરીમાં ભરી ક્રુર મામાએ રીક્ષા મારફતે લઈ જઈ ખાડીમાં ફેંકી દીધા હતા. હજી સુધી મૃતક ભાણેજની લાશના ટુકડા મળ્યા નથી. મામાએ પોતાના જ ઘરના બાથરૂમમાં ભાણેજના લાશના ટુકડા કર્યા હતા. ત્યારે હત્યામાં વપરાયેલ ચપ્પુ પરથી મૃતકનું બ્લડ મળી આવ્યું છે. મામાએ લાશના ટુકડાને ૫ અલગ અલગ પોટલામાં ભર્યા હતા અને બે ફેરામાં ખાડીમાં પોટલાં નાંખ્યા હતા. હજી સુધી ફાયર બ્રિગેડની ટીમને મૃતકના શરીરનો કોઈ ભાગ મળ્યો નથી. જે ખાડીમાં ટુકડા નંખાયા, તે ખાડી ઉભરાટ સુધી જાય છે. ફાયર અને પોલીસની ટીમ ઉભરાટ સુધી લાશની શોધખોળ કરશે. ખાડી અંદાજિત ૩૫ કિલોમીટરની લંબાઈ ધરાવે છે.







## કાચના કોટિંગવાળા દોરા (માંજા) પર કોર્ટનું સખત વલણ

**। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।**

ગુજરાત હાઈકોર્ટે આગામી ઉત્તરાયણના તહેવારને ધ્યાનમાં રાખીને, પતંગ ઉડાડવા માટે વપરાતા કાચના કોટિંગવાળા તમામ દોરા (માંજા) પરના પ્રતિબંધને ફરીથી ભારપૂર્વક સમર્થન આપ્યું છે. કોર્ટે સ્પષ્ટ ટિપ્પણી કરી છે કે આ પ્રકારના દોરા માનવ જીવન, પશુ-પક્ષીઓના કલ્યાણ અને પર્યાવરણ માટે ગંભીર જોખમ ઊભું કરે છે, અને મનોરંજન પ્રવૃત્તિઓ કરતાં જાહેર સુરક્ષા સર્વોચ્ચ છે. મુખ્ય ન્યાયાધીશ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની ખંડપીઠે રાજ્ય સરકાર અને પોલીસને પ્રતિબંધનું સખત પાલન કરાવવા માટે તાત્કાલિક અને અસરકારક પગલાં લેવાનો આદેશ આપ્યો છે. સરકારે દાવો કર્યો કે અત્યાર સુધીમાં 609 FIR દાખલ કરીને 612 થી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી છે, પરંતુ કોર્ટે આનાથી સંતોષ ન વ્યક્ત કરતાં જમીની સ્તર પર કડક અમલ પર ભાર મૂક્યો છે. ગુજરાત હાઈકોર્ટે ઉત્તરાયણ પર્વ દરમિયાન પતંગ ઉડાડવામાં ઉપયોગમાં લેવાતા દોરા અંગે સખત વલણ અપનાવ્યું છે. કોર્ટે સ્પષ્ટતા કરી છે કે સરકારી ઠરાવ મુજબ નાયલોન અને પ્લાસ્ટિકની દોરી ઉપરાંત કાચના કોટિંગવાળા સુતરાઉ દોરા (જેને સ્થાનિક ભાષામાં માંજા કહેવામાં આવે છે) પર પણ સંપૂર્ણ પ્રતિબંધ લાગુ પડે છે. કોર્ટે આ પ્રતિબંધને ફરીથી સમર્થન આપતા જણાવ્યું કે, કાચના કોટિંગવાળા દોરાને કારણે થતી ઈજાઓ અને મૃત્યુના બનાવો માનવ જીવન માટે ગંભીર ખતરો છે, સાથે જ તે પશુ-પક્ષીઓ અને સમગ્ર પર્યાવરણને નુકસાન પહોંચાડે છે. કોર્ટે ભારપૂર્વક જણાવ્યું કે કોઈ પણ મનોરંજન પ્રવૃત્તિઓ કરતાં જાહેર સુરક્ષા અને કલ્યાણ સર્વોપરી છે.

ચાર ઘટનાએ ગામ ગજવ્યું!

# ભાજપમાં આંતરિક જુથવાદનો દાવાનળ આગની જેમ ફેલાયો

## સુરત, રાજકોટ, પાટણ અને વાપીમાં બનેલી ઘટનાઓને કારણે ભારતીય જનતા પાર્ટીની છબી ખરડાઈ છે

**। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।**

ભાજપ આમ તો શિસ્તબદ્ધ પાર્ટી ગણાય છે. પરંતું છેલ્લા કેટલાક સમયથી શિસ્તબદ્ધ પાર્ટીમાં દબાયેલા અવાજો માથા ઉચકી રહ્યાં છે. પક્ષમાં એક સાંધો ત્યાં તેર તૂટે જેવો ઘાટ સર્જાયો છે. પરંતું ક્યાં ક્યાં અને કેટલુ જોડશે ભાજપ. આંતરિક જુથવાદમાં વધુને વધુ માથા ઉભા થઈ રહ્યા છે. મેન્ડેટના વિરોધ તો સૌ જાણે છે. પરંતુ હવે જિલ્લાઓના સંગઠનમાં પણ ઓલ ઈઝ નોટ વેઝ જેવો મેસેજ જઈ રહ્યો છે. આગામી સમયમાં ચૂંટણી આવવાની છે. ત્યારે ચૂંટણી પહેલા જ ગુજરાત ભાજપમાં નવા ખેલ જોવા મળી રહ્યાં છે. શિસ્તબદ્ધ પાર્ટીમાં હવે લાફાવાળી, મારામારી થવા લાગી છે. એકબીજા પર આક્ષેપો પ્રતિઆક્ષેપો થઈ રહ્યાં છે. સુરત, રાજકોટ, પાટણ અને તાપીમાં બનેલી હાલની ઘટનાઓને કારણે પક્ષમાંનો આંતરિક વિવાદ બહાર આવ્યો છે. સુરતમાં મારામારી : શહેરના રાજકારણમાંથી એક ચોંકાવનારા સમાચાર વાયુવેગે ફેલાયા હતા. જ્યાં ભાજપના બે નેતાઓ વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ મારામારીની ઘટના બની છે. આ ઝઘડામાં ખજાનચી શૈલેષ જરીવાલા અને કાર્યકર્તા દિનેશ સાવલિયા સામસામે આવી ગયા હતા, અને મામલો એટલો વણસ્યો કે દિનેશ સાવલિયાએ ખજાનચી શૈલેષ જરીવાલાને જાહેરમાં લાફો ઝીંકી દીધો હતો રાજકોટ ભાજપમાં કકળાટ : ગુજરાતમાં સૌથી વધુ કકળાટ ક્યાંય હોય તો તે રાજકોટ ભાજપ છે. અહીં પક્ષમાં લાંબા સમયથી કોઈને કોઈ વચ્ચે તકરારો ચાલતી રહે છે. રાજકોટમાં મેયર અને ધારાસભ્ય વચ્ચે તું તું મેં મેં થયું છે. દિવાળી કાર્નિવલના આમંત્રણ કાર્ડ મામલે બંને મહિલા નેતાઓ વચ્ચે શાબ્દિક બોલાચાલી થઈ હતી. સ્વચ્છ દર્શિતા શાહ અને મેયર નયના પેઢડિયા વચ્ચે શહેર ભાજપ પ્રમુખની હાજરીમાં જ માહોલ ગરમાયો હતો. મેયરે ધારાસભ્યને તુંકારો દેતા મામલો વધુ ગરમાયો હતો.